सत्यमेव जयते

કેસ પ્રાપ્તિ તારીખ : ૨૫–૧૧–૨૦૨૩
કેસ દાખલ તારીખ : ૨૫–૧૧–૨૦૨૩
કેસ નિર્ણીત તારીખ: ૦૧–૦૫–૨૦૨૬
અવધી : વર્ષ માસ દિવસ.

## પોરબંદરના મ્હે. સ્પેશ્યલ (ધી પ્રોટેકશન ઓફ ચીલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સીસ એકટ) જજ સાહેબની અદાલતમાં

સ્પે. (પોકસો) કેસ નં.૨૦ /૨૦૨૩
આંક :

(૧) ધી સ્ટેટ ઓફ ગુજરાત

(૨) ધીરૂભાઈ બાબુભાઈ સાદીયા .......... ફરીયાદી.

**વિરુધ્ધ**

(૧) આફરીન અસગર કાદરી
ઉ.વ.૨૪, રહે.રાણાવાવ સાંકળીવાડી બાગ,
તા.રાણાવાવ જી.પોરબંદર

(૨) અવેશ ઉર્ફે મામદ મહમદહનીફ બાનવા
ઉ.વ.૨૩, રહે.રાણાવાવ ખોજાવાડ,
ઈબ્રાહિમશા મસ્જીદની બાજુમાં,
તા.રાણાવાવ જી.પોરબંદર ......... આરોપીઓ.

ગુન્હો :– આઈ.પી.સી. કલમ–૩૭૬(૨)(જે), ૩૭૬(૩), ૩૬૩, ૩૬૬, ૫૦૬(૨), તથા એટ્રોસીટી એકટની કલમ–૩(૧)(ડબલ્યુ)(૧), ૩(૧)(ડબલ્યુ)(૨), (૩)(૨) (૫–એ), ૩(૨)(૫) તથા પોકસો એકટ કલમ–૪,૬, ૮, ૧૯, ૨૧તથા જીપીએકટ કલમ–૧૩૫ મુજબ

---

**ફરીયાદ પક્ષે વિ. સરકારી વકીલશ્રી એસ. બી. જેઠવા તથા નં.૨ તરફે કે.એમ.સાદીયા**
**આરોપી નં.૧ તરફે વિ.વકીલશ્રી બી. બી. લાખાણી.**
**આરોપી નં.૨ તરફે વિ. વકીલશ્રી એસ.ડી.જોખીયા**

---

**–:: ચુકાદો ::–**

(૧) પોકસો એકટના કાયદાની કલમ–૩૩(૭) તથા કલમ–૩૭ ના પ્રબંધો મુજબ ટ્રાયલ દરમ્યાન બાળકની ઓળખ જાહેર થવી ન જોઇએ. જેથી આ ચુકાદામાં ભોગ બનનાર બાળકનું નામ જાહેર કરેલ નથી અને બાળકના નામને બદલે બાળકને '' ભોગ બનનાર '' તરીકે સંબોધવામાં આવેલ છે. તથા ટ્રાયલ ઈન–કેમેરા ચલાવવામાં આવેલ છે. હાલના કેસમાં ભોગ બનનાર ૨(બે) સગીર બાળકીઓ છે જેથી ફરીયાદીની દિકરી ભોગ બનનાર(રેપ વીકટીમ) ને તેના નામનો પ્રથમ અક્ષર (ટી) તરીકે સંબોધેલ છે તથા બીજા ભોગ બનનારને તેના પિતાના નામનો પ્રથમ અક્ષર (એ) તરીકે સંબોધેલ છે જેથી ચુકાદો વાંચવા સમયે સમજવામાં સરળતા રહે.

(૨) આ કામના આરોપીઓ વિરુધ્ધ રાણાવાવ પોલીસ સ્ટેશનમાં ફરિયાદી ધ્વારા જાહેર કરવામાં આવેલી ફરીયાદ આધારે ગુ.ર.નં.એ–૧૧૨૧૮૦૧૫૨૩૦૫૯૭/૨૩ થી ભારતીય દંડ સંહીતાની કલમ–૩૭૬(૨)(જે), ૩૭૬(૩), ૩૬૩, ૩૬૬, ૫૦૬(૨), તથા એટ્રોસીટી એકટની કલમ–૩(૧) (ડબલ્યુ) (૧), ૩(૧) (ડબલ્યુ) (૨), ૩(૨)(૫–એ), ૩(૨)(૫) તથા પોકસો એકટ કલમ–૪,૬, ૮, ૧૯, ૨૧ તથા જીપીએકટ કલમ–૧૩૫ વિગેરે મુજબના ગુન્હા અંગેનું ચાર્જશીટ તપાસ કરનાર અમલદારે ફાઇલ કરતાં હાલનો સ્પેશ્યલ કેસ ઉપસ્થિત થયેલો છે.

**ફરીયાદ પક્ષનો કેસ :**

(૩) આ કામના ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ ગઇ તા.૦૬/૧૦/૨૦૨૩ ના આશરે કલાક–૧૫/૩૦ વાગ્યે આ કામના ફરિયાદીની દિકરી ભોગબનનાર(ટી) તથા આ કામના સાહેદ નં. (૧૭) ભોગ બનનાર(ટી) અનુસૂચિત જાતી, ઉ.વ.૧૪ વર્ષ, ૦૫ માસ, (જન્મ તારીખ–૦૬/૦૫/૨૦૦૯) નાઓ ટ્યુશનમાં જતા હતા ત્યારે રાણાવાવ સ્વામીનારાયણ સ્કુલવાળી ગલીમાં આવતાં તમો આરોપી નં.(૧) ના હિરો સ્પલેન્ડર પ્લસ મોટર સાયકલ લઇને આવેલ અને કહેલ કે, ભોગ બનનાર(એ) મમ્મીને મજા નથી અને દવાખાને દાખલ કરેલ છે અને તેને બાટલા ચડે છે, તમે બેય મારી સાથે મોટર સાયકલમાં બેસી જાવ, તમને દવાખાને મુકી જાવ" તેમ કહી ભોગ બનનાર (ટી) તથા (એ)ને પોતાની મોટર સાયકલમાં બેસાડી, તમો આરોપીએ પોતાની પાસે છરી છે, તમે કાંઇ બોલતી નહી, ચુપચાપ બેઠી આવો તેમ કહી ફરિયાદીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી, રાણાવાવ પાંવની સીમમાં અવાવરૂ જગ્યાએ લઇ જઇ બન્ને ભોગ બનનારને "મારી સાથે શરીર સબંધ બાંધવો પડશે, નહીંતર તમને બન્નેને બદનામ કરી જાનથી મારી નાંખીશ" તેમ ધમકી આપી ભોગ બનનાર (ટી) ને જાળી–જાંખરામાં લઇ જઇ તેણીની સાથે બળજબરી પૂર્વક શરીર સંબંધ બાંધી, બન્ને ભોગ બનનારને અવાવરૂ જગ્યાએ મુકી નાશી જઈ, જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી પોરબંદરના હથીયાર બંધી જાહેરનામાનો ભંગ કરી ગુન્હો કરેલ તથા તમો આરોપી નં.(૧) નાએ સદર ગુન્હો કર્યા બાદ તમો આરોપી નં.(૨) ને જાણ કરતા તમો આરોપી નં.(૨) નાએ તમો આરોપી નં. (૧) ને પોતાના હસ્તકની પ્યાગો રીક્ષા રજી.નં. GJ–25–U–6488 માં બેસાડી ધોરાજી સુધી મુકી આવી, તમો આરોપી નં.(૧) નાએ ગુન્હો કરેલ હોવાની પુરતી જાણકારી હોવા છતાં અને તે કઇ જગ્યાએ છે તે બાબતની માહીતી આરોપી નં.(૨) ના એ ઇરાદાપુર્વક છુપાડેલ હોય તે

મતલબના આક્ષેપ સાથે ફરીયાદીએ આરોપી વિરુધ્ધ ફરીયાદ આપેલ છે.

**પોલીસ તપાસ :**

(૪) ફરીયાદી ધ્વારા ઉપરોકત હકીકતે કિર્તીમંદિર પોલીસ સ્ટેશનમાં ફરિયાદી ધ્વારા જાહેર કરવામાં આવેલી ફરીયાદ આધારે ગુ.ર.નં.એ–૧૧૨૧૮૦૧૫૨૩૦૫૯૭/૨૩ થી ભારતીય દંડ સંહીતાની કલમ–૩૭૬(૨)(જે), ૩૭૬(૩), ૩૬૩, ૩૬૬, ૫૦૬(૨), તથા એટ્રોસીટી એકટની કલમ–૩(૧) (ડબલ્યુ) (૧), ૩(૧) (ડબલ્યુ) (૨), ૩(૨)(૫–એ), ૩(૨)(૫) તથા પોકસો એકટ કલમ–૪,૬, ૮, ૧૯, ૨૧ તથા જીપીએકટ કલમ–૧૩૫ મુજબની ફરીયાદ દાખલ કરવામાં આવેલ. ત્યારબાદ આ કામના તપાસ કરનાર અધિકારીશ્રી ધ્વારા ઉપરોકત ગુન્હાના કામે તપાસની કાર્યવાહી હાથ ધરી, લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઇ, જરુરી પંચનામાઓ કરેલા તેમજ તપાસની સંપુર્ણ કાર્યવાહીના અંતે હાલના આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો જણાય આવતા અત્રેની સ્પેશ્યલ કોર્ટમાં ચાર્જશીટ કરવામાં આવેલ. જે અત્રેની અદાલત ધ્વારા રજીસ્ટરે લઇ સ્પે. કેસ નં. ૨૦/૨૦૨૩ થી નોંધવામાં આવેલ છે.

**ચાર્જ અને પ્લી :**

(૫) આરોપીઓને અત્રેની કોર્ટમાં હાજર કરવામાં આવતા તેઓને પોલીસ પેપર્સની નકલો પુરી પાડી, મારા પુરોગામી ન્યાયાધિશ સાહેબશ્રી ધ્વારા આક–૨૯ થી તેઓ વિરુધ્ધ આક્ષેપાયેલા ગુન્હાઓ સબંધેનું

તહોમતનામુ ઘડી, તે આરોપીને વાંચી સંભળાવી, સમજાવતા આરોપીઓએ પોતાના આંક–૩૦ તથા આંક–૩૧ ના જવાબમાં ગુન્હો નાકબુલ કરી પોતે પોતાનો બચાવ ખાનગી વકીલ રોકી કરવા માંગતા હોવાનું જાહેર કરેલ હતુ અને તેથી ત્યારબાદ આ કામ ફરીયાદ પક્ષના પુરાવા ઉપર રાખવામાં આવેલ.

**ફરીયાદ પક્ષના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ :**

(૬) ફરિયાદપક્ષ તરફે નીચે મુજબના મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરવામાં આવેલા છે.

**મૌખિક પુરાવા :–**

| અ.નં. | સાહેદનું નામ | સાહેદનો દરજ્જો. | આંક |
|---|---|---|---|
| ૧. | ભોગબનનાર | –– | ૩૪ |
| ૨. | ભોગબનનાર | –– | ૪૧ |
| ૩. | ધીરૂભાઇ બાબુભાઇ સાદીચા | ફરીયાદી | ૪૪ |
| ૪. | નીતાબેન ધીરૂભાઇ સાદીચા | સાહેદ | ૪૬ |
| ૫. | ડો.નીલેષભાઇ સામતભાઇ મકવાણા | મેડીકલ ઓફીસર | ૫૧ |
| ૬. | ડો.નચનભાઇ રાજેશભાઇ કરમટા | મેડીકલ ઓફીસર | ૯૫ |
| ૭. | નાગાજણભાઈ કાનાભાઈ ખુંટી | સાહેદ | ૧૧૩ |
| ૮. | અર્જુનભાઈ હોથીભાઈ રાણાવાચા | સાહેદ | ૧૧૫ |
| ૯. | કિરીટભાઈ બટુકભાઈ વિસાણા | સાહેદ | ૧૨૨ |
| ૧૦. | દિવ્યેશભાઈ લાલગર મેઘનાથી | સાહેદ | ૧૨૪ |
| ૧૧. | મહેશ તુલસીદાસ ઘનવાણી | સાહેદ | ૧૩૪ |
| ૧૨. | માલદેભાઈ રાજાભાઈ જોડ | સાહેદ | ૧૩૮ |
| ૧૩. | બાબુભાઈ ડાયાભાઈ પુરોહીત | સાહેદ | ૧૪૦ |
| ૧૪. | માયાબેન ઈશ્વરદાસ ગોંડલીચા | સાહેદ | ૧૪૪ |

| | | | |
|---|---|---|---|
| ૧૫. | હેમતભાઈ પીઠાભાઈ રાઠોડ | સાહેદ | ૧૪૮ |
| ૧૬. | નરેન્દ્રભાઈ સામતભાઈ ચૌહાણ | સાહેદ | ૧૫૧ |
| ૧૭. | પરેશકુમાર દાનસિંગભાઈ જાદવ | સાહેદ | ૧૬૨ |
| ૧૮. | સુરજીત ધનશ્યામભાઈ મહીડુ | પોલીસ સાહેદ | ૧૬૮ |

## દસ્તાવેજી પુરાવા :–

| અ.નં. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧. | ભોગ બનનારનું સી.આર.પી.સી. કલમ–૧૬૪ મુજબનું જજ સાહેબ સમક્ષનું નિવેદન | ૪૩ |
| ૨. | ફરીયાદ | ૪૫ |
| ૩. | ભોગબનનારનું ઓ.પી.ડી કેસ પેર્પસ | ૫૨ |
| ૪. | પોલીસ યાદી | ૫૩ |
| ૫. | કોમ્પ્યુટરાઈઝ ઈન્જરી સર્ટી. | ૫૪ |
| ૬. | પોલીસ યાદી | ૯૬ |
| ૭. | અસલ ઓ.પી.ડી કેસ પેપર | ૯૭ |
| ૮. | પ્રફોર્માની ઓ.સી. | ૯૮ |
| ૯. | ભોગબનનારનો મેડીકલ પેપર | ૯૯ |
| ૧૦. | ભોબગનનારને આગળની તપાસ માટે ગાયનોકોલોજીસ્ટ ભાવસિંહજી હોસ્પીટલ પોરબંદર ખાતે રીફર કરેલા. જેની ઓફીસ કોપી | ૧૦૦ |
| ૧૧. | ભોગબનનારના ફોટા સાથેનું ડીએનએ આઈડીટીફીકેશન ફોર્મ | ૧૦૧ |
| ૧૨. | પોલીસ યાદી | ૧૦૨ |
| ૧૩. | અસલ ઓ.પી.ડી કેસ પેપર | ૧૦૩ |

| | | |
|---|---|---|
| ૧૪. | પ્રફોર્માની ઓ.સી. | ૧૦૪ |
| ૧૫. | આરોપીનું મેડીકલ પેપર | ૧૦૫ |
| ૧૬. | ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૬૪ મુજબનુ નિવેદન | ૧૧૪ |
| ૧૭. | ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૬૪ મુજબનુ નિવેદન | ૧૧૬ |
| ૧૮. | ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૬૪ મુજબનુ નિવેદન | ૧૨૩ |
| ૧૯. | ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૬૪ મુજબનુ નિવેદન | ૧૨૫ |
| ૨૦. | જાતીના દાખલાની નોંધ કરવામાં આવેલ તે અસલ રજીસ્ટર | ૧૩૫ |
| ૨૧. | જાતી અંગેનુ પ્રમાણપત્ર કાઢી આપેલ તેની નકલ | ૧૩૬ |
| ૨૨. | ભોગબનનાર નં.૨ નુ જાતી અંગેનુ પ્રમાણપત્ર કાઢી આપેલ તેની નકલ. | ૧૩૭ |
| ૨૩. | જન્મનોંધણીનુ ૨૦૦૮ નુ અસલ રજી. | ૧૩૯ |
| ૨૪. | ભોગબનનાર નં.૧ નુ જન્મનુ અસલ પ્રમાણપત્ર | ૧૪૧ |
| ૨૫. | ભોગબનનાર નં.૨ નુ જન્મનુ અસલ પ્રમાણપત્ર | ૧૪૨ |
| ૨૬. | ભોગબનનાર બેબીના જન્મની નોંધ કરવામાં આવેલ તે હોસ્પિટલનુ રજી. | ૧૪૫ |
| ૨૭. | નગરપાલીકાની નોંધ માટે રાખવામાં આવેલ રજી.માં ભોગબનનારની નોંધ | ૧૪૬ |
| ૨૮. | રાણાવાવ નગરપાલીકાનુ સને–૨૦૦૯ નુ જન્મ મરણ રજીસ્ટ્રાર | ૧૪૯ |

| | | |
|---|---|---|
| ૨૯. | જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબશ્રીના જાહેરનામાની ખરી નકલ | ૧૫૨ |
| ૩૦. | રાણાવાવ પો.સ્ટે.ની સને–૨૦૨૩ ની સ્ટે.ડાયરી | ૧૬૩ |
| ૩૧. | આ કામના ફરીયાદીને આરોપીઓ લોભ લાલચ આપતા હોય તે બાબતે કાનુની પગલા ભરવા માટે કરેલ અરજી | ૧૬૯ |
| ૩૨. | આ કામના ફરીયાદીએ તા.૨/૩/૨૪ ના રોજ આરોપીઓ લોભ લાલચ આપતાં હોય તે બાબતે રાણાવાવ પો.સ્ટે.માં કાયદેસર થવાં અને કાનુની પગલાં ભરવા આપેલ અરજી અન્વયે આરોપી નદીમ જુમાભાઈ મલેક, રહે.ધોરાજીવાળાએના એકિઝ.મેજી.રૂબરૂ રજુ કરેલાં તે અંગેનો રીપોટ | ૧૭૦ |
| ૩૩. | આ કામના ફરીયાદીએ તા.૨/૩/૨૪ ના રોજ આરોપીઓ લોભ લાલચ આપતાં હોય તે બાબતે રાણાવાવ પો.સ્ટે.માં કાયદેસર થવાં અને કાનુની પગલાં ભરવા આપેલ અરજી અન્વયે આરોપી નગ્માબેન વા/ઓ.આફરીન અસગર, રહે.રાણાવાવવાળાએના એકિઝ.મેજી.રૂબરૂ રજુ કરેલાં તે અંગેનો રીપોર્ટ | ૧૭૧ |
| ૩૪. | આ કામના ફરીયાદીએ તા.૨/૩/૨૪ ના રોજ આરોપીઓ લોભ લાલચ આપતાં હોય તે બાબતે રાણાવાવ પો.સ્ટે.માં કાયદેસર થવાં અને કાનુની પગલાં ભરવા આપેલ અરજી અન્વયે આરોપીનાં બંને આરોપીઓના અટકાયતી પગલા લેવામાં આવેલ તે અંગે રાણાવાવ પો.સ્ટે.સી.આર.પી. સી.ક.–૧૦૭, ૧૧૬(૩) મુજબના રજી.ઉતારાની નકલ | ૧૭૨ |
| ૩૫. | આ કામના આરોપી આફરીન અસગર કાદરી વિરૂધ્ધ રાણાવાવ પો.સ્ટે.માં દાખલ થયેલ ગુન્હાઓ અંગેની ૧ ૫૪ ના ફોર્મની ફરીયાદ નકલો | ૧૭૩ થી ૧ ૭૫ |
| ૩૬. | મેડીકલ ઓફીસર સી એચ સી રાણાવાવનાઓની | ૧૭૬ |

| | | |
|---|---|---|
| | ભોગબનનારની મેડીકલ તપાસણી કરી અભિપ્રાય આપવા બાબતે તથા જરૂરી નમુનાઓ લેવા અંગે અમોએ કરેલ યાદી | |
| ૩૭. | ભોગબનનારને ડી.એન.એ સેમ્પલ માટે ફ્રેશ બ્લડ સેમ્પલ લેવાં રાણાવાવ સી એચ સી ઓફીસરને કરેલ યાદી | ૧૭૭ |
| ૩૮. | આ કામના આરોપીના ડી.એન.એ માટે બ્લડ સેમ્પલ લેવા અંગે સી એચ સી રાણાવાવ ને કરેલ યાદી | ૧૭૮ |
| ૩૯. | આ કામના આરોપીના ડી.એન.એ માટે બ્લડ સેમ્પલ સી એચ સી રાણાવાવનાઓ ડોકટરશ્રીએ લીધેલ તે અંગેનું ઓળખ ફોર્મ | ૧૭૯ |
| ૪૦. | અસલ ફરીયાદ સાથે તા.૧૯/૧૦/૨૩ ના રોજ આ કામમાં અમોએ આ કામે કલમ ઉમેરો કરવા અંગેનું એડી.ડિસ્ટ્રી.જજ સાહેબની કોર્ટમાં કરેલ રીપોર્ટ | ૧૮૦ |
| ૪૧. | આ કામે ભોગબનનારનું જન્મનું પ્રમાણપત્રની ખરી નકલ મળવા નગરપાલીકાને કરેલ યાદી | ૧૮૧ |
| ૪૨. | આ કામના ભોગબનનારનું શાળા છોડયાનું પ્રમાણપત્ર તથા પાસબુકની નકલ | ૧૮૩ થી ૧૮૫ |
| ૪૩. | આ કામના ભોગબનનારની માતાનું આધાર કાર્ડની નકલ | ૧૮૬ |
| ૪૪. | આ કામની સહ ભોગબનનારની આધાર કાર્ડની નકલ | ૧૮૭ |
| ૪૫. | આ કામની સહ ભોગબનનારની માતાની આધાર કાર્ડની નકલ | ૧૮૮ |
| ૪૬. | આ કામની સહ ભોગબનનારની પાસબુકની નકલ | ૧૮૯ |
| ૪૭. | આ કામમાં ગુન્હામા ઉપયોગ લીધેલ પ્યાગો રીક્ષાની આર.સી.બુકની નકલ તથા સદર વાહનની લાઇવ | ૧૯૦ અને ૧૯૧ |

| | | |
|---|---|---|
| | રીપોર્ટ મળવા રીપોટ | |
| ૪૮. | નામદાર કોર્ટમાં ભોગબનનારને વળતર મળવા અંગે કરેલ રીપોર્ટ | ૧૯૨ |

## બચાવપક્ષે સ્વીકૃત દસ્તાવેજી પુરાવા :–

| | | |
|---|---|---|
| ૧. | જન્મ દાખલો | ૩૫ |
| ૨. | શાળા છોડયાનુ પ્રમાણપત્ર | ૩૬ |
| ૩. | ભોગબનનારનુ ડીએનએ પરીક્ષણ અર્થેનુ ફોર્મ | ૩૨ |
| ૪. | આગળની તપાસ સંભાળવા કરેલ યાદી | ૫૫ |
| ૫. | વીએચએફ મેસેજ | ૫૭ |
| ૬. | વીએચએફ મેસેજ રાણાવાવ | ૫૮ |
| ૭. | વીએચએફ મેસેજ રાણાવાવ | ૫૯ |
| ૮. | આરોપીને તપાસમા રહેવા બાબત | ૬૨ |
| ૯. | બે સરકકારી કર્મચારીઓને તપાસની કામગીરી માટે ફાળવવા બાબત | ૬૩ |
| ૧૦. | ભોગબનનારના મેડીકલ નમુના કબ્જે કર્યાનુ પંચનામુ | ૬૪ |
| ૧૧. | ભોગબનનારના કપડા કબજે કર્યાનુ પંચનામું | ૬૫ |
| ૧૨. | બનાવવાળી જગ્યાનુ પંચનામું | ૬૬ |
| ૧૩. | ગુન્હાવાળી જગ્યાનુ રફ સ્કેચ | ૬૭ |
| ૧૪. | સ્થળ પરીક્ષણ અહેવાલ | ૬૮ |
| ૧૫. | બનાવવાળી જગ્યાનુ પંચનામું | ૬૯ |
| ૧૬. | ભોગબનનારનુ ડીએનએ બ્લડ સેમ્પલ કબજે કર્યાનુ પં | ૭૦ |

| | | |
|---|---|---|
| | ચનામુ | |
| ૧૭. | આરોપીને હસ્તગત કર્યાની યાદી | ૭૧ |
| ૧૮. | બે સરકારી કર્મચારીઓને તપાસની કામગીરી માટે ફાળવવા બાબત | ૭૨ |
| ૧૯. | આરોપીનુ અટક પંચનામું | ૭૩ |
| ૨૦. | આરોપીને અટક કર્યાની સ્ટેશન ડાયરીમાં નોંધ કરવા કરેલ યાદી | ૭૪ |
| ૨૧. | બે સરકારી કર્મચારીઓને તપાસની કામગીરી માટે ફાળવવા બાબત | ૭૫ |
| ૨૨. | આરોપીના મેડીકલ નમુના તથા ડીએનએમ સેમ્પલ કબ્જે કર્યાનુ પંચનામુ | ૭૬ |
| ૨૩. | બે સરકકારી કર્મચારીઓને તપાસની કામગીરી માટે ફાળવવા બાબત | ૭૭ |
| ૨૪. | આરોપીનુ અટક પંચનામું | ૭૮ |
| ૨૫. | આરોપીને અટક કર્યાની સ્ટેશન ડાયરીમાં નોંધ કરવા કરેલ યાદી | ૭૯ |
| ૨૬. | મુદામાલનુ પૃથ્થકરણ કરવા કરેલ યાદી | ૮૦ |
| ૨૭. | મુદામાલ રવાનગી નોંધ | ૮૧ |
| ૨૮. | રવાનગી પત્રક | ૮૨ |
| ૨૯. | મુદામાલની તપાસ અને પૃથ્થકરણ બાબત કરેલ યાદી | ૮૩ |
| ૩૦. | મુદામાલના પરીક્ષણ બાબત કરેલ યાદી | ૮૪ |
| **૩૧.** | **ફોરેન્સીક રીપોર્ટ** | **૮૫** |
| ૩૨. | કબજે કરેલ મુદામાલનુ પૃથ્થકરણ કરવા કરેલ યાદી | ૮૬ |
| ૩૩. | રવાનગી પત્રક | ૮૭ |

| | | |
|---|---|---|
| ૩૪. | મુદામાલની તપાસ અને પૃથ્થકરણ બાબત કરેલ યાદી | ૮૮ |
| ૩૫. | મુદામાલના પરીક્ષણ બાબત કરેલ યાદી | ૮૯ |
| **૩૬.** | **ફોરેન્સીક રીપોર્ટ** | **૯૦** |
| ૩૭. | ભોગબનનારનુ નિવેદન નોંધવા માટે કરેલ યાદી | ૯૧ |
| ૩૮. | ભોગબનનારને હાજર રખાવ્યા બાબત કરેલ યાદી | ૯૨ |
| ૩૯. | જાહેરનામું | ૯૩ |
| ૪૦. | પત્રક–એ તથા બી ની યાદી મોકલ્યા બાબત કરેલ યાદી | ૯૪ |
| ૪૧. | તપાસના કામે જાહેરનામાની ખરી નકલ મળવા કરેલ યાદી | ૧૫૩ |
| ૪૨. | મામલતદાર કચેરી દ્રારા તપાસના કામે જાહેરનામાની ખરી નકલ મોકલેલ તેની યાદી | ૧૫૪ |
| ૪૩. | રજીસ્ટરની નકલ | ૧૫૫ |
| ૪૪. | ફરીયાદીનુ જાતીનુ પ્રમાણપત્ર | ૧૫૬ |
| ૪૫. | ફરીયાદીનુ આધારકાર્ડ | ૧૫૭ |
| ૪૬. | નાયબ પોલીસ અધિક્ષક દ્રારા તપાસના કામે માહિતી મળવા કરેલ યાદી | ૧૫૮ |
| ૪૭. | મામલતદાર કચેરી દ્રારા તપાસના કામે માહિતી મોકલ ેલ તેની યાદી | ૧૫૯ |
| ૪૮. | કાસ્ટ લીસ્ટ એસ સી સ્ટેટ | ૧૬૦ |

**આરોપીઓનુ વિશેષ નિવેદન :**

(૭) ત્યારબાદ આરોપીઓનું ક્રિ.પ્રો. કોડ કલમ–૩૧૩ અન્વયે વિશેષ

નિવેદન લેવામાં આવેલ. જેમાં આરોપીઓએ પોતાની સામેના પુરાવાની હકીકત ખરી નહી હોવાનું જણાવેલ છે તેમજ આરોપીઓએ જણાવેલ છે કે, ભોગબનનાર સાથે અમોએ કોઈ કૃત્ય કરેલ ન હોય અમોએ તેમનુ અપહરણ કરી ભગાડી ગયેલ હોય તેવુ બનેલ ન હોય તેમજ ફરીયાદીએ અમારી વિરૂધ્ધ કોઈ જુબાની આપેલ નથી અને માત્ર તૈયાર ફરીયાદમાં સહી કરેલ છે ઉપરાંત સાહેદે અમારી વિરૂધ્ધ કોઈ પુરાવો આપેલ નથી તેમજ ભોગબનનારે પણ કોઈ હિસ્ટ્રી આપેલ ન હોય પરંતુ પોલીસ પેપર્સના આધારે ડોકટરે ખોટુ ઈન્જરી સર્ટી તૈયાર કરી રજુ કરેલ છે તેમજ ભોગબનનારની કોઈ મેડીકલ તપાસણી કરાવેલ ન હોય પરંતુ પોલીસ પેપર્સને આધારે પોલીસ કામગીરીને સમર્થન આપવા ખોટા મેડીકલ રીપોર્ટ તૈયાર કરી રજુ રાખેલ છે અને આરોપીઓએ વિશેષમાં જણાવેલ છે કે, '' ભોગબનનાર કે ફરીયાદપક્ષના કોઈ પણ સાહેદે અમારી વિરૂધ્ધ કોઈ જુબાની આપેલ ન હોય અને અમો તદન સાવ નિર્દોષ હોય જેથી અમોને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ છે.''

**ફરીયાદ પક્ષ તથા બચાવ પક્ષની દલીલ :**

(૮) આ કામે ફરીયાદ પક્ષ તરફે વિ. સરકારી વકિલ શ્રી એસ.બી. જેઠવાએ પોતાની દલીલો કરતા જણાવેલ છે કે, આ કામના આરોપીઓ સામે ભારતીય દંડ સંહીતાની કલમ-૩૭૬(૨)(જે), ૩૭૬(૩), ૩૬૩, ૩૬૬, ૫૦૬(૨), તથા એટ્રોસીટી એકટની કલમ-૩(૧) (ડબલ્યુ) (૧), ૩(૧) (ડબલ્યુ) (૨), ૩(૨)(૫-એ), ૩(૨)(૫) તથા પોકસો એકટ કલમ-૪,૬, ૮, ૧૯, ૨૧ તથા જીપીએકટ કલમ-૧૩૫ મુજબના ગુન્હાનો આક્ષેપ રહેલ છે. આ કામે બનાવ સમયે ભોગ બનનાર સગીર હતાં. આ કામે ભોગ બનનારના પુરાવાથી ફરીયાદપક્ષના કેસને સમર્થન મળતુ નથી પરંતુ બનાવ સમયે સાથે રહેલ ભોગ બનનારની બહેનપણી બનાવની હકીકતને

સમર્થન આપે છે.  આ કામે રજુ થયેલ અન્ય પુરાવાઓ તેમજ ભોગ બનનારના જન્મ અંગેનો દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા ભોગ બનનાર બનાવ સમયે સગીર હોવાની હકીકતો પુરવાર થાય છે. આરોપીઓએ ભોગ બનનાર સગીર વયના હોવા છતાં કહેવાતુ કૃત્ય કરેલ છે. આ કામે મેડીકલ એવીડન્સ તથા પોલીસ સાહેદના પુરાવાથી તેમજ આ કામે રજુ થયેલ વૈજ્ઞાનિક પુરાવાથી પણ ઉપરોકત હકીકતોને સમર્થન પ્રાપ્ત થાય છે. આમ ફરીયાદ પક્ષે મેડીકલ ઓફીસર તથા  પોલીસ સાહેદ અને પંચનામા સ્વરુપના પુરાવાથી પોતાનો કેસ પુરવાર કરેલ છે. જેથી આરોપીઓને તકસીરવાન ઠરાવવા જોઇએ તેમ જણાવે છે.

(૯)  જયારે આરોપી નં.૧ તરફે વિ. વકીલશ્રી બી. બી. લાખાણી તથા નં. ૨ તરફે વિ.વ.શ્રી એસ.ડી.જોખીયા  તેઓની  દલીલમાં જણાવેલ છે કે, આ કામે ફરીયાદપક્ષે પોતાનો કેસ સચોટ પુરાવાથી પુરવાર કરેલ નથી. ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ ભોગ બનનાર તથા ફરીયાદીના પુરાવાથી ફરીયાદપક્ષનો કેસ સાબીત થતો નથી અને ભોગબનનાર તથા ફરીયાદી હોસ્ટાઇલ જાહેર થયેલા છે જેથી તેના પુરાવાને આધારે પણ આરોપીઓએ કહેવાતુ આક્ષેપ મુજબનું કોઇ કૃત્ય કરેલ હોવાની હકીકત પુરવાર થતી નથી. આ કામે ભોગબનનારનો પુરાવો વંચાણે લેતા એક બાજુ શરતપાસમાં જે હકીકત જણાવે છે તેનાથી તદન વિરોધાભાષી હકીકતો તેણીએ ઉલટતપાસમાં જણાવેલી છે. ભોગ બનનારનો પુરાવો અને મેડીકલ પુરાવામાં વિરોધાભાસી હકીકતો રેકર્ડ પર આવેલ છે.  તેમજ ભોગબનનારે પોતાની જુબાનીમાં એવી કોઇ હકીકત જણાવેલી નથી કે, આરોપીઓ તેને અપહરણ કરી દુષ્કૃત્ય આચરેલ હોય કે તેની અનુસુચિત જાતીની હોય ફરીયાદ પક્ષ આરોપી વિરુધ્ધના આક્ષેપીત ગુન્હાઓ પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે. આરોપીઓ વિરુધ્ધ આક્ષેપાયેલ ગુનાના તત્વો પુરવાર થતા નથી.  જેથી

હાલના કામના આરોપીઓ વિરુધ્ધના કોઇ આક્ષેપો પુરવાર થતા ન હોય આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

(૧૦) આ કામે ઉપરોકત હકીકતે બંને પક્ષકારો તરફેની દલીલો તેમજ રજુ થયેલ રેકર્ડ અને પુરાવાઓ આધારે આ કેસના આખરી નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**-:: મુદ્દા ::-**

(૧). શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, ભોગ બનનાર બનાવના દિવસે બાળકી હતી એટલે કે સગીર વયની હતી ?

(૨) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના ફરીયાદી તથા ભોગ બનનાર અનુસુચિત જાતીના છે ?

(૩). શું ફરીયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે આ કામના આરોપીઓએ ગઇ તા.૦૬/૧૦/૨૦૨૩ ના આશરે કલાક-૧૫/૩૦ વાગ્યે આ કામના ફરિયાદીની દિકરી ભોગ બનનાર(ટી) તથા આ કામના સાહેદ નં. (૧૭) ભોગ બનનાર(એ), અનુસૂચિત જાતી, ઉ.વ.૧૪ વર્ષ, ૦૫ માસ, (જન્મ તારીખ-૦૬/૦૫/૨૦૦૯) નાઓ ટ્યુશનમાં જતા હતા ત્યારે રાણાવાવ સ્વામીનારાયણ સ્કુલવાળી ગલીમાં આવતાં તમો આરોપી નં.(૧) ના હિરો સ્પલેન્ડર પ્લસ મોટર સાયકલ લઇને આવેલ અને કહેલ કે, ભોગ બનનાર(એ)ના મમ્મીને મજા નથી અને દવાખાને દાખલ કરેલ છે અને તેને બાટલા ચડે છે, તમે બેય મારી સાથે મોટર સાયકલમાં બેસી જાવ, તમને દવાખાને મુકી જાવ" તેમ કહી ભોગ બનનાર

(ટી) તથા ભોગ બનનાર(એ)ને પોતાની મોટર સાયકલમાં બેસાડી, તમો આરોપીએ પોતાની પાસે છરી છે, તમે કાંઇ બોલતી નહી, ચુપચાપ બેઠી આવો તેમ કહી ફરિયાદીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી, રાણાવાવ પાંવની સીમમાં અવાવરૂ જગ્યાએ લઇ જઇ બન્ને ભોગ બનનારને “મારી સાથે શરીર સબંધ બાંધવો પડશે, નહીંતર તમને બન્નેને બદનામ કરી જાનથી મારી નાંખીશ" તેમ ધમકી આપી ભોગ બનનાર (ટી) ને જાળી–જાંખરામાં લઇ જઇ તેણીની સાથે બળજબરી પૂર્વક શરીર સંબંધ બાંધી, બન્ને ભોગ બનનારને અવાવરૂ જગ્યાએ મુકી નાશી જઇ, જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી પોરબંદરના હથીયાર બંધી જાહેરનામાનો ભંગ કરી ગુન્હો કરેલ તથા તમો આરોપી નં.(૧) નાએ સદર ગુન્હો કર્યા બાદ તમો આરોપી નં.(૨) ને જાણ કરતા તમો આરોપી નં.(૨) નાએ તમો આરોપી નં. (૧) ને પોતાના હસ્તકની પ્યાગો રીક્ષા રજી.નં. GJ–25–U–6488 માં બેસાડી ધોરાજી સુધી મુકી આવી, તમો આરોપી નં.(૧) નાએ ગુન્હો કરેલ હોવાની પુરતી જાણકારી હોવા છતાં અને તે કઇ જગ્યાએ છે તે બાબતની માહીતી આરોપી નં.(૨) ના એ ઇરાદાપુર્વક છુપાડેલ હોય અને તેમ કરીને ભારતીય દંડ સંહીતાની કલમ– ૩૭૬(૨)(જે), ૩૭૬(૩), ૩૬૩, ૩૬૬, ૫૦૬(૨), તથા તથા જીપીએકટ કલમ– ૧૩૫ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

(૪). શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે એ હકીકત પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ભોગ બનનાર(ટી) સગીર વયની હોવાનું

જાણવા છતાં તેણીને ભગાડી જઇ તેણી સાથે પ્રવેશ જાતીય હુમલો તથા ઉગ્ર પ્રવેશ જાતિય હુમલો કરે અને તેમ કરી ધી પ્રોટેકશન ઓફ ચીલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સીસ એકટ ૨૦૧૨ની કલમ–૪,૬, ૮, ૧૯, ૨૧ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

(૫) શું ફરીયાદપક્ષ નિશંકપણે એ હકીકત પુરવાર કરે છે કે આ કામના આરોપીએ ભોગબનનાર અનુસુચિત જાતીની હોવાનુ જાણતા હોવા છતા તેણીને અપમાનીત કરવાના ઈરાદે ઉપરોકત ગુન્હાહીત કૃત્ય કરી એટ્રોસીટી એકટની કલમ–૩(૧ ) (ડબલ્યુ) (૧), ૩(૧) (ડબલ્યુ) (૨), ૩(૨)(૫–એ), ૩(૨)(૫) મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે?

(૬). શું હુકમ ?

(૧૧) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

## : નિ ર્ણ યો :

૧). મુદ્દા નં. ૧ હકારમાં
૨). મુદ્દા નં. ૨ હકારમાં
૩). મુદ્દા નં. ૩ અંશત: હકારમાં (આરોપી નં. ૧ પુરતો)
૪). મુદ્દા નં. ૪ અંશત: હકારમાં (આરોપી નં. ૧ પુરતો)
૫). મુદ્દા નં. ૫ અંશત: હકારમાં (આરોપી નં. ૧ પુરતો)

૬) આખરી હુકમ મુજબ.

(૧૨) ઉપરોકત મુદ્દાના મારા નિર્ણયો માટેના કારણો નીચે મુજબ છે.

**-:: કા ર ણો ::-**

**<u>મુદ્દા નં. ૧ :-</u>**

**ભોગ બનનારની ઉંમર અંગેનો પુરાવો :**

(૧૩) હાલના કિસ્સામાં ફરીયાદ પક્ષના કેસ મુજબ ભોગ બનનાર એક બાળકી છે. પોકસો એકટની કલમ-૨(ડી) મુજબ બાળકની વ્યાખ્યા આપવામાં આવેલ છે જે મુજબ બાળક એટલે, અઢાર વર્ષની ઉંમર પૂરી ન કરી હોય તેવી કોઇ વ્યકિતને 'બાળક' કહેવાય છે.

(૧૪) ફરીયાદ પક્ષના કેસ મુજબ ભોગ બનનાર(એ) ની જન્મ તારીખ ૬-૫-૨૦૦૯ છે. આ સંદર્ભે પડેલ પુરાવો ધ્યાને લઇએ તો ફરીયાદ પક્ષે ભોગ બનનાર(એ) ને આંક-૩૪ થી તપાસેલ છે તેમજ ભોગબનનાર (ટી) ની જન્મતારીખ ૨૨-૧૨-૨૦૦૮ છે અને તેને આંક-૪૨ થી તપાસેલ છે

(૧૫) આ કામમાં ફરીયાદપક્ષના સાહેદ માલદેભાઇ રાજાભાઇ જોડને આંક-૧૩૮ થી તપાસવામાં આવેલ છે. સદર સાહેદ નગરપાલીકા રાણાવાવમાં કલાર્ક તરીકે ફરજ બજાવે છે અને પોતાના પુરાવામાં જન્મ નોંધણી રજીસ્ટરની નકલ આંક-૧૩૯ થી રજુ કરેલ છે. જે મુજબ પણ ભોગ બનનાર(ટી) ની જન્મ તા. ૨૨-૧૨-૨૦૦૮ છે.

બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસ દરમ્યાન જણાવેલ છે કે, એ વાત ખરી છે કે આંક-૧૩૯ ના રજી. માં કોલમ નં-૧૨ માં જન્મ ની નોંધ કરાવનાર ની સહી કરવામાં આવે છે. એ વાત ખરી છે કે નોંધ નં

–૪૨૪માં કોલમ નં–૧૨ માં કોઇ ની સહી નથી, સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે આ નોંધ સામુહિક આરોગ્ય કેન્દ્ર જન્મ રજી. ઉપર થી જન્મ ની નોંધ લખેલ છે. એ વાત ખરી છે કે આ નોંધ કરાવવા માટે જન્મ થયેલ બાળકના કોઇ વાલી કે વડીલ અમારી કચેરી એ આવેલ ન હતા. એ વાત ખરી છે કે હું સામુહિક આરોગ્ય કેન્દ્ર નું રેકર્ડ સાથે લાવેલ નથી. એ વાત ખરી છે કે જન્મનાર ની જન્મ તા. ૨૨/૧૨/૦૮ ની લખેલ છે તે સામુહિક આરોગ્ય કેન્દ્ર નું રેકર્ડ જોઇને જ નકકી થાય. એ વાત ખરી નથી કે હું નગરપાલિકામાં નોકરી કરતો હતો તેથી રેકર્ડ મા જે લખેલ છે તે સાચુ હોવાનું માની જુબાની દેવા આવેલ છું.

એવી જ રીતે ફરીયાદપક્ષના સાહેદ બાબુભાઇ ડાયાભાઇ પુરોહીતને આંક–૧૪૦ થી તપાસવામાં આવેલ છે તેઓના પુરાવા મુજબ તેઓ છેલ્લા ૨૯ વર્ષથી રાણાવાવ નગર પાલીકામાં ફરજ બજાવે છે અને જન્મ મરણ વિભાગની કામગીરી પણ તેઓ સને ૨૦૨૩ માં સંભાળતા હતાં. સદર સાહેદે પોતાના પુરાવામાં આંક–૧૪૧ તથા આંક–૧૪૨ થી ભોગ બનનારાનું જન્મનું પ્રમાણપત્ર રજુ કરેલ છે. બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસ દરમ્યાન જણાવેલ છે કે, એ વાત ખરી છે કે આંક ૧૪૧ અને ૧૪૨ ના દાખલા ની ઓરીજનલ રજી.માં નોંધ અમો એ કરેલ નથી. એ વાત ખરી છે કે આ આંક–૧ ૪૧ અને ૧૪૨ ના દાખલાઓ અમે તૈયાર કરેલ નથી અમે માત્ર સહી કરેલ છે. એ વાત ખરી છે કે આ બંને દાખલાઓ અમારા કલાર્ક દ્વારા તૈયાર કરવામાં આવેલ છે. એ વાત ખરી છે કે આ દાખલાઓ અમોએ તૈયાર કરેલ નથી કે તેમાં અમારા હસ્તાક્ષર નથી. એ વાત ખરી નથી કે મે સહી કરતા અગાઉ કોઇ રેકર્ડ ચેક કરેલ નથી. એ વાત ખરી નથી કે રેકર્ડમાં કોઇ ભુલ હોઇ તો આવી ભુલ દાખલામાં પણ હોઇ શકે. એ વાત ખરી નથી કે હું ખોટી જુબાની આપું છું.

(૧૫.૧) આ કામમાં ફરીયાદપક્ષના સાહેદ માયાબેન ઇશ્વરદાસ ગોં ડલીયાને આંક–૧૪૪ થી તપાસવામાં આવેલ છે. આ સાહેદ તેમના પુરાવામાં

જણાવે છે કે, સને ૨૦૦૮ માં અમો સી.એચ.સી. રાણાવાવમાં સ્ટાફ નર્સ તરીકે ફરજ બજાવતી હતી અને ત્યાં ડિલવરી પણ કરાવવામાં આવતી હતી. તા.૨૨/૧૨/૨૦૦૮ ના રોજ નીતા ધીરૂ બાબુ સાદીયા અમારી હોસ્પીટલમા ડિલવરી માટે આવેલા અને ત્યાં તેમની ડિલેવરી થતા બેબીનો જન્મ થયેલો અને તે અંગેની નોંધ અમારી હોસ્પીટલના જન્મ રજી.માં તેમજ નગરપાલીકાની નોંધણી માટેના રજીસ્ટ્રરમાં આ બેબીના જન્મની નોંધ કરવામાં આવેલી. અમારા હોસ્પીટલના રજીસ્ટ્રરમાં ક્રમ નં.૧૧ અને વાર્ષિક ક્રમ નં.૧૧૪ ઉપર આ ભોગબનનાર બેબીની જન્મની નોંધ મેં મારા હસ્તાક્ષરમાં કરેલ છે અને તે મુજબ ભોગબનનારની જન્મ તા.૨૨/૧૨/૨૦૦૮ છે. તેમજ તેમાં મારી સહી છે. તેમજ નગરપાલીકાની નોંધ માટે રાખવામાં આવેલ રજીસ્ટ્રરમાં ક્રમ નં.૧૧ અને વાર્ષિક ક્રમ નં.૧૧૪ થી નોંધ કરવામાં આવેલ છે. જેમાં પણ ભોગબનનારની જન્મ તા.૨૨/૧૨/૨૦૦૮ છે. તેમ જણાવે છે અને આંક-૧૪૫ થી હોસ્પીટલના રજીસ્ટરની નકલ તથા આંક-૧૪૬ થી નગરપાલીકા નોંધ રજીસ્ટરની નકલ રજુ કરેલ છે.

બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસ દરમ્યાન સદર સાહેદે જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, જયારે કોઇનો પણ જન્મ થાય ત્યારે નામની નોંધ કરવામાં આવતી નથી. એ વાત ખરી છે કે, હાલના કિસ્સામાં જે ભોગબનનાર છે તેના જન્મની નોંધ છે તે હું કહી શકુ નહી. આંક-૧૪૫ માં કોલમ નં.૪ માં જે નામો લખેલ છે તે જેને ત્યાં પુત્રીનો જન્મ થયેલ છે તેના માતા- પિતા તથા અટક લખેલ છે. એ વાત ખરી છે કે, નીતાબેન અને ધીરૂભાઇને કુલ કેટલા સંતાનો હતા તે હું કહી શકુ નહી. આંક-૧૪૫ જોઇને કહુ છુ કે તેમાં ક્રમ નં.૧૧ માં છેલ્લા કોલમમાં મુકામ રાણાવાવ લખેલ છે. એ વાત ખરી છે કે, આંક-૧૪૫ માં કયાય પુરૂ સરનામુ જણાવેલ નથી. એ વાત ખરી છે કે, ક્રમ નં.૧૧ માં જે કઇ ડિલવરી નોંધ છે તે આ પરીવારની ચોથી ડિલવરી છે. એ વાત ખરી નથી કે, ખરેખર મે જે રેકર્ડ રજુ કરેલ છે તે પાછળથી પોલીસના કહેવાથી ઉભુ કરેલ છે.

(૧૫.૨) આ કામમાં ફરીયાદપક્ષના સાહેદ હેમંતભાઇ પીઠાભાઇ રાઠોડને આંક–૧૪૮ થી તપાસવામાં આવેલ છે. આ સાહેદ તેમના પુરાવામાં જણાવે છે કે, હું છેલ્લા ૨૦ વર્ષથી રાણાવાવ નગરપાલીકામાં કલાર્ક તરીકે ફરજ બજાવુ છુ અને જન્મ મરણ નોંધની કામગીરી પણ અમારે કરવાની થાય છે. આજરોજ હું મારી સાથે સને રાણાવાવ નગરપાલીકાનું સને ૨૦૦૯ નું જન્મ મરણ રજીસ્ટ્રર સાથે લાવેલ છુ. તેમાં ક્રમ નં.૧૬૦ ઉપર આ કામના ભોગબનનારની જન્મની નોંધ મેં મારા હસ્તાક્ષરમાં કરેલ છે અને તે મુજબ ભોગબનનાર(એ) ની જન્મ તા.૬/૫/૨૦૦૯ છે તેમ જણાવે છે અને જન્મ રજીસ્ટરની નકલ આંક–૧૪૯ થી રજુ કરેલ છે.

**ફરીયાદપક્ષના પુરાવાનું મુલ્યાંકન :**

(૧૬) ઉપરોકત ફરીયાદ પક્ષે રજુ થયેલ પુરાવાઓનું મુલ્યાંકન કરીએ તો ભોગ બનના(ટી) તેમના પુરાવામાં પોતાની જન્મ તારીખ ૨૨–૧૨–૨૦૦૮ ની હોવાનું જણાવેલ છે એવી જ રીતે ભોગ બનનાર(એ) નો પુરાવો વંચાણે લેતા તેઓએ પોતાની જન્મ તારીખ ૬–૫–૨૦૦૯ ની જણાવેલ છે. ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ સાહેદ માલદેભાઇ રાજાભાઇ જોડને આંક–૧૩૮ થી તપાસવામાં આવેલ છે. સદર સાહેદ નગરપાલીકા રાણાવાવમાં કલાર્ક તરીકે ફરજ બજાવે છે અને પોતાના પુરાવામાં જન્મ નોંધણી રજીસ્ટરની નકલ આંક–૧૩૯ થી રજુ કરેલ છે. જે મુજબ પણ ભોગ બનનાર(ટી) ની જન્મ તા. ૨૨–૧૨–૨૦૦૮ છે. ફરીયાદપક્ષના સાહેદ બાબુભાઇ ડાયાભાઇ પુરોહીત કે જેઓ રાણાવાવ નગરપાલીકામાં ફરજ બજાવે છે તેઓએ તેમના પુરાવામાં આંક–૧૪૧ તથા ૧૪૨ થી ભોગ બનનારાના જન્મના પ્રમાણપત્રોની નકલો રજુ કરેલ છે. ફરીયાદપક્ષના સાહેદ હેમંતભાઇ પીઠાભાઇ રાઠોના પુરાવામાં જન્મ રજીસ્ટરની નકલ રજુ કરવામાં આવેલ છે. આ તમામ દસ્તાવેજોમાં ભોગ બનનાર(એ) ની જન્મ તારીખ ૬–૫–૨૦૦૯

તેમજ ભોગ બનનાર(ટી) ની જન્મ તારીખ ૨૨–૧૨–૨૦૦૮ ની દર્શાવેલ છે. ભોગ બનનારાઓની સદર જન્મ તારીખ નહી હોવા બાબતે કોઈ પુરાવો રેકર્ડ પર બચાવપક્ષ તરફે આપવામાં આવેલ નથી. જો કે ભોગ બનનારના જન્મ ના આધાર અંગે ફરીયાદપક્ષે તપાસેલ સાહેદોની ઉલટ તપાસમાં કેટલાક પ્રશ્નો પુછીને ભોગ બનનારની જન્મ્ તારીખ અંગે શંકા ઉત્પન્ન કરવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે. પરંતુ સાથેસાથે એ હકીકતની નોંધ લેવી પણ આવશ્યક જણાય છે કે, ભોગ બનનારાની ઉંમર બાબતે કાનુની પ્રબંધો કરવામાં આવેલ છે અને નામ. સર્વોચ્ચ અદાલત ધ્વારા જે સિધ્ધાંતો આ મુદ્દા બાબતે પ્રસ્થાપિત કરવામાં આવેલ છે તેની અત્રે નોંધ કરવી જરુરી છે જે નીચે મુજબ વાાંચી શકાય છે.

Section 94(2) Juvenile Justice Act Description

2. In case, the reasonable committee grounds for or the doubt Board as regarding whether the person brought before it is a child or not, the Committee or the Board, as the process case of may age be, shall undertake determination, by the seeking evidence by obtaining ––

(i) the date of birth certificate from the school, or the equivalent concerned available matriculation certificate examination; and in or from the Board, if the absence thereof ;

(ii) the birth certificate given by a corporation or a municipal authority or a panchayat ;

(iii) and only in the absence of (i) and (ii) above, age shall be determined by an ossification test or any other latest medical age determination test conducted on the

Committee or the orders Board of the shall be completed within fifteen days from thedate of such order.

ઉપરોકત જુવેનાઈલ જસ્ટીસ એકટની કલમ–૯૪ ના કાનુની પ્રબંધો ધ્યાને લેતા હવે તેની સાથે પોકસો એકટની કલમ–૩૪ ના કાનુની પ્રબંધો પણ ધ્યાને લેવા જરૂરી છે જે નીચે મુજબ વાંચી શકાય છે.

**SECTION :- 34**

Procedure in case of commission of offence by child and determination of age any under by Special Court.-

(1) Where offence this Act is committed by a child, such child shall be dealt with under the provisions of the [the Juvenile Justice (Care and Protection of Children) Act, 2015 (2 of 2016)

(2) If any question arises in any proceeding before the Special Court whether a person is a child or not, such question shall be determined satisfying by the itself Special court about the age of after such person and it shall record in writing its reasons for such determination.

(3) No order made by the Special Court shall be deemed to be invalid merely by any subsequent proof that the age of a person as determined by it under sub-section (2) was not the correct age of that person.

હવે ઉપરોકત જુવેનાઈલ જસ્ટીસ એકટની કલમ–૯૪ અને પોકસો

એકટની કલમ–૩૪ ના કાનુની પ્રબંધો ધ્યાને લેતાં તેમાં અનુક્રમે જુવેનાઈલ અને વિકટીમની ઉંમર નકકી કરવા બાબતે કાનુની પ્રબંધો ઠરાવવામાં આવેલ છે. હવે આ બાબતે આ મુદ્દાસર નામદાર સર્વોચ્ચ અદાલત ધ્વારા જે સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે તે પણ અત્રે ધ્યાને લેવા જરૂરી છે. જેમાં સર્વ પ્રથમ  નામદાર સર્વોચ્ચ અદાલતનો ચુકાદો ૨૦૧૩ (૭) એસ .સી.સી. ૨૬૩ જરનેલ સીંઘ વિરુદ ધ સ્ટેટ ઓફ હરીયાણાનો ચુકાદો ધ્યાને લેતાં તેમા નામદાર સર્વોચ્ચ અદાલતે એવુ ઠરાવેલ છે કે,

20. On the issue of determination of age of a minor, one only needs to make a reference to Rule 12 of the Juvenile Justice (Care and Protection (hereinafter Rules). been The framed Juvenile of Children) referred aforestated under Justice to as 2007 Section (Care Rules, and 2007 the 2007 Rules have 68(1) of Protection the of Children) Act, 2000. Rule 12 referred to hereinabove reads as under :

"12. Procedure to be followed in determination
of Age.-

(1) a child or a In every case concerning juvenile in conflict with law, the court or the Board case age of as the may be the Committee referred to in rule 19 of these rules shall determine the such juvenile or child or a juvenile in conflict with law within a period of thirty days from the date of making of the application for that purpose.

(2) The court or the Board or as the case máy be the

Committee shall the decide the juvenility or otherwise of the juvenile or the child OI as case may be the juvenile in conflict with law, prima facie on the basis of physical appearance or documents, if available, and send him to the observation home or in jail.

(3) In every case concerning a child OI the age juvenile in conflict with law, determination inquiry shall be conducted by the court or the Board or, as the case may be, the Committee by seeking evidence by obtaining

(a) (1) the matriculation or equivalent certificates, if available; and in the absence whereof;

(ii) the date of birth certificate from the school (other than a play school) first attended; and in the absence whereof;

(iii) the birth certificate given by a corporation or a municipal authority or a panchayat;

the (b) and only in the absence of either (i)., (ii) or (iii) of clause (a) above, medical opinion will be sought from a duly constituted Medical Board, which will declare the age of the juvenile or child. In case exact [assessment of the age cannot be done, the Court or the Board or, as the case may be, the Committee, for the reasons to be recorded by them, may, if considered necessary, give benefit to the child juvenile by considering his/her age on lower side within the

margin of one year. or or the and, while passing orders in such case shall, after taking into consideration such evidence as may be available, medical opinion, as the case may be, record a finding in respect of his age and either of the evidence specified in any of the clauses in the (a) (i), (11), (111) absence whereof, clause (b) shall be the conclusive proof of the age as regards such child or the juvenile in conflict with law.

on (4) If the age of a juvenile or child or the juvenile in conflict with law is found to be below 18 years on the date of offence, the basis of any of the conclusive proof specified in sub-rule (3), the court or the Board or as the case may be the Committee shall in writing pass an order stating the age and declaring the status of juvenility or otherwise, for the purpose of the Act and these rules and a copy of the order shall be given to such concerned. juvenile or the person I (5)Save and except where, further inquiry or otherwise is required, inter alia, in terms of section 7A, section 64 of the Act and these rules, no further inquiry shall be conducted by the court or the Board after examining and obtaining the certificate or any other documentary proof referred to in sub-rule (3) of this rule.

(6)The provisions contained in this rule shall also apply to

those disposed off cases, where the status of juvenility has not been determined in accordance with the provisions contained in sub-rule(3) and the Act, requiring dispensation of the sentence under the Act for passing appropriate order in the interest of the juvenile in conflict with law."

Even though Rule 12 is strictly applicable only to determine the age of a child in conflict with law, we are of the view that the aforesaid statutory provision should be the basis for determining age, even for a child who is a victim of crime. For, in our view, there is hardly any difference in so far as the issue of minority is concerned, between a child in conflict with law, and a child who is a victim of crime. Therefore, in our considered opinion, it would be just and appropriate to apply Rule 12 of the 2007 Rules, determine the age prosecutrix VW-PW6. The manner determining age conclusively, has been to expressed in extracted provision, of sub-rule (3) of Rule Under of the a the of 12 aforesaid child is above. the age ascertained, by adopting the first available basis, out of a number of options postulated in Rule 12 (3). If, in the scheme of options under Rule 12(3), an option is expressed in a preceding clause, it has overriding effect over an option expressed in a subsequent clause. The highest rated option available, would

conclusively determine the age of a minor. the Rule 12(3), matriculation (or equivalent) certificate of the concerned child, is the highest rated option. In case, the said certificate is available, no other evidence can be relied upon. Only in the absence of the said certificate, Rule In scheme of 12(3), envisages consideration of the date of birth entered, in the school first attended by the child. the date of In case such an entry of date of birth is available, birth depicted therein is liable to be treated as final and conclusive, and no other material is to be relied upon. only in the absence of such entry, Rule 12(3) postulates reliance on a birth certificate issued by a corporation or a municipal authority or a panchayat. Yet again, if such a certificate is available, then no other material whatsoever is to be taken into consideration, for determining the age of the child concerned, as the said certificate would conclusively determine the age of the child. It is only in the absence of any of the aforesaid, that Rule 12 (3) postulates the determination of age of the concerned child, on the basis of medical opinion.

ત્યારબાદ નામદાર સર્વોચ્ચ અદાલતે તેઓના તાજેતરનો ચુકાદો 2023 (0) AIDEL-SC 71210 SUPREME COURT, Criminal Appeal No1898 of 2023, P. Yuvaprakash Versus Rep. By Inspector Of Police

ના ચુકાદામાં આ બાબતે જે સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે તે ધ્યાને લઈએ તો નામદાર સુપ્રિમકોર્ટે એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે,

POCSO determination of age only in absence of birth certificate, age shall be determined by ossification test or any other latest medical age determination test conducted on orders of Committee or Board.

(a) Juvenile Sustice (Care and Protection S. 94 Protection of Children) Act, 2015 of Children from Sexual Offences, Act, 2012 test S. 10, 34 Indian Penal Code, 1860 S. 350, 351, 366, 506 determination of age of victim under POCSO Act ossification wherever dispute with respect to age of a person arises in context of her or him being a victim under POCSO Act, courts have to take recourse to steps indicated in S. 94 of JJ Act S. 94 (2) (iii) of JJ Act clearly indicates that date of birth certificate from school or matriculation or equivalent certificate by concerned examination board has to be firstly preferred in absence of which birth certificate issued by Corporation ΟΣ Municipal Authority or Panchayat and it is only thereafter in absence of these such documents age is to be determined through "an ossification test" or "any other latest medical age determination test" conducted prders of concerned authority, i.e. Committee or Board or Court. (Para 13,14)

આમ કાયદાના ઉપરોકત પ્રબંધો તથા નામ. સુપ્રિમ કોર્ટે ઠરાવેલ સિધ્ધાંતો ધ્યાને લેતા ફરીયાદપક્ષે ભોગ બનનારની જન્મ તારીખ પુરવાર કરવા માટે જે મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ રેકર્ડ પર રજુ રાખેલ છે તે નહી માનવાને કોઇ કારણ રહેતુ નથી. આમ ભોગ બનનાર(એ) ની જન્મ તારીખ ૬–૫–૨૦૦૯ તથા ભોગ બનનાર(ટી) ની જન્મ્ તારીખ ૨૨–૧૨–૨૦૦૮ હોવાનું પુરવાર થાય છે. સદર કેસમાં બનાવ તા. ૦૬–૧૦–૨૦૨૩ ના રોજ બનેલ હોવાનો ફરીયાદપક્ષનો કેસ છે. જેથી ફરીયાદની તારીખે સદર ભોગ બનનાર(એ) ની ઉંમર ૧૪ વર્ષ ૦૫ તેમજ ભોગ બનનાર(ટી) ની ઉંમર ૧૪ વર્ષ ૦૯ માસ અને ૧૪ દિવસની હોવાનું પુરવાર થાય છે. આમ ઉપરોકત ચર્ચા કર્યા મુજબ આ કામના ભોગ બનનાર બનાવ સમયે સગીર વયના હતાં તેવી હકીકતો નિ:શંકપણે પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ સફળ રહેલ છે. **જેથી મુદા નં. ૧ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.**

**મુદા નં. ૨ થી ૫ :**

**ફરીયાદપક્ષે હોસ્ટાઇલ જાહેર થયેલ સાહેદોનો મૌખિક પુરાવો :**

(૧૭)આ કામમાં ફરીયાદ પક્ષના આક્ષેપિત બનાવ અંગેની સાચી અને ખરી હકીકતોનો સૌથી સારો પુરાવો ફકત ભોગ બનનાર જ આપી શકે. આ હકીકતના સંદર્ભમાં ફરીયાદ પક્ષે આંક–૪૨ થી ભોગ બનનાર(ટી)ને તપાસેલ છે તેઓના પુરાવામાં જણાવ્યા મુજબ એવું બનેલ નથી કે, પોલીસે મારૂ નિવેનદ લીધેલુ હોય અને આ નિવેદનમાં એવું લખાવેલ હોય હું અને મારી બહેનપણી ભોગબનનાર(એ) રાણાવાવ મુકામે ટયુશનમાં જતી હોય અને અમને કોઈ જગ્યાએથી કોઈ ઈસમ ખોટી વાત કરી મો.સા.મા બેસાડી છરી બતાવવી, ધમકી આપી મારી સાથે બળજબરીથી દુષ્કર્મ કરેલ હોય.તેમજ મારી મેડીકલ તપાસણી કરાવવામાં માટે લઈ ગયેલ નહી. એવું બનેલ નથી

કે, મને ડોકટર પાસે મેડીકલ તપાસણી કરવા માટે લઈ ગયેલ હોય અને ત્યા મારી મેડીકલ તપાસણી કરાવવામાં આવેલ હોય તેજમ મે ડોકટર સાહેબ સમક્ષ બનાવની હકિકત જણાવેલ હોય. એવું બનેલ નથી કે, મે બનાવ વખતે પહેરેલ મારા કપડાઓ પોલીસમાં રજુ કરેલ હોય. ભોગબનનારને વિધ્વાન સરકારી વકીલશ્રી દ્વારા ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે ત્યારબાદ વિ. સરકારી વકીલશ્રી તરફે કરવામાં આવેલ ઉલટ તપાસ દરમ્યાન પણ ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન આપેલ નથી.

બચાવપક્ષે કરવામાં આવેલ ભોગ બનનારની ઉલટતપાસમાં ભોગ બનનારે સ્વીકારેલ છે કે, એ વાત ખરી છે કે, અમે જે વિસ્તારમા રહીએ છીએ તે વિસ્તારનું નામ આંબેડકટરનગર છે અને તે વિસ્તારમાં રહેતા લોકોના મોટાભાગના દલીત સમાજના ઘરો છે. એ વાત ખરી છે કે, મુસ્લીમ ઘરો અમારા વિસ્તારમાં બહુ ઓછા છે. એ વાત ખરી છે કે, મારી બહેનપણીના ઘરના સભ્યોને તેમજ આરોપીને કોઈ વાંધો તકરાર હોય તો તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે, આરોપી મને સ્કુટર પર ધાક ધમકી આપી લઈ ગયેલ હોય તેવું બનેલ નથી. હું અને મારી બહેનપણી ટયુશનમા ભેગા જતા હોય અને મારી બહેનપણીને હોન્ડામાં આરોપી લઈ ગયેલ હોય તેવું બનેલ નથી. એ વાત ખરી છે કે, બળજબરીથી જાળી જાખરામા લઈ ગયેલ હોય અને મારી સાથે શરીર સંબંધ બાધેલ હોય તેવું બનેલ નથી. એ વાત ખરી છે કે, મને છરી બતાવીને કોઈ ધમકી આપેલ હોય તેવું બનેલ નથી. એ વાત ખરી છે કે, મને કોઈ ડોકટર પાસે લઈ ગયેલ હોય અને મારી તપાસ કરી હોય તેવું બનેલ નથી. એ વાત ખરી છે કે, મારા પહેરેલ કપડા પોલીસને આપેલ હોય તેવું બનેલ નથી. મને કોર્ટમાં લઈ ગયેલ ત્યારે જજ સાહેબ પાસે લઈ

ગયેલ ત્યારે હું કઈ લખાવતી હોય અને કોઈએ લખતું હોય તેવું બનેલ નથી. એ વાત ખરી નથી કે, મને સહી કરવાનુ કોઈએ કહેતા મે સહી કરી આપેલ. પોલીસે મારી કોઈ પુછપરછ કરેલ હોય અને નિવેદન લીધેલ હોય અને મે કઈ લખાવેલ હોય તેવું બનેલ નથી. પોલીસ ચોકીએ મારા પપ્પા મમ્મી મને લઈ ગયેલ હોય તેવું બનેલ નથી. એ વાત ખરી છે કે, મારી સાથે કોઈ પ્ર કારોન કોઈ બનાવ બનેલ નથી. ફરીયાદ કઈ બાબતની છે, કોણે કરેલ તે બાબતે હું કઈ જાણતી નથી.આરોપીને હું જોયેથી ઓળખતી નથી.

(૧૮) આ કામમાં ફરીયાદપક્ષના સાહેદ ફરીયાદી ધીરૂભાઇ બાબુભાઇ સાદીયાને આંક-૪૪ થી તપાસવામાં આવેલ છે તેઓના પુરાવામાં જણાવ્યા મુજબ એવું બનેલ નથી કે, મે મારી ફરીયાદમાં મારા મોટાભાઈ દામજીભાઈનો ફોન આવેલ હોય અને તેમને અમારા લતામા રહેતા મહેશનો ફોન આવેલ અને તેને વાત કરેલ કે આપણી ભોગબનનાર દિકરી તથા અશ્વીનભાઈની દિકરી ભોગબનનાર આફરીન અસગર(આરોપી) મો.સા.મા લઈ જઈ અવાવરૂ જગ્યાએ લઈ જઈ છરી બતાવી ભોગબનનાર દિકરી સાથે બળજબરી કરી ધમકી આપી દુષ્કામ આચરેલ હોય. ફરીયાદી તેમના પુરાવામાં આંક-૪૫ થી ફરીયાદ રજુ કરે છે. સદર ફરીયાદીને વિ. સરકારી વકીલશ્રી દ્રારા ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે ત્યારબાદ સરકારી વકીલશ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસ દરમ્યાન પણ ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન આપેલ નથી.

સદર ફરીયાદીની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં જણાવે છે કે, '' એ વાત ખરી છે કે, અમે જે વિસ્તારમા

રહીએ છીએ તે વિસ્તારનું નામ આંબેડકરનગર છે અને તે વિસ્તારમાં રહેતા લોકોના મોટાભાગના દલીત સમાજના ઘરો છે. એ વાત ખરી છે કે, મુસ્લીમ ઘરો અમારા વિસ્તારમાં બહુ ઓછા છે. એ વાત ખરી છે કે, અમો કયારેય પોલીસમાં ફરીયાદ લખાવવા ગયેલ જ નથી. એ વાત ખરી છે કે, પોલીસ મને ઘરે બોલાવવા આવેલ હતી અને કહેલ કે પોલીસ ચોકી આવીને સહી કરી જાઉ તેથી હું પોલીસ ચોકીએ સહી કરવા ગયેલ હતો. એ વાત ખરી છે કે, મે કોઈ બાબત લખાવેલ હોય અને પોલીસ લખતી હોય તેવું બનેલ નથી. એ વાત ખરી છે કે, પોલીસે મારી તૈયાર લખાણમા સહી લીધેલ હતી. એ વાત ખરી છે કે, પોલીસે શું લખેલ તે મને વંચાવેલ નહી કે હું કઈ જાણતો ન હતો. એ વાતનો મને ખ્યાલ નથી કે, આરોપીને પોલીસ સાથે કોઈ મન દુ:ખ હતુ કે કેમ અને અવારનવાર તકરારો થતી કે કેમ. એવાત ખરી છે કે, મારી દિકરીને કોઈ સ્કુટરમા ઉપાડી ગયેલ હોય કે તેને ધમકી આપેલ હોય કે તેની ઉપર કોઈ બળજબરી કરેલ હોય કે બળાત્કાર કરેલ હોય આવો કોઈ બનાવ બનેલ નથી કે, મારી દિકરીએ મને કહેલ નથી કે, મે આ બાબતે પોલીસમા ફરીયાદ કરેલ નથી. ''

(૧૯) આ કામમાં ફરીયાદપક્ષના સાહેદ નં.૩ તરીકે નીતાબેન ધીરૂભાઈ સાદીયાને આંક–૪૬ થી તપાસવામાં આવેલ છે તેઓના પુરાવામાં જણાવ્યા મુજબ એવું બનેલ નથી કે, બનાવ બાબતે પોલીસે મારૂ નિવેદન લીધેલ હોય તેમજ મારી ભોગબનનાર દિકરી તથા તેની બહેનપણીને કોઈ ઈસમ મો.સા.મા બેસાડી અવાવરૂ જગ્યાએ લઈ જઈ મારી ભોગબનનાર દિકરીને છરી બતાવી ધમકી આપી બળજબરીથી દુષ્કર્મ કરેલ હોય. અને બનાવ બાબતે મારી ભોગબનનાર

દિકરીએ મને કોઈ વાત કરેલ નથી. સદર સાહેદને વિ. સરકારી વકીલશ્રી દ્રારા ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે ત્યારબાદ સરકારી વકીલશ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસ દરમ્યાન પણ ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન આપેલ નથી.

**ફરીયાદપક્ષને સમર્થનકારી સાહેદોના મૌખિક પુરાવા :**

(૨૦) આ કામમાં ફરીયાદપક્ષના સાહેદ ભોગ બનનાર(એ)ને આંક–૩૪ થી તપાસવામાં આવેલ છે આ સાહેદ તેમના પુરાવામાં જણાવે છે કે, અમારા ઘરની સામે મારી ભોગબનનાર બહેનપણી રહે છે. અમે બંને બહેનપણીઓ હીતેશ સર ને ત્યાં ટયુશનમાં જતી હતી. આ બનાવ બન્યા તેને આશરે એકાદ વર્ષ પહેલા બનેલો. તે દિવસ અમે બપોરે ૩ વાગ્યે હુ તથા મારી ભોગબનનાર બહેનપણી ચાલીને ટયુશનમાં જતી હતી. ત્યારે હુ તથા મારી બહેનપણી ખાખનશાહ પીર ની દરગાહ પાસે પહોચેલા ત્યારે આફરીન (આરોપી)બાઈકમાં આવેલ અને ત્યારે આફરીને મને કહયું કે તારા મમ્મીને મજા નથી જામનગર લઈ ગયેલા અને બાઈકમાં બેસી જાઓ. અમને બેસી જાવાનું કહયું. તેની વાત સાચી માની અમે બંને તેની બાઈકમાં બેસી ગયા. અમને જામનગર ના રસ્તે લઈ જવાનું હતુ પણ જંગલ વાળા રસ્તે લઈ ગયો અને અમે પુછયું કે આ રસ્તો કયા જાય છે. અને પછી બાઈક વાળા આફરીને તેની પાસેનો ચપ્પુ કાઢીને મારા પેટે અડાડી દીધેલ એન કહયું કે અવાજ ના કરતી છાની માની બેસી રહે. જો રાડો પાડી તો ચાકુ પેટમાં મારી દઈસ. પછી જંગલ વાળા રસ્તે લઈ ગયો અને પુલ જેવુ આયું ત્યાં બાઈક ઉભુ રાખયું. પછી મારી સાથે મારી ભોગબનનાર બહેનપણીને તેની સાથે લઈ ગયેલ અને મને ઉભી રાખી દીધી. અને પછી હું ત્યાંથી બાજુ માં દોડતી દોડતી ગઈ

અને ત્યાં વાડી વાળા ઘર હતા ત્યાં ભાગી ગઈ. પછી મે વાડી વાળા ને બધી વાત કરેલ અને તે લોકો એ પોલીસને બોલાવ્યા અને ત્યાં પોલીસ વાળા અને મારા ઘરના આવી ગયેલા. પછી રાણાવા પો.સ્ટે. લઈ ગયેલ અને મારી જુબાની લીધેલ. અને મારી બહેનપણી સાથે આફરીન એ રેપ કરેલો. અને મારી બહેનપણી એ પોતાની સાથે રેપ થયેલા ની મને વાત કરી. કોર્ટમાં જજ સાહેબ પાસે જવાબ લખાવવા આવેલ અને જે બન્યુ તે લખાવેલું તેમ જણાવેલ. અને આંક–૩૫ થી ભોગ બનનારનું સી.આર.પી.સી. કલમ–૧૬૪ અન્વયેનું નિવેદન રજુ કરવામાં આવેલ છે.

બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં ભોગ બનનારે જણાવેલ છે કે, એ વાત ખરી છે કે આફરીનને હું બનાવ પહેલાથી ઓળખું છું, સાહેદ જણાવે છે કે તે બાજુમાં જ રહે છે. એ વાત ખરી છે કે હું રહુ છું તે વિસ્તાર મોટા ભાગે પછાત જ્ઞાતિના લોકો રહે છે. એ વાત ખરી નથી કે હું રહુ છું ત્યાં આ આરોપીનું એક જ ઘર મુસ્લિમ નું છે. હું રહું છુ તે વિસ્તાર ને ચાપડી વાળ કહેવાય છે. એ વાતની મને ખબર નથી કે અમારી અટક ઉપર થી આ વિસ્તાર નું નામ પડેલું છે. આ વિસ્તાર ને આંબેડકનગર તરીકે પણ ઓળખાય છે. એ વાત ખરી છે કે આખો દલીત વાસ છે. એ વાત ખરી છે કે મુસ્લિમ લોકો અને અમારા જ્ઞાતિ સાથે વાંધા તકરાર ચાલે છે. એ વાત ખરી છે કે મારી માતા ને ખરેખર મજા ન હતી. સાહેદ જણાવે છે કે બાટલા ચડતા હતા. એ વાત ખરી નથી કે તે દવાખાને દાખલ હતા, સાહેદ જણાવે છે કે તે દવાખાનેથી આવી ગયા હતા. ભોગબનનાર અને આરોપી(આફરીન) ને શું સબંધ હતો તેની મને ખબર નથી. એ વાત ખરી

છે કે તે બંને ફોનમાં વાતચીત કરતા હોય તે પણ મને ખબર નથી. એ વાત ખરી છે કે બનાવ પહેલા થી તેઓ બંને એકબીજાને ઓળખતા હોય તો તે પણ મને ખબર નથી. એ વાત ખરી નથી કે મને ભોગબનનાર એ આરોપી આફરીન સાથે જવાનું છે તેવુ કહેલુ. એ વાત ખરી નથી કે હું અને ભોગબનનાર બંને જણા અમારી રાજી ખુશી થી હોન્ડા પર આરોપી સાથે ગયેલા. એ વાત ખરી નથી કે આરોપી અમને બંને ને પછી મારી મમ્મી દવાખાને દાખલ હતા ત્યાં મુકી ગયેલા. એ વાત ની મને ખબર નથી આ ફરિયાદ થયેલ તે પહેલા અમારા દલિત જ્ઞાતિના બધા લોકો આગેવાનો ભેગા થઈને ચર્ચા વિચારણા કરેલી. હુ પહેલા જે વાડી વાળા ના ત્યાં ગયેલી તેનું નામ મને ખબર નથી. પહેલો ફોન અમારા બાજુમાં રહેતા હતા તેના એક ઓળખીતા ને કરેલો. એ વાત ખરી છે કે તે ભાઈ ત્યાં આવ્યા હતા. આ ભાઈ અમારી જ્ઞાતિમાં આગેવાન હતો કે કેમ તે મને ખબર નથી. એ ભાઈ ની સાથે મારા ભાઈ અને મારી બહેનપણી ના પપ્પા એ બધા સાથે આવેલા. એ વાડી વાળા ના ઘરે હું આશરે બપોર ના સાડા ચાર પાંચ વાગ્યે પહોચેલી. અને આ ફોન કર્યા પછી પંદર – વીસ મીનીટ પછી ઉપરોકત બધા માણસો આવી ગયેલા. અમે ત્યાં અડધો કલાક રોકાણા. એ દરમિયાન આંબેડકરનગર મારા ઘરે નતા ગયા. પોલીસ ચોકી એ મારા ફઈનો છોકરો, મારા ભાઈ અને બહેનપણી ના પપ્પા ગયેલા અને પાછળથી મારા મમ્મી અને બીજા પણ આવી ગયેલા. આ સિવાય કોઈ બીજું પોલીસ ચોકી માં મારા દાદી અને મોટી મા હતા. પોલીસ ચોકી એ કયારે પહોચેલા એ ટાઈમ ખબર નથી. સવાલ: તમારા બે માંથી પહેલી પુછપરછ પોલીસે કોની કરેલી? જવાબ: બંનેની સાથે જ કરેલી.એ વાત ખરી છે

કે નિવેદન લેવાઈ ગયા પછી પોલીસે અમારા બંને ની સહી લીધેલી હતી. અમારી હાજરીમાં બીજા કોઈની પુછપરછ કરેલી નતી. એ વાત ખરી છે કે પોલીસે બધુ પુછી લીધુ અને એની રીતે લખાણ લખી અને મારી સહી લીધેલુ. એ વાત ખરી છે કે અમો જે બોલતા હતા તે પોલીસ ે હાથે લખતા હતા એન જે હાથે લખાયુ તેમાં જ અમારી સહી લીધેલી. એ વાત ખરી નથી કે પોલીસે હાથેથી શું લખેલું તે અમને ખબર નથી. એ વાત ખરી નથી કે આજે જુબાની દેવા આવ્યા તે પહેલા પોલીસ વાળા એ મને બધુ વં ચાવેલું. એ વાત ખરી નથી કે મે પોલીસના જવાબમાં એ હકીકત લખાવેલ નથી કે '' અને પછી બાઈક વાળા આફરીને તેની પાસેનો ચપ્પુ કાઢીને મારા પેટે અડાડી દીધેલ એન કહયું કે અવાજ ના કરતી છાની માની બેસી રહે. જો રાડો પાડી તો ચાકુ પેટમાં મારી દઈસ''. એ વાત ખરી નથી કે મે પોલીસના જવાબમાં એ હકીકત લખાવેલ નથી કે ''પછી જંગલ વાળા રસ્તે લઈ ગયો અને પુલ જેવુ આયું ત્યાં બાઈક ઉભુ રાખયું. પછી મારી સાથે મારી ભોગબનનાર બહેનપણી ને તેની સાથે લઈ ગયેલ અને મને ઉભી રાખી દીધી.'' એ વાત ખરી નથી કે ખરે ખર કોઈ બનાવ બનેલો જ ન હોય પરંતુ અમારા દલીત વાસમાં મુસ્લિમ લોકો રહે તે અમારા સમાજ ને ગમતુ ન હોય અને આરોપી મદદ કરવાના હેતુ થી અમોને દવાખાને મુકી ગયેલ ની વાત ખમારા સમાજ ના લોકો ને થતા આ આખો ખોટો બનાવ ઉભો કરી અમારા આગેવાનો એ તે બાબતે મીટીંગ કરી અમોને તેમજ ભોગબનનાર ને આખી વાત સમજાવી પોલીસ સાથે વાતચીત કરી જ્ઞાતિ આગેવાનોએ જ અમારા નિવેદનો લખાવેલા હતા. તે વાત ખરી નથી કે પોલીસે મારી કોઈ પુછપરછ કરેલ નથી કે કોઈ

નિવેદન લીધેલ નથી. એ વાત ખરી નથી કે મને કોર્ટમાં લઈ ગયા ત્યારે મારા જ્ઞાતિ આગેવાનો એ મારે શું બોલવાનું છે તે મને શીખવાડેલું હતુ. તે વાત ખરી નથી કે મને શીખવાડેલું કે મે ગોખી લીધેલું હતું. એ વાત ખરી નથી કે મને કોર્ટમાં લઈ ગયા ત્યારે મને ત્યાં કોઈ પુછપરછ કરેલ નહી પરંતુ ત્યાં નિવેદન તૈયાર હતુ ત્યાં મારી માત્ર સહી કરાવેલી હતી.  તે વાત ખરી નથી કે ''અને પછી બાઈક વાળા આફરીને તેની પાસેનો ચપ્પુ કાઢીને મારા પેટે અડાડી દીધેલ એન કહયું કે અવાજ ના કરતી છાની માની બેસી રહે. જો રાડો પાડી તો ચાકુ પેટમાં મારી દઈસ'' અને ''પછી જંગલ વાળા રસ્તે લઈ ગયો અને પુલ જેવુ આયું ત્યાં બાઈક ઉભુ રાખયું. પછી મારી સાથે મારી ભોગબનનાર બહેનપણી ને તેની સાથે લઈ ગયેલ અને મને ઉભી રાખી દીધી.'' આવું મે મારા જજ સાહેબ ના નિવેદન માં લખાવેલ નથી. એ વાત ખરી નથી કે આજે પણ જુબાની આપવા આવી પહેલા મને તે પહેલા કોર્ટમા જુબાની કેમ દેવી તેમ શીખવાડેલ હતું. એ વાતની મને ખબર નથી કે મે આગળ પોલીસ જવાબમાં મે બાઈક ના નંબર લખાવેલ કે કેમ. એ વાત ખરી છે કે મે પોલીસ જવાબમાં આ બાઈક કઈ કંપની નું બાઈક કે કયા કલરનું છે તે લખાવેલ નથી. એ વાત ખરી નથી કે ખરેખર કોઈ બનાવ બનેલ ન હોવા છતા કે પોલીસે મારો કોઈ નીવેદન લીધા છતા અમારા જ્ઞાતિ આગેવાનો ની સુચના મુજબ હું ખોટી જુબાની આપુ છું.

(૨૦.૧ )    આ કામમાં ફરીયાદપક્ષના સાહેદ નં.૪ તરીકે ડો.નીલેષભાઇ સામતભાઇ મકવાણાને આંક–૫૧ થી તપાસવામાં આવેલ છે તેઓ તેમના

પુરાવામાં જણાવે છે કે, ગઈ તા.૭/૧૦/૨૦૨૩ ના રોજ બપોરના ૧૨:૦૫ વાગ્યે હુ મેડીકલ ઓફીસર તરીકે મારી ફરજ પર હતો ત્યારે ડી.વાય.એસ.પી. શ્રી સુરજીત મહુડીની સહી વાળી યાદી સાથે ભોગબનનારને મારી પાસે ડબલ્યુ એલ.આર.– જીગનાબેન સુસર, બકલ નં. ૭૮૨ વાળી શારીરિક તપાસ, તેમજ ભોગબનનારની પ્રેગન્સી છે કે કેમ તથા ભોગબનનારને સ્ત્રી રોગ નિષ્ણાત દવારા તપાસ કરી ભોગબનનાર સાથે શારીરીક સંભોગ કરેલ છે કે કેમ તે માટે લઈ આવેલ હતા. ભોગબનનારનું પ્રથમ ઓ.પી.ડી કેસ કઢાવવામાં આવેલ. ભોગબનનારના ઓળખ નિશાન તરીકે કપાળમાં જમણા હાથે એક તલ હતુ. ભોગબનનાર સંપુર્ણપણે ભાનમાં હતા. ભોગબનનારન શારીરીક તપાસણી કરવા માટેની સંમતિ બદલ તેણે મારા રૂબરૂ ઓ.પી.ડી કેસ પેર્પસમાં સહી કરી આપેલ તેમજ તેના વાલી તરીકે તેના કાકી કમળાબેનએ પણ મારી રૂબરૂ સહી કરી આપેલ અને રૂબરૂ તરીકે લાવનાર પોલીસ જીગ્નાબેનએ સુસર, બકલ નં. ૭૮૨ એ પણ રૂબરૂ તરીકે ઓ.પી.ડી. કેસ પેર્પસમાં સહી કરી આપેલ. ભોગબનનારના બાહ્ય શારીરીક અંગો પુર્ણ વિકસીત હતા. ચાલ સ્થિર હતી તથા કોઈ ઈજાના નિશાનો જોવા મળેલ નહી. ભોગબનનારના પ્રેગન્સીનો રીપોર્ટ નેગેટીવ હતો. ભોગબનનારને સ્ત્રી રોગ નિષ્ણાંત ડો.જય લાખાણીના અભિપ્રાય માટે મોકલાવેલ. ડો.લાખાણીએ ભોગબનનારને તપાસી અભિપ્રાય આપેલ કે ભોગબનનારનું યોનીપટલ ત્રણ વાગ્યાની પોઝીશનમા તુટેલ હોય તેમજ ભોગબનનારને માસીક ધર્મનો બીજો દિવસ હોય, ભોગબનનારની યોનીમા લોહી જોવા મળેલ હતુ. ઈજા કે સોજો જણાયેલ ન હોય. શારીરીક સં

ભોગની શકયતા નકારી શકાતી નથી.

બચાવપક્ષે આ સાહેદની કરવામા આવેલી ઉલટતપાસમાં તેઓ જણાવે છે કે, એ વાત ખરી છે કે, ભોગબનનારે મારી સમક્ષ કોઈ હિસ્ટ્રી આપેલ નથી. એ વાત ખરી છે કે, ભોગબનનારની તપાસણી દરમિયાન તેઓ ઉપર બળજબરી થયાના કોઈ નિશાન જોવા મળેલ નથી. એ વાત ખરી છે કે, ભોગબનનારના બાહય અંગો ઉપર કોઈ ઈજાના નિશાન જોવા મળેલ નથી. એ વાત ખરી છે કે, હાઈમેન ટોન થવાના શારીરીક સંભોગ સિવાયના અન્ય કારણો હોય શકે. એ વાત ખરી નથી કે, ભોગબનનારને મારી સમક્ષ કોઈ મેડીકલ તપાસણી કરવા માટે લાવવામાં આવેલ નથી. એ વાત ખરી નથી કે, પોલીસ યાદીના આધારે તમામ સર્ટી.મે મારી જાતે તૈયાર કરેલ છે. એ વાત ખરી નથી કે, ખોટી જુબાની આપુ છુ.

(૨૧) આ કામે ફરીયાદ પક્ષે સાહેદ નં.પ તરીકે ડો.નયનભાઈ રાજેશભાઈ કરમટાને આંક–૯પથી સોગંદ ઉપર તપાસેલ છે. તેઓના પુરાવામાં તેઓ જણાવે છે કે, તા.૬/૧૦/૨૩ ના રોજ હું મેડીકલ ઓફીસર તરીકે સી એચ સી હોસ્પીટલ રાણાવાવ ખાતે મારી ફરજ પર હતો ત્યારે સુરજીત મહીડુ ના.પો.અધિ.ગ્રામ્ય તરફથી રાણાવાવ પો.સ્ટે. ગુ.ર.નં પાર્ટ એ...૦૨૫૯૭/૨૩ ના કામના ભોગબનનારની મેડીકલ તપાસણી તેમજ તેની સાથે સંભોગ થયેલ છે કે કેમ તેમજ ભોગબનનાર પ્રેગન્ટ છે કે કેમ તેમજ તેના સેમ્પલો લેવાની યાદી સાથે ડબલ્યુ પી સી જીગ્નાશાબેન, બકલ નં.૭૮૨ લાવેલા. ભોગબનનારનું પ્રથમ ઓ.પી.ડી કેસ કઢાવવામાં આવેલ. ભોગબનનાર સ્થળ સ્થિતીથી સભાન હતા અને જાગ્રુત હતા. તેની મેડીકલ

તપાસણી માટે તેમજ સેમ્પલો માટે લેખિત સંમતિ લેવામા ંઆવેલ અને તેને મારા રૂબરૂ ઓ.પી.ડી કેસ પેર્પસમા સહી કરેલ તેમજ દર્દીના સગા કમળાબેન સાદીયાએ પણ મારા રૂબરૂ સહી કરી આપેલ તેમજ રૂબરૂ તરીકે ભોગબનનારને લાવનાર ડબલ્યુ જીગ્નાશાબેન, બકલ નં.૭૮૨ પણ સહી કરી આપેલ. ભોગબનનારે મારી સમક્ષ હિસ્ટ્રી જણાવેલ કે, '' **ભોગબનનારને આજે તા.૬/૧૦/૨૩ ના સાડા ત્રણ વા ગ્યાની આસપાસ તેમને ટયુશન કલાસીક(સ્કુલની બાજુમા) વાળી જગ્યાએથી આફરીન અસગર કાદરી દવારા ચાકુ બતાવીને તથા ધમકી આપીને ભોગબનનાર તથા તેની સાથે રહેલ યુવતીને પોતાની મો.સા. પર બેસાડીને અવાવરૂ જગ્યાએ લઈ ગયેલ. ત્યાંથી ભોગબનનારની સાથે રહેલ યુવતી ત્યાંથી ભાગી ગયેલ. આફરીન દવારા ભોગબનનાર સાથે તેની મરજી વિરૂધ્ધ જબરજસ્તીથી એક વાર સંબધ બાધેલ છે તથા પ્રોટેકશન યુઝ કરી સંબંધ બાધેલ છે તથા આની પહેલા કયારેય ભોગબનનાર સાથે સંબંધ બાધેલ નથી તથા પ્રાઈવેટ પાર્ટ પર ઈજા પહોંચાડેલ નથી.**'' આ મુજબનું નિવેદન મારી મરજીથી આપુ છુ અને કોઈના દબાણમાં આવીને આપતી નથી તથા મારી તપાસ પણ મારી મરજીથી કરાવુ છુ તથા હું તપાસ માટેની સંમતિ આપુ છુ. તે નોંધ મે મારા હસ્તાક્ષરમાં કરેલી અને તેની નીચે ભોગબનનારે સંમતિ બદલ મારા રૂબરૂ સહી કરી આપેલ. તા.૮/૧૦/૨૩ ના રોજ હું મેડીકલ ઓફીસર તરીકે સી એચ સી હોસ્પીટલ રાણાવાવ ખાતે મારી ફરજ પર હતો ત્યારે સુરજીત મહીડુ ના.પો.અધિ.ગ્રામ્ય તરફથી રાણાવાવ પો.સ્ટે. ગુ.ર.નં પાર્ટ એ...૦૨૫૯૭/૨૩ ના કામના ભોગબનનારના ડીએનએ સેમ્પલ

માટે યાદી સાથે મારી પાસે લાવવામાં આવેલા.પ્રથમ મે ભોગબનનારના ફોટા સાથેનું ડીએનએ આઈડીટીફીકેશન ફોર્મ ભરેલ જેમાં ભોગબનનાની વિગત અને સાક્ષીઓની વિગત ભરેલી તે વિગત તે ફોર્મમાં ભોગબનનારે સહી કરી આપેલ અને સાક્ષી તરીકે કમળાબેન ડાયાભાઈ અને નીતાબેન ધીરૂભાઈ સાદીયાએ પણ મારા રૂબરૂ સહી કરી આપેલી. તેમજ તે ફોર્મમાં મે ૫ એમ એલ બ્લડ લીધેલ તેની વિગત પણ દર્શાવેલ. ગઈ તા.૧૦/૧૦/૨૩ ના રોજ હું મેડીકલ ઓફીસર તરીકે સી એચ સી રાણાવાવ ખાતે મારી ફરજ પર હતો ત્યારે ના.પો.અધિ.સુરજીત મહીડુ તરફથી રાણાવાવ પો.સ્ટે. ગુ.ર.નં પાર્ટ એ...૦૨૫૯૭/૨૩ ના કામના આરોપી આફરીન અસગર કાદરીની મેડીકલ તપાસણી તેમજ તેના સેમ્પલ લેવાની યાદી સાથે પો કોન્સ.સરમણભાઈ મારૂ, બકલ નં.૪૬૨ લાવેલા. આરોપીનું પ્રથમ ઓ.પી.ડી કેસ કઢાવવામાં આવેલ. આરોપી સ્થળ સ્થિતીથી સભાન હતા અને જાગ્રુત હતા. તેની મેડીકલ તપાસણી માટે તેમજ સેમ્પલો માટે તેને મારા રૂબરૂ સંમતિ લેવામાં આવેલ અને મારા રૂબરૂ ઓ.પી.ડી કેસમાં સહી કરી આપેલ. આરોપી સ્થળ સ્થિતીથી સભાન હતા. તેમની બોલી સામાન્ય હતી. તેમનું બ્લડ પ્રેશર ૧ ૨૪/૮૦ હતુ. તેમના ધબકારા ૭૬ પ્રતિ મીનીટ હતા. શરીરનું તાપમાન સામાન્ય હતુ. તેમજ તેઓના શ્વાસોશ્વાસ હદય તથા સી એન એસ માં કોઈ અનિયમીતા જોવા ન મળેલ. તેઓના સેકન્ડરી સેકસયુલ કેરેકટર વેલ ડેવલોપ હતા. તેણે બ્લુ કલરનું ટીશર્ટ પહેરેલ હતુ તથા લાઈટ બ્લુ કલરનું જીન્સ પહેરેલ હતુ. તેમના શરીર ઉપર કે પ્રાઈવેટ પાર્ટ ઉપર કોઈ બાહય ઈજાના નિશાન જોવા મળેલ ન હતા. તેમજ તેમના કપડા ઉપર પણ કોઈ જાતના ડાઘ

ધબ્બા જોવા મળેલ ન હતા. તેમનો પેનીસ ઈરેકશન સ્ટીમયુલાઈ ઉપર જોવા મળેલ હતુ.

બચાવપક્ષે કરવામાં આવેલ આ સાહેદની ઉલટ તપાસ દરમ્યાન જણાવેલ છે કે, એ વાત ખરી નથી કે ભોગબનનારનું મે કોઈ આધાર કાર્ડ લીધેલ નથી કે જોયેલ નથી. એ વાત ખરી છે કે, ભોગબનનારને પોલીસ લેડી કોન્સ. સાથે લઈને આવેલ હતા. એ વાત ખરી નથી કે જે ભોગબનનારની મે તપાસણી કરેલ છે તેનું નામ સંબંધે મે. કોઈ ખરાઈ કરેલ નથી પરંતુ પોલીસે જે નામ કહેલ તે નામ મે લખી લીધેલ છે. એ વાત ખરી નથી કે, મે કોઈ ભળતા નામવાળી છોકરીનું પરીક્ષણ કરેલ છે અને પોલીસના કહેવા મુજબ ભોગબનનારનું નામ લખી લીધેલ છે. એ વાત ખરી નથી કે મે જેની તપાસણી કરી તે પુખ્ત ઉમરની કોઈ છોકરી હતી. એ વાત ખરી નથી કે, ખરેખર જે ભોગબનનારનું નામ લખેલ છે તેવી કોઈ દિકરીનું મે પરીક્ષણ કરેલ નથી. એ વાત ખરી છે કે, કોઈ સ્ત્રી પીરીયડમા થાય તો પણ તેને બ્લીડીગ થાય. એ વાત ખરી છે કે મે આપેલ રીપોર્ટમાં આ બ્લીડીગ કયા કારણથી થાય છે તે અંગેની વિગત તેમા લખેલ નથી. એ વાત ખરી છે કે, ભોગબનનારને શરીરના ભાગમાં ઈજાઓ હોય તેવું હતુ નહી. એ વાત ખરી છે કે, કોઈ સ્ત્રી ઉપર બળજબરી થાય અને વિરોધ કરે તો તેને ઈજા થવાની સભાવના ખરી. એ વાત ખરી છે કે, યોનીપટલ તુટવાના અનેક કારણો હોય જેમા સાઈકલીગ, રનીગ કે કયાય પડી જાય તો પણ તુટી શકે. એ વાત ખરી છે કે, યોનીપટલ તુટેલ છે તે શરીર સંબંધ બાધવાના ચોકકસ કારણે

જ છે તે હું કહી શકુ નહી. એ વાત ખરી છે કે, બળાત્કાર થયેલ હોવાની સંભાવના હોવાનું હુ કહી શકુ પરંતુ બળાત્કાર થયેલ છે તે હું કહી શકુ નહી. એ વાત ખરી છે કે, મે પોલીસને જે મેડીકલ સર્ટી. આપેલ તેમા કયાય હિસ્ટ્રી લખેલ નથી. એ વાત ખરી છે કે મેડીકલ પેપર જે અમારા કબ્જામા હતા જે આજરોજ પહેલી વાર હું નામદાર કોર્ટમાં લાવેલ છુ. એ વાત ખરી નથી કે, ખરેખર ભોગબનનારે કોઈ હિસ્ટ્રી લખાવેલ જ ન હોય તેથી મે મેડીકલ સર્ટી.મા કોઈ હિસ્ટ્રી લખેલ નથી. એ વાત ખરી નથી કે, મને આ કેસમાં જુબાની આપવા માટેનો સમન્સ મળતા અને તેથી મારા સીનીયર ડોકટરોની સલાહ લેતા હિસ્ટી લખવી ફરજીયાત હોવાનું જણાવતાં મે પોલીસ પાસેથી પેપર્સ મગાવી તેના આધારે મારી પાસે રહેલા ઓરીજનલ ડોકયુમેન્ટોમા મે પાછળથી ખોટી હિસ્ટ્રી લખી લીધેલ છે. એ વાત ખરી નથી કે, મે કોઈ નમુનાઓ લીધેલ નથી. એ વાત ખરી નથી કે મે કોઈ આરોપીનું મેડીકલ ચકાસણી કરેલ ન હોય પરંતુ પોલીસની સુચના મુજબ મે ખોટુ સર્ટી. તૈયાર કરેલ છે. એ વાત ખરી નથી કે, મે કોઈ આરોપીની હિસ્ટ્રી લીધેલ નથી પરંતુ પોલીસ પેપરના આધારે મે જાતે લખી લીધેલ છે. એ વાત ખરી છે કે, મે આરોપીના મેડીકલ સર્ટી.મા કોઈ હિસ્ટ્રી લખેલ નથી. એ વાત ખરી નથી કે મે કોઈ હિસ્ટ્રી લીધેલ જ ન હોવાને કારણે તેવી હિસ્ટ્રી અંગેનો કોઈ ઉલ્લેખ મારા મેડીકલ સર્ટી.મા કરેલ નથી. એ વાત ખરી નથી કે ખોટી જુબાની આપુ છુ.

(૨૨) આ કામમાં ફરીયાદપક્ષના સાહેદ નાગાજણભાઈ કાનાભાઈ ખુંટીને આંક–૧૧૩ થી તપાસવામાં આવેલ છે. આ સાહેદ તેમના પુરાવામાં

જણાવે છે કે, બનાવ આજથી દોઢ બે વર્ષ પહેલાં બનેલો. બપોરના અઢી ત્રણ વાગ્યાનો સમય હતો. ત્યારે હું મારી વાડીએ હાજર હતો. હું મારી વાડીએ બેઠો હતો તો એક છોકરી દોડીને આવેલી. તેને એવું કહેલ કે હું ભુલી પડી ગયેલ મને ઘરે મુકી જાઉ. એટલે મે અને મારા પપ્પાએ આ છોકરીની પુછપરછ કરેલ. છોકરીએ કહેલ કે હું રાણાવાવની છુ અને મને મુકી જાઉ. મે પુછેલ કે તમે અહીયા કઈ રીતે આવેલ તો તેણીએ કહેલ કે હું અને મારી ફ્રેન્ડ છોકરા ભેગી આવેલ. હું અહી ઉતરી ગયેલ અને મારી ફ્રેન્ડ આગળના રસ્તે ગયેલ. જેથી મે મારા મિત્ર અર્જુનભાઈને ફોન કરેલો. જેથી અર્જુનભાઈ તથા તેના મિત્ર કિરીટભાઈ અને દિવ્યેશભાઈ ત્યાં મારી પાસે આવેલા. પછી અમો બધા છોકરીની પુછપરછ કરતા હતા. ત્યાં તે છોકરીની બીજી ફ્રેન્ડ અને તેનો મિત્ર હોન્ડા લઈને નીકળેલ. તે લોકો નિર્મળ બાપુના મંદિર બાજુથી આવતા હતા. પછી અમો તેને દેખી ગયેલ તેથી પકડવાની કોશિશ કરેલ. છોકરીને મો.સા.માથી ઉતારી લીધેલ અને છોકરો ત્યાંથી ભાગી ગયેલો.

પછી બંને છોકરીઓને પુછપરછ કરેલ તો હોન્ડા પર હતી તે છોકરીએ જણાવેલ કે, અમે ટ્યુશનમા જતી હતી ત્યારે છોકરાએ છરી બતાવીને અમને બંનેને ભેગી બેસાડી દીધેલી અને બીજી છોકરીએ કહેલ મને અહી ઉતારી દીધેલ અને આ બંને અંદર જંગલમા ગયેલા. જેથી અમોને શં કા જતાં અમોએ છોકરીના મા બાપને જાણ કરેલી અને તેઓએ પોલીસને જાણ કરેલી અને પ્રથમ છોકરીના મા બાપ આવેલ પછી પાંચ મીનીટ પછી પોલીસ આવેલ અને હોન્ડા ઉપરથી ઉતારી લીધેલ છોકરીના પેન્ટમા બ્લડના ડાઘા હતા. આ છોકરો આફરીન કાદરી હતો. તેમજ

**હું રાણાવાવમા જજ સાહેબ પાસે કોર્ટમાં નિવેદન આપવા માટે ગયેલો તેમ જણાવે છે અને આંક–૧૧૪ થી સાહેદનું સી.આર.પી.સી. કલમ–૧૬૪ અન્વયેનું નિવેદન રજુ કરવામાં આવેલ છે.**

બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસ દરમ્યાન આ સાહેદે જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, આ બંનેમાથી એક પણ છોકરીને હું ઓળખતો નથી. એ વાત ખરી નથી કે, છોકરીએ અમોને અપહરણ થયાની કોઈ વાત જણાવેલ નથી. આ વાડી મારા દાદાના નામે છે. એ વાત ખરી છે કે, બનાવ ચોકકસ કઈ તારીખે બનેલ તે મને ખબર નથી. બનાવ પછી પોલીસે મારૂ નિવેદન બીજા દિવસે પોલીસે મારી વાડીએ લીધેલ હતુ. એ વાત ખરી છે કે મારૂ નિવેદન લીધેલ ત્યારે મારા મિત્રો પણ હાજર હતા. મારા મિત્રોમા અર્જુન, કીરીટ, દિવ્યેશ હાજર હતા. પોલીસ કેટલા વાગ્યે આવેલ તે મને યાદ નથી. એ વાત ખરી છે કે, પોલીસે અમો તમામની ભેગી જ પુછપરછ કરી હતી. હવે હું કહુ છુ કે, પહેલા ંમને બોલાવેલ અને મારૂ એકલાનું નિવેદન લીધેલ. પોલીસ સ્થળ ઉપર હાથે લખતી હતી. એ વાત ખરી છે કે, પોલીસે લખાઈ ગયા પછી મને વંચાવીને મારી સહી લીધેલી. એ વાત ખરી છે કે, પોલીસ કોમ્પ્યુટરમાં મારૂ નિવેદન લખતી હોય તેવું કઈ બનેલ નથી. મને કોર્ટમા જજ સાહેબ પાસે કેટલા દિવસ પછી બોલાવેલ તે ખ્યાલ નથી. એ વાત ખરી છે કે, પોલીસે મારૂ નિવેદન લીધેલ પછી આ બનાવ સંબંધી બાબતો છાપોઓમા પણ આવેલી. એ વાત ખરી નથી કે, આ તમામ વિગતો મને છાપોઓમાંથી જાણવા મળેલ. મને એ અત્યારે યાદ નથી કે મારૂ પોલીસમા નિવેનદ લેવાયેલ બે ત્રણ દિવસમાં જ હું કોર્ટમા નિવેદન આપવા

ગયેલ કે કેમ.  એ વાત ખરી છે કે, મે કોર્ટમા ચોકકસ શું લખાવેલ તે મને હાલ યાદ નથી. એ વાત ખરી નથી કે આ કામના આરોપી સાથે મારે અંગત મન દુ:ખ હોય તેથી બનાવ સંબધ હું કોઈ જાણતો ન હોવા છતાં પોલીસમા ખોટુ નિવેદન લખાવેલ છે. એ વાત ખરી નથી કે, મને કોર્ટમાં લઈ ગયેલ ત્યારે ત્યાં નિવેનદ તૈયાર હતુ અને તેમાં તૈયાર નિવેદનમાં મારી સહીઓ કરાવેલ હતી. એ વાત ખરી નથી કે, કોઈ ભોગબનનાર છોકરી દવારા કોઈ પ્રકારની વાતચીત કરેલ નથી પરંતુ બંને છોકરીના પિતા સાથે અમારે સારા સંબંધો હોય અને તેથી તેઓના કહેવાથી કોઈ બનાવ બનેલ ન હોવા છતાં ખોટી વિગત જણાવુ છુ. એ વાત ખરી નથી કે હું આરોપીને બનાવ અગાઉથી પહેલેથી ઓળખુ છુ. એ વાત ખરી નથી કે, હું અગાઉથી ઓળખતો હોવાના કારણે મે કોર્ટમા તેને ઓળખી બતાવેલ છે. એ વાત ખરી છે કે, આ છોકરીઓએ કેવા કપડા પહેરેલ તે મને યાદ નથી. એ વાત ખરી નથી કે, તેની પાસે કોઈ દફતર હોવાનું મને યાદ નથી. એ વાત ખરી છે કે, અમો તથા ફરીયાદ પક્ષ બધા સાથે પોલીસ સ્ટેશન ગયેલ હોય તેવું બનેલ નથી. એ વાત ખરી છે કે, આ બનાવની ફરીયાદ કોણે લખાવેલ તેની મને ખબર નથી. એ વાત ખરી નથી કે, અમો તમામ મિત્રોના એક સરખા નિવેદન પોલીસે કોમ્પ્યુટરમા કાઢી અને ચાર્જશીટમા રાખેલ હોય અને તે મુજબના કોઈ નિવેદન અમોએ પોલીસને લખાવેલ નથી. એ વાત ખરી નથી કે, ખોટી જુબાની આપુ છુ.

(૨૩) આ કામમાં ફરીયાદપક્ષના સાહેદ અર્જૂનભાઈ હોથીભાઈ રાણાવાયાને આંક–૧૧૫ થી તપાસવામાં આવેલ છે. આ સાહેદ તેમના પુરાવામાં જણાવે છે કે, **હું મોબાઈલ વાપરુ છુ મારા મોબાઈલ નં.૯૯૨૪૦**

**૭૮૫૧૮ છે. મારા મિત્રમાં દિવ્યેશ, કિરીટભાઈ વિશાણા વિગેરે છે. બનાવ બનેલ તેને આશરે બે વર્ષ થયેલ. મને નાગાભાઈનો ફોન આવેલ. નાગાભાઈએ કહેલ કે, આપણી વાડીએ એક છોકરી બેઠી છે તમો આવો. જેથી હું, દિવ્યેશભાઈ, કિરીટભાઈ નાગાભાઈની વાડીએ ગયેલા. ત્યાં એક છોકરી બેઠી હતી અને બાઈક ઉપર આફરીન અને એક છોકરી દિનુવારી ખાટ બાજુથી બાઈક લઈને આવતો હતો. જેથી અમોએ તેને રોકવાની કોશીશ કરેલી અને તેની સાથેની છોકરી બાઈક પરથી ઉતરી ગયેલ અને આફરીન બાઈક લઈને જતો રહેલ. આ છોકરીને અમે પુછેલ તો તેને કહેલ કે રાણાવાવ બસ સ્ટેન્ડ ઉપર આફરીને છરી બતાવેલ અને કહેલ કે, બેસી જાઉ એમ કહીને અમને બંનેને બાઈક ઉપર લઈ ગયેલ. જે  છોકરીને બાઈક ઉપરથી ઉતારી લીધેલ તેના પેન્ટ ઉપર લોહી દેખાતુ હતુ તેથી તેના મા બાપને જાણ કરેલ અને પોલીસને પણ જાણ કરેલ અને પોલીસ તથા તેના મા બાપ ત્યાં આવી ગયેલા અને છોકરીઓ પોલીસ સ્ટેશને ગયેલી.** આ બનાવ અંગે પોલીસ ` પુછપરછ કરી મારો જવાબ લીધેલો. કોર્ટમા જજ સાહેબ પાસે હું જવાબ લખાવવા ગયેલ કે કેમ તેનો મને ખ્યાલ નથી તેમ જણાવે છે અને આં ક–૧૧૬ થી સાહેદનું સી.આર.પી.સી. કલમ–૧૬૪ અન્વયેનું નિવેદન રજુ કરવામાં આવેલ છે.

બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસ દરમ્યાન આ સાહેદે જણાવેલ છે કે, હું આયરવાડી રાણાવાવ રહુ છુ. મારે હોટલ છે. એ વાત ખરી છે કે બનાવ સંબંધે મને નાગાભાઈનો ફોન આવેલો. એ વાત ખરી છે કે, નાગાભાઈ મારા મિત્ર છે. પછી મે મારા મિત્રોને ફોન કરેલા. નાગાભાઈએ

ફોન કર્યા પછી અમો ૨૦ મીનીટ મા પહોંચેલ હતા. એ વાત ખરી છે કે, અમો ગયેલ ત્યારે નાગાભાઈએ જે કઈ વાતચીત કરવાની હતી તે કરી લીધેલ હતી. એ વાત ખરી છે કે ત્યારબાદ છોકરીના વડીલોને અમોએ ફોનથી જાણ કરેલી હતી. એ વાત ખરી નથી કે, છોકરીના વડીલો આવી જતા તે છોકરીઓને લઈ ચાલ્યા ગયેલ હતા. અમો તેમજ અમારી સાથે કિરીટભાઈ વિસાણા, દિવ્યેશભાઈ, નાગાભાઈ તથા છોકરીના વડીલો તે રીતે પોલીસ સ્ટેશને ગયેલા. એ વાત ખરી છે કે, અમો કઈ તારીખે ગયેલ તે ચોકકસ યાદ નથી. બનાવના સ્થળે અંદાજે છ સાડા છ વાગ્યે પહોંચેલ હતા, સાહેદ જણાવે છે કે બે વર્ષ જેવુ થયેલ અત્યારે બહુ યાદ નથી. બનાવના દિવસે રાત્રે આઠેક વાગ્યે અમો બધા રાણાવાવ પોલીસ ચોકીએ પહોંચેલ હતા. એ વાત ખરી છે કે, ત્યારે અમારૂ નામ ઠામ પુછીને અમોને જવા દીધેલ હતા. એ વાત ખરી છે કે, ફરીયાદ ચોકકસ કોણે લખાવેલ તે મને ખબર નથી. એ વાત ખરી છે કે, અમોએ મા બાપને બોલાવેલ હતા. એ વાત ખરી છે કે, અમોએ મા બાપ સાથે વાતચીત કરેલ હતી. બીજા દિવસે મને, નાગાભાઈને એસ પી સાહેબે બોલાવેલ હતા. અમોને બીજા દિવસે સવારે સાડા દશ અગીયાર વાગ્યે મેઈન સ્થળ ઉપર બોલાવેલ અને ત્યાં પોલીસ સાથે વાતચીત કરેલ હતી અને અમોને પોલીસ જંગલમા અંદર લઈ ગયેલ હતી. એ વાત ખરી  નથી કે પોલીસે નાગાભાઈની વાડીએ મારી પુછપરછ કરેલ નથી. ત્યારબાદ પોલીસ બનાવના સ્થળે જીપમા આવેલ અને અમો અમારા સ્કુટરમા ગયેલા. એ વાત ખરી છે કે, પોલીસે ત્યાં પંચનામુ તૈયાર કરી અમારી સહી લીધેલ હતી, સાહેદ જણાવે છે કે, રીકન્ટ્રકશન કરેલ

પછી અમારી સહી લીધેલ હતી, સ્થળ ઉપર થી બ્લડ સહીત પ્રોટેકશન મળેલ હતા. એ વાત ખરી છે કે, પોલીસે તે સિવાય બીજી કઈ પુછપરછ કરેલ નહી. એ વાત ખરી છે કે, પોલીસે મારૂ કોઈ નિવેદન લીધેલ નહી પરંતુ પંચનામુ કરેલ તેમા મારી સહી લીધેલ હતી. એ વાત ખરી છે કે હાલના આરોપીને બનાવ પહેલાથી ઓળખુ છુ, સાહેદ જણાવે છે કે રાણાવાવના હોઈ મળતા હોય. એ વાત ખરી નથી કે મારે અને નાગાભાઈને તથા અન્યને હાલના આરોપી સાથે અગાઉ એક વાર બોલાચાલી થયેલી. એ વાત ખરી નથી કે, તેજ કારણે કોઈ બનાવ બનેલ ન હોવા છતા આરોપીને સંડોવવી દેવા માટે થઈ ને આખો ખોટો બનાવ અમોએ જ ઉભો કરેલ છે. એ વાત ખરી નથી કે, ફરીયાદી પક્ષ સાથે અમારે સારો સંબધ હોય તેનો ઉપયોગ કરી, તેની સાથે સાઠગાઠ કરી ખોટી ફરીયાદ અમોએ જ કરાવેલ છે અને તેથી અમો બધા મિત્રો આ કામમા ખોટી રીતે સાક્ષી તરીકે પોલીસમા નિવેદન લખાવેલ હતા.એ વાત ખરી નથી કે, પોલીસે મારી કેટલી સહી કરાવેલ તે યાદ નથી. પોલીસે મારી ત્રણ ચાર સહીઓ કરાવેલ હતી. એ વાત ખરી છે કે, પોલીસ ે મારી જયા જયા સહીઓ કરાવેલ તે પહેલા મને વાંચવા આપતા હતા. સ્થળ ઉપર એક સહી કરાવેલ અને બાકીની સહીઓ પોલીસ ચોકીમા કરાવેલ. એ વાત ખરી છે કે, મે જે સહીઓ ચીફમા(સ.ત) ઓળખી બતાવી તે સહીઓ મારી પોલીસ ચોકીમા લેવામાં આવેલ હતી. એ વાત ખરી નથી કે કહેવાતો કોઈ બનાવ બનેલ ન હોવા છતાં ખોટી જુબાની આપુ છુ.

(ર૪) આ કામમાં ફરીયાદપક્ષના સાહેદ કિરીટભાઈ બટુકભાઈ વિસાણાને આં ક–૧રર થી તપાસવામાં આવેલ છે. આ સાહેદ તેમના પુરાવામાં જણાવે છે કે,

બનાવને આશરે દોઢ વર્ષ પહેલાં બનેલો. બનાવ વખતે અમો ઝરડી ચોક, રાણાવાવ હતો. **હું અને મારો મિત્ર દિવ્યેશ ઝરડી ચોકમાં બેસેલ હતા ત્યારે અર્જુનભાઈ રાણાવાયાનો મારા ઉપર ફોન આવેલ અને કહેલ કે, કોક છોકરીને જોયેલ છે, તે નાગાર્જુનભાઈની વાડીમાં રડતી હતી. પછી હું, દિવ્યેશ, અર્જુનભાઈ નાગાર્જુનભાઈની વાડીએ ગયેલા. ત્યાં આ છોકરી, નાગાર્જુનભાઈ તથા નાગાર્જુનભાઈના ઘરના હાજર હતા. આ છોકરીને અમોએ જોયેલ ત્યારે છોકરી રડતી હતી. પછી તેણીએ કહેલ કે, બીજી છોકરી મારા ભેગી હતી, જંગલ વિસ્તારમાં હતી અને તેણે કહેલ કે આફરીન ખોટુ બોલુને અમને બંનેને લઈ ગયેલો હતો. પછી બધી વાત કરેલ. વાતચીત કરતા હતા તે દરમ્યાન સામેથી આફરીન હોન્ડા લઈને આવતો હતો. પાછળ બીજી છોકરી બેઠી હતી. પછી ત્યાં બધા જોઈ ગયેલા અને છોકરી ઉતરી ગયેલ અને આફરીન ત્યાંથી હોન્ડા લઈને જતો રહેલ. આ છોકરીને મે જોયેલ છે. છોકરીએ બધી વાત કરેલ. ધાક ધમકી થી અમને બંનેને આફરીન લઈ ગયેલો હતો. પછી આ છોકરી જે ઉતરી ગયેલ તેના ઘરનાને બધાને જાણ કરેલી. આ છોકરી જે ઉતરી ગયેલ તેને જોઈને લાગેલ કે આ છોકરી સાથે બળજબરી થયેલ છેં. આ છોકરીના પેન્ટ ઉપર બ્લડના ડાઘા હતા.** છોકરી બધ્ધુ ખુલીને કઈ વાત તો ન કરે. રાણાવાવ કોર્ટમા જજ સાહેબ પાસે મે જવાબ લખાવેલ તેમ જણાવે છે અને આંક–૧૨૩ થી સાહેદનું સી.આર.પી.સી. કલમ–૧૬૪ અન્વયેનું નિવેદન રજુ કરવામાં આવેલ છે.

બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસ

દરમ્યાન સાહેદે જણાવેલ છે કે, હું રાણાવાવમાં ગ્રીન સીટી–૨ માં રહુ છુ. અમો ખેતી ધંધો કરીએ છીએ. અમારી ખેતી કુતિયાણાની બાજુમાં ગામડે ખેતી છે. એ વાત ખરી છેકે, ખેતીની સીઝનમા ગામડે રેહવાનું થાય. એ વાત ખરી છે કે, બનાવ બનેલ ત્યારે ખેતીની સીઝન ચાલતી હતી. અમોને બનાવના દિવસ ે અર્જુનભાઈ રાણાવાયાનો ચાર વાગ્યાની આસપાસ ફોન આવેલો. ત્યારે અમો ઝરડી ચોકમાં હતા અને મારા મિત્રની પાસે બેઠેલ હતો. એ વાત ખરી છે કે, મને નાગાભાઈ નામની વ્યકિતએ ફોન કરેલ નહી. ત્યારબાદ બે બાઈકમાં અમો ત્રણ જણા નાગાભાઈની વાડીએ ગયેલા. અર્જુનનો ફોન આવેલ અને અમો ઝરડી ચોકમાં મળેલ હતો. બનાવના સ્થળે ૧૦–૧૫ મીનીટે પહોંચેલ હતા. એ વાત ખરી છે કે, બનાવ સંબંધે તમામ વાતચીત અમારી પહેલાં ત્યાં છોકરી હાજર હતી ત્યા નાગાભાઈએ વાતચીત કરી લીધી હતી. એ વાત ખરી છે કે, ત્યારબાદ નાગાભાઈએ અમારી સાથે વાતચીત કરેલી હતી. એ વાત ખરી છે કે, ત્યારે અમો નકકી કરતા હતા કે જે છોકરી ગુમ છે તેને ગોતવા જવાની છે. એ વાત ખરી છે કે, તે દરમ્યાન આ છોકરીને કોણ ઉપાડી ગયેલ તેની અમોને ખબર ન હતી. એ વાત ખરી છે કે, અમો જવાનું નકકી કરતા તે દરમ્યાન એક વ્યકિત સામેથી આવતો દેખાયેલ હતો. એ વાત ખરી છે કે, જે વ્યકિત સામેથી આવતો હતો તે અમારા થી ઉભો રહેલ નહી.ત્યારબાદ છોકરીના મા બાપને કોણે ફોન કરેલ તેનો મને ખ્યાલ નથી. એ વાત ખરી છે કે, અમો બંનેમાથી કોઈ પણ છોકરીઓને ઓળખતા ન હતા. એ વાત ખરી છે કે, છોકરીએ કેવા કપડા પહેરેલ તે હાલ મને યાદ નથી. આ છોકરીઓના મા બાપમાંથી કોણ આવેલ તે ચોકકસ આવેલ તે યાદ નથી અને કઈ છોકરીના

મા બાપ આવેલ તે પણ યાદ નથી. એ વાત ખરી છે કે, ત્યારે ઘણા બધા લોકો આવેલા. તેઓ ત્યાં બધા ૧૦–૧૫ મીનીટ રોકાયેલા. ત્યારે સ્થળ ઉપર જ પોલીસ આવી ગયેલી. પોલીસને છોકરીઓના મા બાપે સ્થળ ઉપર બોલાવેલ હતા. એ વાત ખરી છે કે, પોલીસ આવ્યા પછી અમો નીકળી ગયેલા હતા. એ વાત ખરી છે કે, આ બનાવ સંબધેની ફરીયાદ કોણે કરેલ તે મને ખબર નથી, સાહેદ જણાવે છે કે, છોકરીઓના મા બાપે કરેલ હતી. એ વાત ખરી છે કે, પોલીસે અમારૂ નામ ઠામ પુછેલ અને અમો શું કામ આવેલ છીએ તે પુછેલ હતુ. એ વાત ખરી છે કે, તે સિવાય પોલીસે સ્થળ ઉપર અમને કઈ બીજુ પુછેલ નહી. મને એ ખ્યાલ નથી કે, પોલીસે સ્થળ ઉપર ફરીયાદ લખવાની કામગીરી કરેલ કે કેમ તે ખબર નથી. એ વાત ખરી છે કે ત્યાં થી પોલીસ સીધા જયા બનાવ બનેલ ત્યાં જોવા ગયેલ હતા. એ વાત ખરી છે કે, ત્યારે અમો બધા સ્થળ ઉપર જ ઉભા રહેલ હતા.પોલીસ સાથે તેના ઘરના સભ્યો ગયેલ હતા અને તે વખતે અમે ચારેય મિત્રો સ્થળ પર વાતો કરતા ઉભા રહેલ હતા. પોલીસ સ્થળ પરથી પાછી આવેલ ત્યારે અમો ખેતર ઉપર હાજર ન હતા. એ વાત ખરી છે કે, પોલીસે મને ફોન કરીને બોલાવેલો. પોલીસે બીજા દિવસે સાંજના છ સાડા છ વાગ્યે બોલાવેલ અને તે વખતે અમો ચારેય સાથે ગયેલા. એ વાત ખરી નથી કે, અમો પોલીસ સ્ટેશને ગયેલ ત્યારે અમારા ચારેયના જવાબ તૈયાર હતા. એ વાત ખરી છે કે, પોલીસે અમોના નામઠામ અને મોબાઈલ નંબર પુછેલ હતા. એ વાત ખરી નથી કે, ચારેયના એક સરખા નિવેનદ કોમ્પ્યુટરમાંથી કાઢી લીધેલા હતા. એ વાત ખરી નથી કે પોલીસે અમો બધાની એક સાથે પુછપરછ કરેલી હતી. સવાલ :

એ વાત સાચી કે પોલીસને તમે લખાવતા હોય અને પોલીસ હાથે લખતી હોય તેવું કઈ બનેલ નથી ? જવાબ : હા એ વાત ખરી છે. એ વાત ખરી છે કે, પોલીસે મારૂ લખાણ લખાવીને તેમાં સહી કરાવેલ હતી. મને કોર્ટના રેકર્ડમાંથી મારૂ નિવેદન બતાવવામા આવે છે તે જોઈને કહુ છુ કે, તેમા નીચે મારી કોઈ સહી નથી. બનાવના કેટલા દિવસ પછી પોલીસે અમોને કોર્ટમાં જવા માટે લેખિત  જાણ કરેલ હતી તેનો મને ખ્યાલ નથી. અમોએ કોર્ટમાં કઈ લખાવેલ ન હતુ. અમોએ સહી કરી પછી જજ સાહેબે પુછેલ હતુ. એ વાત ખરી છે કે જજ સાહેબને ચોકકસ મે શું લખાવેલ, તે આખુ યાદ નથી. પોલીસે મારો એક જ વાર જવાબ લીધેલ અને તે બનાવના બીજા દિવસે જવાબ લીધેલો. એ વાત ખરી છે કે આ કામના આરોપી આફરીનને અગાઉથી જ ઓળખતા હતો કેમ કે તે મારા ગામના છે. એ વાત ખરી છે કે આફરીનની થોડીક માથાભારે તરીકેની છાપ છે. એ વાત ખરી નથી કે અગાઉ આફરીન સાથે અમારે બોલાચાલી પણ થયેલી હતી. એ વાત ખરી નથી કે, અમો ચારેય મિત્રો એક જ્ઞાતિના છે, સાહેદ જણાવે છે કે, અમે ત્રણ એક જ્ઞાતિના છે. એ વાત ખરી નથી કે, અમારે અગાઉ આફરીન સાથે અણબનાવ થયેલ હોય જેથી બદલો લેવા ફરીયાદપક્ષના સભ્યોને ખોટા ઉશ્કેરી કોઈ બનાવ બનેલ ન હોવ છતાં આફરીનને હેરાન કરવા આને તેને ખોટા કેસમા ફસાવી દેવા તમામ મિત્રોએ કાવતરૂ રચી ખોટો કેસ ઉભો કરેલ છે. એ વાત ખરી નથી કે ખરેખર કોઈ બનાવ બનેલ જ ન હોય આમ છતાં આરોપીને ફસાવવાં ખોટી જુબાની આપુ છુ.

(૨૫) આ કામમાં ફરીયાદપક્ષના સાહેદ દિવ્યેશભાઈ લાલગર મેઘનાથીને આં

ક–૧૨૪ થી તપાસવામાં આવેલ છે. આ સાહેદ તેમના પુરાવામાં જણાવે છે કે, **બનાવને આશરે દોઢ વર્ષ પહેલાં બનેલો. બનાવ વખતે અમો ગામમા જુના બસ સ્ટેન્ડ પાસે હું તથા કિરીટભાઈ બેઠેલા હતા. ત્યારે અર્જુનભાઈનો કિરીટભાઈ ઉપર ફોન આવેલો. નાગાભાઈનો ફોન આવેલો અને કોઈ છોકરો અને છોકરી ત્યાં છે. જેથી હું અને કીરીટભાઈ મારૂ સ્કુટર લઈને ગયેલા અને અર્જુનભાઈ તેનું સ્કુટર લઈને પાઉમાં નાગાભાઈની વાડીએ ગયેલા, ત્યારે નાગાભાઈ તથા એક છોકરી હાજર હતી અને છોકરી રડતી હતી. એક છોકરીએ એવું કહેલ કે એક છોકરો આ રીતે એટલે કે છરી બતાવીને મને તથા મારી ફ્રેન્ડને પાઉની વાડીએ જંગલમાં લઈ ગયેલો અને કહેલ કે, મારી બેનને જં ગલમાં લઈ ગયેલો અને મને ઉભા રહેવાનું કહેલ પરંતુ હું ત્યાંથી ભાગી આવેલ. અમો ત્યાં ઉભા હતા ત્યારે એક છોકરો સ્કુટર લઈને બીજી છોકરી સાથે આવતો હતો હનુમાન દાદાના મંદિર બાજુથી આવતો હતો. અમે ઉભા હતા ત્યાં સ્કુટર ઉભુ રાખવાની કોશીશ કરેલ પણ સ્કુટર ઉભુ રાખેલ નહી. તે છોકરી રડતી હતી અને કહેલ કે, મને જંગલમાં લઈ ગયેલ હતો અને મારી સાથે દુષ્કર્મ કરેલુ અને છોકરીના પેન્ટમાં બ્લડના નિશાન હતા અને છોકરીને અમો બધાએ પુછેલ તો તેને કહેલ કે, હું આંબેડકટર વાસમાં રહુ છુ જેથી મે મારા ફ્રેન્ડ મહેશને ફોન કરેલો અને બનાવની હકિકત જણાવેલ. પછી આ છોકરીઓના પપ્પાને લઈને આવેલ અને ત્યારબાદ પોલીસ પણ આવી ગયેલી.** કોર્ટમા જજ સાહેબ પાસે મે જવાબ લખાવેલ તેમ જણાવે છે અને આં ક–૧૨૫ થી સાહેદનું સી.આર.પી.સી. કલમ–૧૬૪ અન્વયેનું નિવેદન રજુ કરવામાં આવેલ છે.

બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસ દરમ્યાન જણાવેલ છે કે, હું રાણાવાવમા ગોપાલપરામાં રહુ છુ. હું ઈલેકટ્રીકનું કામ કરૂ છુ. બનાવના દિવસે અમો ચાર થી સાડા ચાર વાગ્યે રાણાવાવમા જુના બસ સ્ટેન્ડે બેઠા હતા. તે વખતે કિરીટભાઈ ઉપર અર્જુનનો ફોન આવેલો હતો અને ફોનમાં જ બનાવની વાત અમોને કરેલ અને નાગાનો ફોન અર્જુનને આવેલો અને અજુને કીરીટભાઈને ફોન કરેલો. એ વાત ખરી છે કે, અમારે નાગાભાઈ અને અર્જુનભાઈ સાથે વાત થયેલ નથી. ફોન આવેલ પછી હું, કિરીટભાઈ તથા અર્જુનભાઈ સ્થળ પર ગયેલા હતા. અમો પોણા પાંચ જેવું થયેલ ત્યારે નાગાભાઈની વાડીએ પહોંચેલ હતા. એ વાત ખરી છે કે ત્યારે નાગાભાઈ અને તેના ઘરના ૮–૧૦ સભ્યો હાજર હતા. એ વાત ખરી છે કે અમો ને જે કઈ વાતચીત કરેલ તે નાગાભાઈએ કરેલ હતી. એ વાત ખરી નથી કે નાગાભાઈએ અમોને વાત કરતા અમો બીજી છોકરીને ગોતવા માટે તૈયારી કરતા હતા. અમે હાજર હતા તે દરમ્યાન અમોએ કે બીજા કોઈએ પોલીસને જાણ કરવાની પ્રયત્ન કરેલ નહી. સવાલ : જો એ વાત સાચીને આવો કઈ બનાવ હોય તો પોલીસને આપણે જાણ કરવી જોઈએ ? જવાબ : પણ એના સગાવ્હાલએ જાણ કરી દીધેલી. એ વાત ખરી છે કે, અમો ઉભા હતા તે દરમ્યાન બીજી છોકરી પણ મળી ગયેલી હતી . આ છોકરીઓના મા બાપને અમારા મિત્ર મહેશે જાણ કરેલી. છોકરીઓના મા બાપ અડધી કલાકમાં પછી આવેલા હતા. એ વાત ખરી છે કે, કઈ છોકરીના મા બાપ આવેલા તે હું ચોકકસ કહી શકુ નહી. છોકરીના મા બાપ આવેલ તેની સાથે તરત જ પોલીસ આવી ગયેલ હતી. પોલીસ સાથે બધાએ વાતચીત

કરેલ હતી. પોલીસે અમોને ઉભા રાખી બનાવના સ્થળે તપાસ કરવા ગયેલ હતા. એ વાત ખરી છે કે, તે વખતે અમો ચારેય મિત્રો તથા મહેશ ઉભીને વાતો કરતા હતા. એ વાત ખરી છે કે, જે પોલીસ બનાવ સ્થળે ગયેલ ન હતી તે પોલીસ સ્ટાફના માણસો અમારી પુછપરછ કરતા હતા અને અમારૂ નામઠામ અને મોબાઈલ નંબર પુછેલ હતા. એ વાત ખરી નથી કે, ત્યાં પોલીસે લખાણ તૈયાર કરાવીને અમારી સહીઓ કરાવેલ હતી. અમે તરત જ નીકળી ગયેલ હતા અને જે પોલીસ તપાસ કરવા ગયેલ હતી તે પોલીસ પાછી આવી ગયેલ હતી. અમો સાડા સાત વાગ્યાની આસપાસ નીકળી ગયેલ હતા. એ વાત ખરી છે કે આ બનાવની ફરીયાદ કોણે કરેલ તે મને ખબર નથી. એ વાત ખરી છે કે, આ બનાવની ફરીયાદ કરવા કોણ કોણ ગયેલ તેની ચોકકસ માહીતી નથી. એ વાત ખરી છે કે આફરીન બંને છોકરીઓને કેવી રીતે ઓળખતો હતો તે સંબંધે પણ હું કઈ જાણતો નથી. એ વાત ખરી છે કે ચોકકસ હું જાણતો નથી કે આ છોકરીઓ સાથે ગયેલી, સાહેદ જણાવે છે કે છોકરીઓ કહેતી હતી. પોલીસે ત્રીજા દિવસે અમોને બોલાવેલ હતા. અમોને સવારે પોલીસે બોલાવેલ હતા. અમો ચારેય મિત્રો જેવા હું નાગાજણ, કીરીટ અને અર્જુન ગયેલા હતા. તે વખતે પોલીસે ફરીથી અમારા નામઠામ અને મોબાઈલ નંબર પુછેલ હતા. એ વાત ખરી છે કે, મે કીધુ તે પ્રમાણે લખા તૈયાર અમારી બધાની સહીઓ લીધેલી. એ વાત ખરી છે કે પોલીસે કઈ અલગ અલગ પુછપરછ કરેલ નહી પરંતુ બધાની ભેગી જ પુછપરછ કરેલી. એ વાત ખરી છે કે, પોલીસે એક સાથે કોમ્પ્યુટરમાંથી નિવેદન કાઢી અમારી સહીઓ કરાવેલ હતી. મને કોર્ટના રેકર્ડમાંથી મારૂ નિવેદન બતાવવામાં આવે છે તે જોઈને કહુ છુ

કે તેમા મારી સહી નથી. એ વાત ખરી છે કે, પોલીસે મારી એક જ વાર સહી કરાવેલ હતી. એ વાત ખરી છે કે, પોલીસ ચોકીએ બીજીવાર મને બોલાવેલ હોય તેવુ કઈ બનેલ નથી. એ વાત ખરી છે કે બનાવ પછી કેટલા દિવસ પછી પોલીસે અમોને કોર્ટમાં જવા માટે જાણ કરેલી તે હાલ યાદ નથી. એ વાત ખરી છે કે, કોર્ટમાં મે શું લખાવેલ તે ચોકકસ મને યાદ નથી. સવાલ : એ વાત સાચી કે કોર્ટમા સહી કરવાનું કહેતા સહી કરેલ ? જવાબ: મે લખાણ લખાવેલ તેમા સહી કરેલી. સવાલ :– તમે શું લખાવેલ તે હાલ યાદ છે ? જવાબ : હા આમા આગળ લખેલ છે તે છે. એ વાત ખરી છે કે, આફરીનની જરા જરા માથાભારે જેવી છાપ છે. એ વાત ખરી નથી કે તેનો માથાભારે સ્વભાવ હોવાના કારણે અમો ચાર પૈકી એક સાથે ઝઘડો થયેલો. એ વાત ખરી નથી કે, તે કારણે આ રીતે હેરાન કરવા માટે થઈ કાવતરૂ રચી આ કામના ફરીયદી અમારો જાણીતો હોય અને તેનો ઉપયોગ કરી આરોપીને ફસાવી દેવા આખો ખોટો બનાવ ઉભો કરેલ છે. એ વાત ખરી નથી કે, અમારી સાથેના મનદુ:ખનું અમારે વેર વારવુ હોય તેથી આખો બનાવ અમોએ ખોટો ઉભો કરી તે સંબધે ચર્ચા વિચારણા કરી ત્યારબાદ આખી ખોટી ફરીયાદ ઉભી કરાવી અમો તેમા ખોટી રીતે સાક્ષી થઈ ગયેલ છીએ. એ વાત ખરી નથી કે અમોએ પોલીસમા કે કોર્ટમા કઈ લખાવેલ નહી પરંતુ તૈયાર લખાણમા અમારી સહી લીધેલ હતી. એ વાત ખરી નથી કે, આરોપી આફરીન સાથે મનદુખ હોવાના કારણે ખોટી જુબાની આપુ છુ.

**વૈજ્ઞાનિક તથા પોલીસ સાહેદોના પુરાવા :**

(૨૬) આ કામે ફરીયાદપક્ષે સાહેદ નં. ૧૭ થી આશીષ મુકેશભાઈ

દેસાઈ સાયન્ટીફીક ઓફીસરને આંક–૨૦૭ થી તપાસવામાં આવેલ છે. અને તેઓ તેમની મૌખિક જુબાનીમાં આંક–૮૫ તથા આંક–૯૦ વાળા ફોરેન્સીક એકઝામીનેશન રીપોર્ટને સમર્થન આપે છે.

આંક–૮૫ નો ફોરેન્સીક રીપોર્ટ વંચાણે લેતા ચ્યુંઈગમ તથા કોન્ડોમની બહારની બાજુએથી પ્યુબીક હેર અને વજાયનાનું સ્વેબ, ટોપ, પેન્ટ અને નિકર ઉપરથી જે સ્ટેન મળી આવેલ તે ભોગ બનનાર (જેની સાથે રેપ થયાનો આક્ષેપ છે તે) ના બ્લડ તે ડી.એન.એ. સ્ટેન મેચ થાય છે. તેવો ફોરેન્સીક સાયન્સનો એફ.એસ.એલ. નો સ્પષ્ટ અભિપ્રાય છે.

આંક–૯૦ નો ફોરેન્સીક રીપોર્ટ વંચાણે લેતા ગુન્હાવાળી જગ્યાએથી મળી આવેલ કોન્ડોમની અંદરના ભાગેથી તથા માટી પરથી જે વિર્ય અને ડી.એન.એ. સ્ટેન મળી આવેલ તે આફરીન અસગર કાદરીના છે તેવો એફ.એસ.એલ. નો સ્પષ્ટ અભિપ્રાય છે.

આ સાથે એ હકીકત પણ અત્રે નોંધવી આવશ્યક જણાય છે કે, ઉપરોકત બન્ને એફ.એસ.એલ. રીપોર્ટ આંક–૮૫ તથા આંક–૯૦ ને પણ બચાવપક્ષે સ્વીકારેલ છે.

**પંચનામા કે જે બચાવપક્ષે આંક આપી રેકર્ડમાં દાખલ કરવા સામે સમંતી આપેલ છે તે તમામ પંચનામાઓ નીચે મુજબ છે.**

૧. બનાવવાળી જગ્યાનું પંચનામુ આંક–૬૬

૨. ગુન્હાવાળી જગ્યાનો રફસ્કેચ આંક–૬૭

૩. સ્થળ પરીક્ષણ અહેવાલ આંક–૬૮

૪. બનાવવાળી જગ્યાનું પંચનામુ આંક–૬૯

૫. ભોગ બનનારનું ડી.એન.એ. બ્લડ સેમ્પલ કબજે કર્યાનું પંચનામુ આંક–૭૦

૬. આરોપીનું અટક પંચનામુ આંક–૭૩

૭. આરોપીના મેડીકલ નમુના તથા ડી.એન.એ. સેમ્પલ કબજે કર્યાનું પંચનામુ આંક–૭૬

૮. આરોપીનું અટક પંચનામુ આંક–૭૮

(૨૭) હવે આ તબકકે ઉપરોકત મૌખિક તથા દસ્તાવેજી પુરાવાને ધ્યાનપુર્વક વંચાણે લેતા જયારે મુખ્ય વીકટીમ કે જેની સાથે રેપ થયેલ છે તેણે આંક–૪૨ થી તેના પિતા ફરીયાદી આંક–૪૪ થી અને તેની માતા સાહેદ આંક–૪૬ થી જુબાની નોંધવામાં આવેલ છે તેઓને ફરીયાદપક્ષે હોસ્ટાઈલ જાહેર કરેલા છે.

(૨૮) ઉપરોકત સંજોગોમાં ફરીયાદપક્ષે આક્ષેપિત ગુન્હાની ટુંકી હકીકત એવી છે કે, '' આ કામના આરોપીઓએ ગઈ તા.૦૬/૧૦/૨૦૨૩ ના આશરે કલાક–૧૫/૩૦ વાગ્યે આ કામના ફરિયાદીની દિકરી ભોગબનનાર(ટી) તથા આ કામના સાહેદ નં. (૧૭) ભોગ બનનાર(એ), અનુસૂચિત જાતી, ઉ.વ.૧૪ વર્ષ, ૦૫ માસ, (જન્મ તારીખ–૦૬/૦૫/૨૦૦૯) નાઓ ટ્યુશનમાં જતા હતા ત્યારે રાણાવાવ સ્વામીનારાયણ સ્કુલવાળી ગલીમાં આવતાં તમો આરોપી નં.(૧) ના હિરો સ્પલેન્ડર પ્લસ મોટર સાયકલ લઈને આવેલ અને કહેલ કે, તમન્નાના મમ્મીને મજા નથી અને દવાખાને દાખલ કરેલ છે અને તેને બાટલા ચડે છે, તમે બેય મારી સાથે મોટર સાયકલમાં બેસી જાવ, તમને દવાખાને મુકી જાવ” તેમ કહી ભોગ બનનાર ભોગ બનનાર(ટી) તથા ભોગ બનનાર(એ)ને

પોતાની મોટર સાયકલમાં બેસાડી, તમો આરોપીએ પોતાની પાસે છરી છે, તમે કાંઇ બોલતી નહી, ચુપચાપ બેઠી આવો તેમ કહી ફરિયાદીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી, રાણાવાવ પાંવની સીમમાં અવાવરૂ જગ્યાએ લઇ જઇ બન્ને ભોગ બનનારને “મારી સાથે શરીર સબંધ બાંધવો પડશે, નહીંતર તમને બન્નેને બદનામ કરી જાનથી મારી નાંખીશ" તેમ ધમકી આપી ભોગ બનનાર (ટી) ને જાળી–જાંખરામાં લઇ જઇ તેણીની સાથે બળજબરી પૂર્વક શરીર સંબંધ બાંધી, બન્ને ભોગ બનનારને અવાવરૂ જગ્યાએ મુકી નાશી જઈ ગુન્હો કરેલ'' તે પુરવાર કરવા માટે શું ફરીયાદપક્ષ તરફથી અન્ય જે પુરાવો રજુ કરવામાં આવેલ છે તે આરોપીઓએ કરેલ ગુન્હો સાબીત કરવા માટે પુરતો છે તે વિશે ચર્ચા કરવાની રહે જે નીચે મુજબ છે.

**પુરાવાનું મુલ્યાંકન :–**

(૨૯) ફરીયાપક્ષે આંક–૩૪ થી બીજા ભોગ બનનાર(એ)ને તપાસવામાં આવેલા છે કે જેઓ બળાત્કારનો ભોગ બનનાર સાથે આરોપીએ બનાવના દિવસે તારીખે અને સમયે તેમી મોટર સાયકલ પર બેસાડી અને પોતાની સાથે લઈ જઈ અપહરણ તથા બળાત્કાર જેવા ગંભીર ગુન્હાને અંજામ આપેલ તે તેની જુબાનીમાં એવુ જણાવે છે કે, '' અમારા ઘરની સામે મારી ભોગબનનાર બહેનપણી રહે છે. અમે બંને બહેનપણીઓ હીતેશ સર ને ત્યાં ટયુશનમાં જતી હતી. આ બનાવ બન્યા તેને આશરે એકાદ વર્ષ પહેલા બનેલો. તે દિવસ અમે બપોરે ૩ વાગ્યે હુ તથા મારી ભોગબનનાર બહેનપણી ચાલીને ટયુશનમાં જતી હતી. ત્યારે હુ તથા મારી બહેનપણી ખાખનશાહ પીર ની દરગાહ પાસે પહોચેલા

ત્યારે આફરીન (આરોપી)બાઈકમાં આવેલ અને ત્યારે આફરીને મને કહ્યું કે તારા મમ્મીને મજા નથી જામનગર લઈ ગયેલા અને બાઈકમાં બેસી જાઓ. અમને બેસી જાવાનું કહ્યું. તેની વાત સાચી માની અમે બંને તેની બાઈકમાં બેસી ગયા. અમને જામનગર ના રસ્તે લઈ જવાનું હતુ પણ જંગલ વાળા રસ્તે લઈ ગયો અને અમે પુછયું કે આ રસ્તો કયા જાય છે. અને પછી બાઈક વાળા આફરીને તેની પાસેનો ચપ્પુ કાઢીને મારા પેટે અડાડી દીધેલ એન કહ્યું કે અવાજ ના કરતી છાની માની બેસી રહે. જો રાડો પાડી તો ચાકુ પેટમાં મારી દઈસ. પછી જંગલ વાળા રસ્તે લઈ ગયો અને પુલ જેવુ આયું ત્યાં બાઈક ઉભુ રાખયું. પછી મારી સાથે મારી ભોગબનનાર બહેનપણી ને તેની સાથે લઈ ગયેલ અને મને ઉભી રાખી દીધી. અને પછી હું ત્યાંથી બાજુ માં દોડતી દોડતી ગઈ અને ત્યાં વાડી વાળા ઘર હતા ત્યાં ભાગી ગઈ. પછી મે વાડી વાળા ને બધી વાત કરેલ અને તે લોકો એ પોલીસને બોલાવ્યા અને ત્યાં પોલીસ વાળા અને મારા ઘરના આવી ગયેલા. પછી રાણાવા પો.સ્ટે. લઈ ગયેલ અને મારી જુબાની લીધેલ. અને મારી બહેનપણી સાથે આફરીન એ રેપ કરેલો. અને મારી બહેનપણી એ પોતાની સાથે રેપ થયેલા ની મને વાત કરી. '' આમ ઉપરોકત સાહેદ કે જે ભોગ બનનાર છે તથા નજરે જોનાર સાક્ષી છે તે ફરીયાદ હકીકતને સંપુર્ણ સમર્થન આપે છે સાથે સાથે ઉપરોકત સાહેદની ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧ ૬૪ મુજબ મહે. જયુડી.મેજી.ફ.ક. રાણાવાવ સમક્ષ નિવેદન નોંધવામાં આવેલ તેમા પણ ફરીયાદ હકીકતને સંપુર્ણ સમર્થન આપે છે.

(૨૯.૧) આ કામે ફરીયાદપક્ષે સાહેદ નાગાજણભાઈ કાનાભાઈ ખું

ટીને આંક–૧૧૩ થી તપાસેલ છે. તેઓ તેમની મૌખિક જુબાનીમાં એવુ જણાવે છે કે, '' બનાવ આજથી દોઢ બે વર્ષ પહેલાં બનેલો. બપોરના અઢી ત્રણ વાગ્યાનો સમય હતો. ત્યારે હું મારી વાડીએ હાજર હતો. હું મારી વાડીએ બેઠો હતો તો એક છોકરી દોડીને આવેલી. તેને એવું કહેલ કે હું ભુલી પડી ગયેલ મને ઘરે મુકી જાઉ. એટલે મે અને મારા પપ્પાએ આ છોકરીની પુછપરછ કરેલ. છોકરીએ કહેલ કે હું રાણાવાવની છુ અને મને મુકી જાઉ. મે પુછેલ કે તમે અહીયા કઈ રીતે આવેલ તો તેણીએ કહેલ કે હું અને મારી ફ્રેન્ડ છોકરા ભેગી આવેલ. હું અહી ઉતરી ગયેલ અને મારી ફ્રેન્ડ આગળના રસ્તે ગયેલ. જેથી મે મારા મિત્ર અર્જુનભાઈને ફોન કરેલો. જેથી અર્જુનભાઈ તથા તેના મિત્ર કિરીટભાઈ અને દિવ્યેશભાઈ ત્યાં મારી પાસે આવેલા. પછી અમો બધા છોકરીની પુછપરછ કરતા હતા. ત્યાં તે છોકરીની બીજી ફ્રેન્ડ અને તેનો મિત્ર હોન્ડા લઈને નીકળેલ. તે લોકો નિર્મળ બાપુના મંદિર બાજુથી આવતા હતા. પછી અમો તેને દેખી ગયેલ તેથી પકડવાની કોશિશ કરેલ. છોકરીને મો.સા.માથી ઉતારી લીધેલ અને છોકરો ત્યાંથી ભાગી ગયેલો. પછી બંને છોકરીઓને પુછપરછ કરેલ તો હોન્ડા પર હતી તે છોકરીએ જણાવેલ કે, અમે ટયુશનમા જતી હતી ત્યારે છોકરાએ છરી બતાવીને અમને બંનેને ભેગી બેસાડી દીધેલી અને બીજી છોકરીએ કહેલ મને અહી ઉતારી દીધેલ અને આ બંને અંદર જંગલમા ગયેલા. જેથી અમોને શંકા જતાં અમોએ છોકરીના મા બાપને જાણ કરેલી અને તેઓએ પોલીસને જાણ કરેલી અને પ્રથમ છોકરીના મા બાપ આવેલ પછી પાંચ મીનીટ પછી પોલીસ આવેલ અને હોન્ડા ઉપરથી ઉતારી લીધેલ છોકરીના પેન્ટમા બ્લડના ડાઘા હતા. આ છોકરો આફરીન

કાદરી હતો. સાહેદ આરોપીને ટોપીવાળા બેસેલ છે તેને આફરીન હોવાનું હાથના ઈશારાથી ઓળખી બતાવે છે. ''

આમ બનાવ સમયે નજરે જોનાર સાક્ષી તરીકે ઉપરોકત સાહેદની જુબાનીથી પણ ફરીયાદ હકીકતને સમર્થન મળે છે અને તેણે બનાવ સમયે આરોપી આફરીન કાદરીને મોટર સાયકલ પણ રેપનો ભોગ બનનાર વીકટીમને બેસાડી આવતો હતો ત્યારે તેને પકડવાનો પ્રયત્ન કરતા તે વીકટીમને ઉતારીને ભાગી ગયેલો તે તમામ હકીકતને સમર્થન આપે છે તથા ઉપરોકત સાહેદનું ક્રિ.પ્રો. કોડની કલમ–૧૬૪ મુજબ મેજીસ્ટ્રેટ સમક્ષ જે નિવેદન નોંધવામાં આવેલ તેને આંક–૧૧૪ આપી દાખલ કરવામાં આવે છે અને તે આંક–૧૧૪ ના નિવેદનથી પણ ફરીયાદ હકીકતને તથા સાહેદે કોર્ટ રુબરુ આપેલ જુબાનીને પણ સંપુર્ણ સમર્થન મળે છે.

(૨૯.૨) આ કામમાં ફરીયાદપક્ષના સાહેદ અર્જૂનભાઈ હોથીભાઈ રાણાવાવાને આંક–૧૧૫ થી તપાસેલ છે તેનો પુરાવો વંચાણે લેતા જણાવે છે કે, '' બનાવ બનેલ તેને આશરે બે વર્ષ થયેલ. મને નાગાભાઈનો ફોન આવેલ. નાગાભાઈએ કહેલ કે, આપણી વાડીએ એક છોકરી બેઠી છે તમો આવો. જેથી હું, દિવ્યેશભાઈ, કિરીટભાઈ નાગાભાઈની વાડીએ ગયેલા. ત્યાં એક છોકરી બેઠી હતી અને બાઈક ઉપર આફરીન અને એક છોકરી દિનુવારી ખાટ બાજુથી બાઈક લઈને આવતો હતો. જેથી અમોએ તેને રોકવાની કોશીશ કરેલી અને તેની સાથેની છોકરી બાઈક પરથી ઉતરી ગયેલ અને આફરીન બાઈક લઈને જતો રહેલ. આ છોકરીને અમે પુછેલ

તો તેને કહેલ કે રાણાવાવ બસ સ્ટેન્ડ ઉપર આફરીને છરી બતાવેલ અને કહેલ કે, બેસી જાઉ એમ કહીને અમને બંનેને બાઈક ઉપર લઈ ગયેલ. જે છોકરીને બાઈક ઉપરથી ઉતારી લીધેલ તેના પેન્ટ ઉપર લોહી દેખાતુ હતુ તેથી તેના મા બાપને જાણ કરેલ અને પોલીસને પણ જાણ કરેલ અને પોલીસ તથા તેના મા બાપ ત્યાં આવી ગયેલા અને છોકરીઓ પોલીસ સ્ટેશને ગયેલી. ''

આમ બનાવ સમયે નજરે જોનાર સાક્ષી તરીકે ઉપરોકત સાહેદની જુબાનીથી પણ ફરીયાદ હકીકતને સમર્થન મળે છે અને તેણે બનાવ સમયે આરોપી આફરીન કાદરીને મોટર સાયકલ પણ રેપનો ભોગ બનનાર વીકટીમને બેસાડી આવતો હતો ત્યારે તેને પકડવાનો પ્રયત્ન કરતા તે વીકટીમને ઉતારીને ભાગી ગયેલો તે તમામ હકીકતને સમર્થન આપે છે તથા ઉપરોકત સાહેદનું ક્રિ.પ્રો. કોડની કલમ–૧૬૪ મુજબ મેજીસ્ટ્રેટ સમક્ષ જે નિવેદન નોંધવામાં આવેલ તેને આંક–૧૧૬ આપી દાખલ કરવામાં આવે છે અને તે આંક–૧૧૬ ના નિવેદનથી પણ ફરીયાદ હકીકતને તથા સાહેદે કોર્ટ રુબરુ આપેલ જુબાનીને પણ સંપુર્ણ સમર્થન મળે છે.

(૨૯.૩) આ કામમાં ફરીયાદપક્ષના સાહેદ કીરીટ બટુકભાઈ વીસાણાને આંક–૧૨૨ થી તપાસેલા છે. આ સાહેદની જુબાનની વંચાણે લેતા તેઓ જણાવે છે કે, '' બનાવને આશરે દોઢ વર્ષ પહેલાં બનેલો. બનાવ વખતે અમો ઝરડી ચોક, રાણાવાવ હતો. હું અને મારો મિત્ર દિવ્યેશ ઝરડી ચોકમાં બેસેલ હતા ત્યારે અર્જુનભાઈ રાણાવાયાનો મારા ઉપર ફોન આવેલ

અને કહેલ કે, કોક છોકરીને જોયેલ છે, તે નાગાર્જુનભાઈની વાડીમાં રડતી હતી. પછી હું, દિવ્યેશ, અર્જુનભાઈ નાગાર્જુનભાઈની વાડીએ ગયેલા. ત્યાં આ છોકરી, નાગાર્જુનભાઈ તથા નાગાર્જુનભાઈના ઘરના હાજર હતા. આ છોકરીને અમોએ જોયેલ ત્યારે છોકરી રડતી હતી. પછી તેણીએ કહેલ કે, બીજી છોકરી મારા ભેગી હતી, જંગલ વિસ્તારમાં હતી અને તેણે કહેલ કે આફરીન ખોટુ બોલુને અમને બંનેને લઈ ગયેલો હતો. પછી બધી વાત કરેલ. વાતચીત કરતા હતા તે દરમ્યાન સામેથી આફરીન હોન્ડા લઈને આવતો હતો. પાછળ બીજી છોકરી બેઠી હતી. પછી ત્યાં બધા જોઈ ગયેલા અને છોકરી ઉતરી ગયેલ અને આફરીન ત્યાંથી હોન્ડા લઈને જતો રહેલ. આ છોકરીને મે જોયેલ છે. છોકરીએ બધી વાત કરેલ. ધાક ધમકી થી અમને બંનેને આફરીન લઈ ગયેલો હતો. પછી આ છોકરી જે ઉતરી ગયેલ તેના ઘરનાને બધાને જાણ કરેલી. આ છોકરી જે ઉતરી ગયેલ તેને જોઈને લાગેલ કે આ છોકરી સાથે બળજબરી થયેલ છેં. આ છોકરીના પેન્ટ ઉપર બ્લડના ડાઘા હતા.''

આમ બનાવ સમયે નજરે જોનાર સાક્ષી તરીકે ઉપરોકત સાહેદની જુબાનીથી પણ ફરીયાદ હકીકતને સમર્થન મળે છે અને તેણે બનાવ સમયે આરોપી આફરીન કાદરીને મોટર સાયકલ પણ રેપનો ભોગ બનનાર વીકટીમને બેસાડી આવતો હતો ત્યારે તેને પકડવાનો પ્રયત્ન કરતા તે વીકટીમને ઉતારીને ભાગી ગયેલો તે તમામ હકીકતને સમર્થન આપે છે તથા ઉપરોકત સાહેદનું ક્રિ.પ્રો. કોડની કલમ–૧૬૪ મુજબ મેજીસ્ટ્રેટ સમક્ષ જે નિવેદન નોંધવામાં આવેલ તેને આંક–૧૨૩ આપી દાખલ કરવામાં આવે છે અને તે આંક–૧૨૩ ના નિવેદનથી

પણ ફરીયાદ હકીકતને તથા સાહેદે કોર્ટ રુબરુ આપેલ જુબાનીને પણ સંપુર્ણ સમર્થન મળે છે.

(૨૯.૪) આ કામમાં ફરીયાદપક્ષના સાહેદ દિવ્યેશભાઈ લાલગર મેઘનાથીને આંક–૧૨૪ થી ફરીયાદપક્ષે તપાસેલ છે. આ સાહેદની જુબાની વંચાણે લેતા જણાવે છે કે, '' બનાવને આશરે દોઢ વર્ષ પહેલાં બનેલો. બનાવ વખતે અમો ગામમા જુના બસ સ્ટેન્ડ પાસે હું તથા કિરીટભાઈ બેઠેલા હતા. ત્યારે અર્જુનભાઈનો કિરીટભાઈ ઉપર ફોન આવેલો. નાગાભાઈનો ફોન આવેલો અને કોઈ છોકરો અને છોકરી ત્યાં છે. જેથી હું અને કીરીટભાઈ મારૂ સ્કુટર લઈને ગયેલા અને અર્જુનભાઈ તેનું સ્કુટર લઈને પાઉમાં નાગાભાઈની વાડીએ ગયેલા, ત્યારે નાગાભાઈ તથા એક છોકરી હાજર હતી અને છોકરી રડતી હતી. એક છોકરીએ એવું કહેલ કે એક છોકરો આ રીતે એટલે કે છરી બતાવીને મને તથા મારી ફ્રેન્ડને પાઉની વાડીએ જંગલમાં લઈ ગયેલો અને કહેલ કે, મારી બેનને જંગલમાં લઈ ગયેલો અને મને ઉભા રહેવાનું કહેલ પરંતુ હું ત્યાંથી ભાગી આવેલ. અમો ત્યાં ઉભા હતા ત્યારે એક છોકરો સ્કુટર લઈને બીજી છોકરી સાથે આવતો હતો હનુમાન દાદાના મંદિર બાજુથી આવતો હતો. અમે ઉભા હતા ત્યાં સ્કુટર ઉભુ રાખવાની કોશીશ કરેલ પણ સ્કુટર ઉભુ રાખેલ નહી. તે છોકરી રડતી હતી અને કહેલ કે, મને જંગલમાં લઈ ગયેલ હતો અને મારી સાથે દુષ્કર્મ કરેલુ અને છોકરીના પેન્ટમાં બ્લડના નિશાન હતા અને છોકરીને અમો બધાએ પુછેલ તો તેને કહેલ કે, હું આંબેડકટર વાસમાં રહુ છુ જેથી મે મારા ફ્રેન્ડ મહેશને ફોન કરેલો અને બનાવની હકિકત જણાવેલ.''

આમ બનાવ સમયે નજરે જોનાર સાક્ષી તરીકે ઉપરોકત સાહેદની જુબાનીથી પણ ફરીયાદ હકીકતને સમર્થન મળે છે અને તેણે બનાવ સમયે આરોપી આફરીન કાદરીને મોટર સાયકલ પણ રેપનો ભોગ બનનાર વીકટીમને બેસાડી આવતો હતો ત્યારે તેને પકડવાનો પ્રયત્ન કરતા તે વીકટીમને ઉતારીને ભાગી ગયેલો તે તમામ હકીકતને સમર્થન આપે છે તથા ઉપરોકત સાહેદનું ક્રિ.પ્રો. કોડની કલમ–૧૬૪ મુજબ મેજીસ્ટ્રેટ સમક્ષ જે નિવેદન નોંધવામાં આવેલ તેને આં ક–૧૨૫ આપી દાખલ કરવામાં આવે છે અને તે આંક–૧૨૫ ના નિવેદનથી પણ ફરીયાદ હકીકતને તથા સાહેદે કોર્ટ રુબરુ આપેલ જુબાનીને પણ સં પુર્ણ સમર્થન મળે છે.

(૨૯.૫) આ કામે ભોગ બનનાર અનુ. જાતિના છે તેવુ પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે આંક–૧૩૪ થી મહેશ તુલસીદાસ ઘનવાણી ઈન્ચાર્જ મામલતદાર રાણાવાવને તપાસેલા છે અને તેઓએ બન્ને ભોગ બનનાર અનુ. જાતિના છે તેવો ગુજરાત સરકાર તરફે પ્રમાણપત્ર આપેલ છે તે આં ક–૧૩૬ તથા આંક–૧૩૭ થી રજુ છે જે વંચાણે લેતા ઉપરોકત ગુન્હાના બન્ને ભોગ બનનાર અનુ. જાતિના છે તે હકીકત ફરીયાદપક્ષ પુરવાર કરવામાં સફળ રહેલ છે.

(૨૯.૬) ફરીયાદપક્ષે આ કામે સાહેદ નં. ૧૫ તરીકે પરેશ દાનસીંગ જાદવ પો.ઈન્સ. એસ.ઓ.જી. પોરબંદરનાઓને આંક–૧૬૨ થી તપાસેલા. તેઓએ તેમની જુબાનીમાં તેવુ જણાવેલ છે કે, ફરીયાદી ધીરુભાઈ બાબુભાઈ સાદીયાનાઓએ તેમની રુબરુ આવી ફરીયાદ જાહેર કરે છે કે,

તેમની સગીરવયની દિકરી ભોગબનનાર તથા અન્ય ભોગબનનારને આરોપી આફરીન અસગર કાદરી, રાણાવાવ વાળો મો.સા.બેસાડી જાનથી મારી નાખવાની ધમકી આપી કાયદેસરના વાલીપણામાથી અપહરણ કરી અવારૂ જગ્યાએ લઇ જઇ, ભોગબનનાર સાથે બળજબરી શરીર સંબંધ બાધી બં ને ભોગબનનારને અવારૂ જગ્યાએ મુકી નાશી જઇ વિગેરે મતલબની ફરીયાદ જાહેર કરતા અમોએ તેઓના લખાવ્યા મુજબ ફરીયાદ લીધેલ. ફરીયાદ લીધા બાદ રાણાવાવ પો.સ્ટે.માં આરોપી વિરૂધ્ધ ગુ.ર.નં.પ૯૭/૨૩ થી ઇ.પી.કો.કલમ–૩૭૬(૨)(જે), ૩૭૬(૩), ૩૬૩, ૩૬૬, ૫૦૬(૨) તથા અનુ. જાતી અને અનુ. જનજાતી પ્રતિબંધ અધિ.ની કલમ તથા એમેડમેન્ટની કલમ–૩(૧) (ડબલ્યુ) (૧), ૩(ડબલ્યુ) (૨), ૩(૨) (પ–એ) તથા ૩(૨)(૫) તથા પોકસો એકટની કલમ–૪,૬,૮ તથા જી.પી એકટની કલમ–૧૩૫ મુજબ ગુન્હો દાખલ કરેલ. આમ ઉપરોકત સાહેદ તેઓએ તેમની સરકારી ફરજ દરમ્યાન ફરીયાદી દ્વારા જે આંક–૪૫ વાળી ફરીયાદ આપવામાં આવેલી તે નોંધી લીધેલ તે હકીકતને સંપુર્ણ સમર્થન આપે છે.

(૨૯.૭) ફરીયાદપક્ષે સાહેદ નં. ૧૪ તરીકે નરેન્દ્ર સામતભાઇ ચૌહાણ કલેકટર કચેરી પોરબંદરના હોમ શાખાના કલાર્કને આંક–૧૫૧ થી તપાસેલા છે તેઓએ તા. ૧૯–૯–૨૦૨૩ થી તા. ૧૭–૧૦–૨૦૨૩ સુધી જીલ્લા મેજી. શ્રી એમ. કે. જોશી સાહેબે તેમને મળેલ સત્તાની રુએ પોરબંદર જીલ્લામાં ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ ની કલમ–૩૭(૧) અન્વયે મળેલ સત્તાની રુએ હથીયારબંધીનું જાહેરનામુ બહાર પાડેલ તે આંક–૧૫૨ વાળા જાહેરનામાને સમર્થન આપે છે.

(૨૯.૮) આ કામમાં ફરીયાદપક્ષના સાહેદ નં. ૧૬ થી સુરજીત ઘનશ્યામભાઇ મહીડુ, ડી.વાય.એસ.પી. ગ્રામ્ય પોરબંદરનાઓને આંક–૧ ૬૮ થી તપાસવામાં આવેલ છે. આ સાહેદ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, ગઇ તા. ૦૬/૧૦/૨૩ ના રોજ અમો ના.પો.અધિ.શ્રી ગ્રામ્ય પોરબંદર ખાતે ફરજ બજાવતાં હતા તે દરમ્યાન રાણાવાવ પો.સ્ટે.ના ગુન્હા રજી.નં.૧૧

૨૧૮૦૧૫૨૩૦૫૯૭/૨૦૨૩,ઇ. પી. કો. કલમ–૩૬૩,૩૬૬, ૩૭૬(૨)(જે), ૩૭૬(૩), ૫૦૬(૨) તથા એટ્રો.એકટની કલમ–૩(૧)(ડબલ્યુ)(૧), ૩(૧)(ડબલ્યુ)(૨), ૩(૨)(૫–એ), ૩(૨)(૫) તથા પોકસો કલમ–૪,૬,૮,૧૯,૨૧ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુન્હાની તપાસ અમોએ હુકમ નં.આર.બી./અન્વેષાણ/૩૫૪૮/૨૦૨૩ થી તા. ૬/૧૦/૨૩ ના રોજ પોલીસ અધિ.શ્રી બી.યુ.જાડેજા સાહેબ દવારા અમારી તપાસનો નિમણુંકનો હુકમ કરતાં તપાસ સંભાળેલ. તપાસમાં રાણાવાવ પો.સ્ટે.ના પી. એસ.આઇ શ્રી પી.ડી.જાદવનાઓએ ફરીયાદી ધીરૂભાઇ બાબુભાઇ સાદીયા, ઉ.૫૦, રહે.સાંકડીવાડી, આંબેડકરનગર, રાણાવાવવાળાઓની આરોપી આફરીન અસગર કાદરી, ઉ.૨૪, રહે. સાંકડીવાડી, રાણાવાવવાળાઓ વિરૂધ્ધની અસલ ફરીયાદ તથા તેની સાથેના સાધનિક કાગળો વંચાણે લીધેલ. ફરીયાદની ટુંકમાં હકિકત એવી હતી કે આ કામના આરોપીએ ફરીયાદીની ભોગબનનાર દિકરી ઉ.વ.૧૪ વર્ષ ૯ માસ અને ૧૪ દિવસ તથા ભોગબનનાર સાહેદ ઉ.વ.૧૪ વર્ષ બંને રહેણાંક રાણાવાવવાળીઓને મો.સા.માં બેસાડી આરોપીએ પોતાની પાસે છરી છે તેમ કહી જાન થી મારી નાખવાની ધમકી આપી ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી અવારૂ જગ્યાએ લઇ જઇ ફરીયાદીની ભોગબનનાર દિકરી સાથે બળજબરીપુર્વક શરીર સંબંધ બાંધી બંને ભોગબનનારને અવારૂ જગ્યાએ મુકી નાશી થઇ ગુન્હો કરેલ વિગેરે મતલબની ફરીયાદ આપેલ હતી. ત્યારબાદ ફરીયાદીની ભોગબનનાર દિકરીના મેડીકલ તપાસણી કરવવા તથા જરૂરી નમુનાઓ લેવા માટે કાર્યવાહી કરવામાં આવેલ. બાદમાં ફરીયાદીનું વિશેષ નિવેદન લઇ તપાસમાં સામેલ રાખેલ. બાદ આ કામે ફરીયાદીએ રજુ કરેલ જાતી અંગેના પ્રમાણપત્ર તથા આધાર કાર્ડની નકલ તથા ફરીયાદીની ભોગબનનાર દિકરીના જન્મ તથા જાતી અંગેના પ્રમાણપત્રની નકલો મેળવી તપાસના કામે સામેલ રાખેલ. ત્યારબાદ આ કામના ફરીયાદીના ભોગબનનાર દિકરીનાઓનું નિવેદન મહીલા પોલીસની હાજરી તથા ભોગબનનાર દિકરીની માતાની

હાજરીમાં લેવામાં આવેલ અને તપાસના કામે સામેલ રાખેલ. બાદ આ કામે સહભોગબનનાર દિકરીની મહીલા પોલીસ તથા તેણીના માતાને સાથે રાખી નિવેદન નોંધી તપાસ અર્થે સામેલ રાખવામાં આવેલ. ત્યારબાદ લાગતા વળગતા સાહેદોના તેઓના લખાવ્યા મુજબનાં નિવેદનો લઈ તપાસનાં કામે સામેલ રાખેલ. બાદ આ કામે ફરીયાદીની ભોગબનનાર દિકરીની સાથે જે જગ્યાએ દુષ્કર્મ આરોપીએ આચરેલ તે બનાવવાળી જગ્યાનું પંચનામુ કરવાનું હોય જેથી બે સરકારી કર્મચારીઓન તપાસ કામગીરી બાબતે ફાળવવા માટે ના.ઈજનેર શ્રી પી જી વી સી એલ સબ ડિવીઝનનાઓને સંબોધીને લેખિત રીપોર્ટ આપવામાં આવેલ. જેમાં પંચો (૧ ) કમલેશ ડોલતગીરી અપારનાથી, નોકરી પી જી વી સી એલ, રહે.રાણાવાવ (૨) મહેન્દ્ર વીરજી ધોળીયા, નોકરી પી જી વી સી એલ, રહે. રાણાવાવવાળાઓ ફાળવવામાં આવેલા અને બનાવવાળી જગ્યાનું એફ એસ એલ અધિકારી હાજરીમાં પંચનામુ કરવાનું હોય તેની જાણ કરવામાં આવેલ હોય. એફ એસ એલ અધિકારી તથા બંને સરકારી પંચો અને ફરીયાદીની ભોગબનનાર દિકરી બનાવવાળી જગ્યા બતાવતાં હોય. પ્રથમ રાણાવાવ પાઉની સીમમાં, રેલ્વે પાટાનાં એચ ટી.૫૮૦ એસ ટી જી.૨૦૦, આઈ.એમ.પી. ૩.૦૨, આર.એલ.૯૩૯.૧૭ નંબરના રેલ્વે પોલની દક્ષિણે કાચા રસ્તાની ઉતરે આવેલ રાણનાં ઝાડથી થોડે દુર ઉતર બાજુ રેલ્વેના પાટાની નીચેના અંડરગ્રાઉન્ડ રસ્તે જઈ આશરે ૪૦ મીટર ઉતર બાજુ જાળી જાખરા તથા કેડીની રસ્તાની પાસે એક કાંટાળા ઝાડની જગ્યા બતાવતાં તે જગ્યાનું પંચો તથા ફરીયાદીની ભોગબનનાર દિકરી અને તેની માતા તથા એફ એસ એલ અધિકારીની હાજરીમાં બનાવવાળી જગ્યાનું પં ચનામુ કરવામાં આવેલ અને એફ એસ એલ અધિકારીની સુચના મુજબ બનાવવાળી જગ્યાએથી જરૂરી નમુનાઓ તપાસના કામે સીલબંધ કરી કબ્જે કરવામાં આવેલ. સદર પંચનામુ તા.૦૭/૧૦/૨૦૨૩ ના રોજ કલાક ૧૪/૩૦ થી કલાક ૧૬/૦૦ દરમ્યાન કરવામાં આવેલ બાદ આ કામે એફ એસ એલ સાયન્ટિફીક ઓફીસરશ્રીનાઓએ સ્થળ પરીક્ષણ આપતાં

તે વંચાણે લઇ તપાસ અર્થે સામેલ રાખેલ. બાદ આ કામેના આરોપીએ ભોગબનનાર તથા સહભોગબનનારનાઓનું જે જગ્યાએથી અપહરણ કરેલ તે જગ્યા આ કામના ફરીયાદીની ભોગબનનાર દિકરી બતાવતાં હોય જે જગ્યા રાણાવાવ વાડી પ્લોટમાં આવેલ, સ્વામી નારાયણ સ્કુલની ઉતરની દિવાલ પાસે આવેલ રોડ ઉપર પુર્વ બાજુએ આશરે ૫૦ મીટરના અંતરે સોસાયટીમાં જવાનાં સીમેન્ટના રોડ ઉપર બતાવતાં સરકારી પંચો (૧) કમલેશ ડોલતગીરી અપારનાથી, નોકરી પી જી વી સી એલ, રહે.રાણાવાવ (૨) મહેન્દ્ર વીરજી ધોળીયા, નોકરી પી જી વી સી એલ, રહે. રાણાવાવવાળાઓની હાજરીમાં તા.૭/૧૦/૨૩ ના રોજ કલાક. ૧૬/૧૫ થી કલાક ૧૬/૪૦ દરમ્યાન પંચનામુ કરી તપાસ અર્થે સામેલ રાખવામાં આવેલ. બાદ આ કામે ફરીયાદીની ભોગબનનાર દિકરીનાઓના મેડીકલ તપાસણી દરમ્યાન ડો.શ્રી સી એચ સી રાણાવાવનાઓએ ભોગબનનારના મેડીકલ નમુનાઓ લીધેલ હોય જે નમુનાઓ સી એચ સી રાણાવાવ ખાતેથી રાણાવાવ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતાં પો.કર્મચારી મેરામણ ભીમશી વરૂનાઓ લાવી રજુ કરતાં હોય. બે સરકારી પંચો (૧) કમલેશ ડોલતગીરી અપારનાથી, નોકરી પી જી વી સી એલ, રહે.રાણાવાવ (૨) મહેન્દ્ર વીરજી ધોળીયા, નોકરી પી જી વી સી એલ, રહે. રાણાવાવવાળાઓનાની હાજરીમાં મેડીકલ નમુનાઓ તપાસના કામે પંચનામાની વિગતે તા.૭/૧૦/૨૩ ના ક.૧૮/૧૦ થી ક.૧૮/૪૦ દરમ્યાન કબ્જે કરવામાં આવેલ અને તપાસ અર્થે સામેલ રાખેલ. બાદ આ કામે ફરીયાદીની ભોગબનનાર દિકરીનાઓની મેડીકલ તપાસણીનો રીપોર્ટ સી એચ સી રાણાવાવ ખાતેથી મેળવી તપાસ અર્થે સામેલ રાખેલ. બાદ આ કામે ફરીયાદીની ભોગબનનાર દિકરીએ પોતે બનાવ વખતે જે કપડા પહેરેલ હતા તે કપડા રજુ કરતાં બે સરકારી પંચો (૧) કમલેશ ડોલતગીરી અપારનાથી, નોકરી પી જી વી સી એલ, રહે.રાણાવાવ (૨) મહેન્દ્ર વીરજી ધોળીયા, નોકરી પી જી વી સી એલ, રહે. રાણાવાવવાળાઓની હાજરીમાં તા. તા.૭/૧૦/૨૩ ના ક.૧૮/૫૦ થી ક.૧૯/૫૦ દરમ્યાન પંચનામાની

વિગતે કબ્જે કરવામાં આવેલ અને તપાસ અર્થે સામેલ રાખેલ. બાદ આ કામે લાગતા વળગતા સાહેદોના નિવેદન તથા વિશેષ નિવેદન લેવામાં આવેલ. બાદ આ કામે ફરીયાદીની ભોગબનનાર દિકરીનાઓના ડી.એન.એ.સેમ્પલ માટે ફ્રેશ બ્લડ સેમ્પલનો નમુનો લઇ આપવા સારૂ ઓન ડયુટી ડો.શ્રી સી એચ સી રાણાવાવનાઓને સંબોધી લેખિત રીપોર્ટ સાથે ફ્રેશ બ્લડ સેમ્પલ માટે ભોગબનનાર દિકરીને સાથે મહીલા પોલીસ સાથે સી એચ સી રાણાવાવ મોકલી કાર્યવાહી કરવામાં આવેલ. બાદ આ કામે ફરીયાદીની ભોગબનનાર દિકરીના ડી.એન.એ સેમ્પલ માટે ઓન ડયુટી ડો.શ્રી સી એચ સી રાણાવાવ દવારા લેવામાં આવેલ ફ્રેશ બ્લડ સેમ્પલનો નમુનો સી એચ સી રાણાવાવ ખાતેથી રાણાવાવ પો.સ્ટે.માં ફરજ બજાવતાં વુ.પો.કોન્સ. ભારતીબેન લખમણભાઇ ઓડેદરા, બકલ નં.૩૮૪ નાઓ રજુ કરતાં હોય. બે સરકારી પંચો (૧) કમલેશ ડોલતગીરી અપારનાથી, નોકરી પી જી વી સી એલ, રહે.રાણાવાવ (૨) મહેન્દ્ર વીરજી ધોળીયા, નોકરી પી જી વી સી એલ, રહે. રાણાવાવવાળાઓની હાજરીમાં તા. તા.૮/૧૦/૨૩ ના ક.૧૯/૪૫ થી ક.૨૦/૧૫ દરમ્યાન પંચનામાની વિગતે કબ્જે કરવામાં આવેલ અને તપાસ અર્થે સામેલ રાખેલ. બાદ આ કામે મેડીકલ ઓફીસરશ્રી સી એચ સી રાણાવાવનાઓએ ભરી આપેલ ઓળખ ફોર્મ(ડી.એન.એ સેમ્પલનું)ભરીને તપાસના કામે સામેલ રાખેલ. બાદ આ કામે બનાવવાળી જગ્યાએથી કબ્જે કરેલ મુદામાલ તથા ફરીયાદીની ભોગબનનાર દિકરીનાં મેડીકલ નમુનાનું સીલબંધ બોક્ષ તથા ભોગબનનારે બનાવ સમયે પહેરેલ કપડા તથા મેડીકલ ઓફીસરશ્રીએ લઇ આપેલ ભોગબનનાર દિકરીના ફ્રેશ બ્લડ સેમ્પલ વિગેરે મુદામાલના પૃથ્થકરણ સારૂ મુદામાલ રવાનગી, સીલના નમુના સતાનું પ્ર માણપત્ર સાથે તથા પ્રશ્નોતરી સાથે ડી.એફ.એસ.એલ., ગાંધીનગર ખાતે ઓનલાઇન, ઓફલાઇન મોકલવામાં આવેલ. બાદ આ કામે પી એસ આઇ શ્રી રાણાવાવનાઓએ આ કામના આરોપી આફરીન અસગર કાદરી, રહે.રાણાવાવનાઓને હસ્તગત કરી સોંપતા આરોપીને અટક કરવાનો હોય, પં

ચનામા કરવા માટે બે સરકારી પંચો ફાળવવા સારૂ મામલતદાર કચેરી રાણાવાવને રીપોર્ટ કરતાં પંચ (૧) ઉમેશ ભીમાભાઇ હલીચા, નોકરી રાણાવાવ રહે.માધવપુર તથા (૨) જીતેન્દ્ર પ્રેમજી મકવાણા, નોકરી રાણાવાવનાઓનાઓને ફાળવતાં સદર પંચો રૂબરૂ આ કામના આરોપી આફરીન અસગર કાદરી,ઉ.વ.૨૪ રહે. રાણાવાવનાઓને પંચનામાની વિગતે અટક કરવામાં આવેલ અને પંચનામા દરમ્યાન આરોપીએ બનાવ સમયે પહેરેલ કપડા તથા ગુન્હોમાં વાપરેલ હથીયાર છરી તથા ગુન્હામાં ઉપયોગ લીધેલ મો.સા. હીરો સ્પ્લેન્ડર પ્લસ રજુ કરતો હોય જે પંચનામાની વિગતે પંચોની હાજરીમાં તપાસના કામે કબ્જ કરવામાં આવેલ સદર પંચનામુ તા.૯/૧૦/૨૩ ના રોજ ક.૨૦/૧૦ થી ૨૧ /૪૦ સુધી કરી તપાસના કામે સામેલ રાખેલ. સદર આરોપીને ઉપરોકત ગુન્હાના કામે અટક કર્યા અંગેની સ્ટેશન ડાયરીમાં નોંધ કરવા રાણાવાવ પી.એસ.ઓ.ને યાદી કરવામાં આવેલી. બાદ આરોપીનું તપાસના કામે નિવેદન લેવામાં આવેલ જેમાં આરોપીએ તા.૬/૧૦/૨૩ ના રોજ ફરીયાદીની ભોગબનનાર દિકરી સાથે શરીર સંબંધ બાંધવાનાં બદઈરાદે બે કોન્ડમના પેકેટ લઇ તથા પોતાની પાસે ગુન્હામાં ઉપયોગ લીધેલ છરી રાખી આશરે બપોરના સાડા ત્રણ વાગ્યે પોતાના હીરો સ્પ્લેન્ડર પ્લસ મો.સા. જી જે ૨૫ એ સી ૮૪૦૪ માં ફરીયાદીની ભોગબનનાર દિકરી તથા સહ ભોગબનનારને અપહરણ કરી લઇ જઇ છરી બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપી બનાવવાળી જગ્યાએ લઇ જઇ દુષ્કર્મ આચરેલ. ત્યારબાદ સહ ભોગબનનારને પોતે જે જગ્યાએ બેસાડેલ હોય ત્યાંથી ભાગી જઇ તેણીએ આજુબાજુના વાડી વિસ્તારમાં રહેતા લોકોની મદદ માગતા ભેગા કરેલ. બાદ આરોપી ભોગબનનાર દિકરીને પોતાની બાઇક ઉપર દુષ્કર્મ આચરીયા બાદ બેસાડી પરત લઇ જઇ રહેલ હોય ત્યારે સહ ભોગબનનાર તથા તેણીએ ભેગા કરેલ આજુબાજુનાં વાડી વિસ્તારના લોકોએ આરોપીનું મો.સા. રોકાવાની કોશિશ કરતાં આરોપીની મો.સા. પાછળ બેસેલ ફરીયાદીની ભોગબનનાર દિકરી કોઇ પણ રીતે મો.સા.માંથી ઉતરી ગયેલ

અને આરોપી ત્યાં થી નાશી છુટેલ. બાદ આરોપીએ રાણાવાવ બાયપાસ પર પહોંચી આ કામના સહ આરોપી અવેશ ઉર્ફે મામદ મહમદ હનીફ બાનવા, રહે.ખોજાવાડ, રાણાવાવ કે જે ભાડેથી રીક્ષા ચલાવે છે તેને ફોન કરી આરોપીએ પોતાની સામે બંને ભોગબનનાર પોલીસ ફરીયાદ કરશે તેમ કહી પોતાને ભગાડવામાં સહઆરોપી પાસે મદદ માંગતા સહઆરોપી અવેશ ઉર્ફે મામદ મહમદ હનીફ બાનવા પોતે જે ભાડે રીક્ષા ચલાવે છે તે લઇ રાણાવાવ બાયપાસ ખાતે આવેલ તથા તે બંને આરોપીઓ રાણાકં ડોરણા સુધી સાથે જઇ આરોપી આફરીને પોતાનું મો.સા. કોઇ અવારૂ જગ્યાએ મુકી દીધેલ બાદ ટેરી ગામવાળા રસ્તે થઇ ધોરાજી સુધી આ કામના સહઆરોપી આ કામના આરોપીને પોતાની રીક્ષામાં બેસાડી પોલીસની પકડમાં ન આવે એવા બદઈરાદે ભગાડવામાં મદદ કરેલી. તેમજ વિગેરે મુજબનું આરોપીનું નિવેદન નોંધી તપાસ અર્થે સામેલ રાખેલ. ત્યારબાદ આ કામે અટક કરેલ આરોપીનાં મેડીકલ તપાસણી કરી અભિપ્રાય આપવા તેમજ જરૂરી મેડીકલ નમુનાઓ તથા ડી.એન.એ સેમ્પલ માટે ફ્રેશ બ્લડ સેમ્પલ મેળવવાં માટે ઓન ડયુટી મેડીકલ ઓફીસરશ્રી સી એચ સી રાણાવાવનાઓને લેખિત રીપોર્ટ લખી પોલીસ પાર્ટી સાથે મેડીકલ તપાસણીની કાર્યવાહી કરવામાં આવેલ. બાદ આ કામે મેડીકલ ઓફીસર શ્રી સી એચ સી રાણાવાવનાઓ આરોપીની મેડીકલ તપાસણી કરી મેડીકલ નમુનાઓ તથા આરોપીના ડી.એન.એ સેમ્પલ માટે ફ્રેશ બ્લડ સેમ્પલનો નમુનો રાણાવાવ પો.સ્ટે.મા ફરજ બજાવતા પો.હેડ કોન્સ.વિજય નાગાભાઇ ભુતિયાનાઓ લાવી રજુ કરતાં હોય સદર નમુનાઓ કબ્જે કરવા સરકારી પં ચોની ફાળવણી કરવા માટે તાલુકા પંચાયત કચેરી, રાણાવાવનાઓને રીપોર્ટ કરતાં તેઓ દવારા બે સરકારી કર્મચારી જેમાં (૧) શરદભાઇ ચંદુભાઇ સાંબલ ે,નોકરી રાણાવાવ (૨) મનોજકુમાર મગનલાલ પંડયા, નોકરી રાણાવાવવાળાઓની ફાળવણી કરતાં સદર પંચો રૂબરૂ આરોપીના સદર મેડીકલ નમુનાઓ તથા ડી.એન.એ માટે ફ્રેશ બ્લડ સેમ્પલ પંચનામાની વિગતે તા.૧૦/૧૦/૨૩, ક. ૧૮/૧૫ થી ક.૧૮/૪૫ સુધી કબજે લઇ પં

ચનામુ તપાસના કામે સામેલ રાખેલ. બાદ આ કામે મેડીકલ ઓફીસર શ્રી સી એચ સી રાણાવાવનાઓએ ભરી આપેલ ઓળખ ફોર્મ( ડી.એન.એ સેમ્પલ) તથા આરોપીની મેડીકલ તપાસણીનો રીપોર્ટની નકલ તપાસ અર્થે મેળવી તપાસના કામે સામેલ રાખેલ. બાદ આ કામે કબ્જે કરેલ આરોપી આફરીન અસગર કાદરીના બનાવ સમયે પહેરેલ કપડા તથા આરોપીના મેડીકલ નમુનાઓ તથા ડી.એન.એ સેમ્પલ માટેનું ફ્રેશ બ્લડ સેમ્પલ વિગેરે મુદામાલના પૃથ્થકરણ સારૂ મુદામાલ રવાનગી, સીલના નમુના સતાનું પ્રમાણપત્ર સાથે તથા પ્રશ્નોતરી સાથે ડી.એફ.એસ.એલ., ગાંધીનગર ખાતે ઓનલાઇન, ઓફલાઇન મોકલવામાં આવેલ. બાદ આ કામે સહ આરોપી જે ભાડેથી રીક્ષા ચલાવે છે તે રીક્ષાના માલીક સાહેદનું વિશેષ નિવેદન લેવામાં આવેલ. બાદ આ કામના સહઆરોપી આવેશ ઉર્ફે મામદ મહમદ બાનવાનાઓએ આરોપી આફરીન અસગર કાદરીએ ગુન્હો કરેલ હોવાની પુરતી જાણકારી હોવા છતાં સદર આરોપી કઇ જગ્યાએ છ ેતે બાબતની માહીતી સહઆરોપીએ પોતે બદઈરાદાથી છુપાવી તથા આરોપી આફરીન અસગર કાદરીને ગુન્હો કર્યા બાદ નાસી જવામાં મદદગારી કરી કસુર કરેલ હોય જેથી આ ગુન્હામાં પોકસો એકટની કલમ-૧૬,૧૭,૧૯,૨૧ તથા આઈ.પી.સી.કલમ-૧૧૪ મુજબનો કલમ ઉમેરા થવા સારૂ માનનીય એડી.ડિસ્ટ્રી.જજ સાહેબનાઓની કોર્ટમાં રીપોર્ટ કરતા પોકસો એકટની કલમ-૧૯,૨૧ નો  કલમ ઉમેરો કરવા હુકમની નકલ મેળવી તપાસ અર્થે સામેલ રાખેલ. બાદ આ કામના સહઆરોપી અવેશ ઉર્ફે મામદ મહમદ હનીફ બાનવા, રહે.રાણાવાવનાઓને અટક કરવાના હોય. બે સરકારી પંચો ફાળવવા ફોરેસ્ટ ઓફીસર શ્રી રાણાવાવ રેન્જનાઓને રીપોર્ટ કરતાં તેઓ શ્રી દવારા બે સરકારી કર્મચારીઓ (૧) લખમણ ડાડુભાઇ બળીચાવદરા તથા (૨) દેવાભાઇ ભીમા ઓડેદરાનાઓની ફાળવણી કરતાં સદર પંચો રૂબરૂ આ ગુન્હાના સહ આરોપી  અવેશ ઉર્ફે મામદ મહમદ હનીફ બાનવા, રહે.રાણાવાવનાઓને અટક કરી તથા તેઓ દવારા ગુન્હામાં ઉપયોગ લીધેલ વાહન પ્યાગો રીક્ષા રજી.નં. જી જે ૨૫ યુ. ૬૪૮૮ રજુ કરતાં, સદર વાહન

તથા સહઆરોપી પંચનામાની વિગતે તા.૧૯/૧૦/૨૩ ના રોજ ક.૨૧/૩૦ થી ક.૨૨/૦૦ સુધી કરી પંચનામુ કામે સામેલ રાખેલ જે આરોપીને અટક કર્યા અંગેની સ્ટેશન ડાયરીમાં નોંધ કરવા રાણાવાવ પી.એસ.ઓને યાદી કરેલ બાદ આ કામે ફરીયાદીની ભોગબનનાર દિકરી તથા સહ ભોગબનનાર અને અગત્યના સાહેદો (૧) નાગાજણ ઉર્ફે નાગા કાના ખુંટી, રહે.રાણાવાવ(૨)અર્જુન હોથીભાઇ રાણાવાયા, (૩) દિવ્યેશ ઉર્ફે દિવલો લાલભાઇ મેઘનાથી, (૪) કિરીટભાઇ બટુકભાઇ વિશાણાનાઓના નિવેદનો લઇ તપાસના કામે સામેલ રાખેલ.
તેમજ સદર સાહેદોના સી.આર.પી.સી.-૧૬૪ મુજબના મેજી.રૂબરૂ નિવેદનો નોંધવા બાબતે ચીફ જયુ.મેજી.પોરબંદરને રીપોર્ટ કરવામાં આવેલ જે અનુસંધાને સદર સાહેદોના રાણાવાવ જયુ.મેજી.ફર્સ્ટ સાહેબના રૂબરૂ સી.આર.પી.સી.-૧૬૪ મુજબના નિવેદનો નોંધવા બાબતે કાર્યવાહી કરતા તેઓના નિવેદન નોંધવામાં આવેલા. જે અંગેની નકલો મેળવી તપાસ અર્થે સામેલ રાખેલ. બાદ આ કામે આરોપી આફરીન અસગર કાદરી તથા સહ આરોપી આવેશ ઉર્ફે મામદ બાનવા વિરૂધ્ધ અગાઉ દાખલ થયેલ ગુન્હાની માહીતી મેળવવા કાર્યવાહી કરતાં સદર આરોપી આફરીન અસગર કાદરી વિરૂધ્ધ અગાઉ કુલ-૩ ગુન્હા નોંધાયેલ હોય. જેની વિગત રાણાવાવ પો.સ્ટે. તરફથી મળી આવતાં તે રીપોર્ટ તથા એફ આઇ આરની નકલો તપાસ અર્થે સામેલ રાખેલ. બાદ આ કામે ફરીયાદીની ભોગબનનાર દિકરીનાઓનું ભાવસિંહજી હોસ્પીટલ પોરબંદર ખાતેથી મેડીકલ તપાસણી કર્યા અંગેનો મેડીકલ રીપોર્ટ આવેલ હોય જેને તપાસના કામે સામેલ રાખેલ. બાદ આ કામે ડી.એફ એસ એલ., ગાંધીનગર ખાતેથી આ ગુન્હાના કામે મોકલવામાં આવેલ મુદામાલ નો પરીક્ષાણ અહેવાલ પત્ર નં. ડી એફ એસ/ઇઇ/૨૦૨૩/ડી.એન.એ./૧૧૪૫ તા.૧૦/૧૧/૨૩ તથા પત્ર નં.ડી એફ એસ/ઇઇ/૨૦૨૩/ડી.એન.એ./૧૧૫૮ તા.૧૦/૧૧/૨૩ થી આવી જતાં તપાસના કામે સામેલ રાખેલ. બાદ આ કામે ફરીયાદીની ભોગબનનાર દિકરી તથા અન્ય ભોગબનનાર સગીર હોય બંનેના જન્મના આધાર

પુરાવાઓ મળવા અંગે કાર્યવાહી કરતાં જરૂરી આધાર પુરાવા મેળવી તપાસના કામે સામેલ રાખેલ. બાદ આ કામે બંને ભોગબનનારની જાતી અંગે ખરાઇ કરવા મામલતદાર શ્રી રાણાવાવને યાદી કરતાં તે અંગેના જરૂરી આધાર પુરાવાઓ તેઓ દવારા રજુ કરતા મેળવી તપાસના કામે સામેલ રાખેલ તેમજ આરોપીઓના જાતી અંગેના જરૂરી આધાર પુરાવા મેળવી તપાસના કામે સામેલ રાખેલ. આરોપીઓ વિરૂધ્ધ પુરાતો પુરાવો હોય નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરવામાં આવેલ.

આમ આ કામના ત.ક.અ.શ્રી ડી.વાય.એસ.પી. શ્રી સુરજીત મહેડુનાઓએ ૧૬ વર્ષથી નીચેની કિશોરી સાથે થયેલ બળાત્કારના કેસમાં ખુબ જ વ્યવસ્થીત અને ઝીણવટપૂર્વક તપાસ કરેલાનું માલુમ પડે છે અને તેમની તપાસ દરમ્યાન ભોગ બનનારના નિવેદન તથા સ્વતંત્ર સાહેદોના નિવેદન તથા ગુન્હાવાળી જગ્યાએથી કલેકટ કરેલ નમુનાઓને એફ.એસ.એલ. માં નિયમસર મોકલી તે સંબંધી એફ.એસ.એલ. રીપોર્ટ અને મેડીકલ એવીડન્સ જેવા કે ભોગ બનનાર તથા આરોપીની મેડીકલ તપાસણી સહીતના તમામ મુદ્દાઓને ખુબ જ સાવચેતીપુર્વક તપાસમાં ધ્યાને લઇ કરેલ તપાસ અને રજુ કરેલ ચાર્જશીટની કામગીરી નોંધપાત્ર રહેલી છે.

(૨૯.૯) ફરીયાદપક્ષે ડી.જી.પી.શ્રી એસ.બી. જેઠવા સાહેબે ફરીયાદી તથા રેપ વીકટીમ હોસ્ટાઇલ થયેલા હોય તો પણ જયારે અન્ય સ્વતંત્ર સાહેદો (નજરે જોનાર સાક્ષી), મેડીકલ એવીડન્સ તથા એફ.એસ.એલ. નો રીપોર્ટ જો ફરીયાદને સમર્થન કરતા હોય ત્યારે તે અદાલતે માનવો જોઇએ અને તેના આધારે સજા કરી શકાય તેવુ નામ. સુપ્રિમ કોર્ટે તેના ચુકાદામાં ઠરાવેલ છે તેના પર આધાર રાખે છે જે ચુકાદો નીચે મુજબ છે. જે નમ્રતાપુર્વક વંચાણે લીધો.

**2018 (0) AIJEL-SC 62808**

**SUPREME COURT OF INDIA**

**(FROM - GUJARAT HIGH COURT)**

**Hon'ble Judges: Ranjan Gogoi, Navin Sinha, Kuttiyil Mathew Joseph**

**Hemudan Nanbha Gadhvi Versus State Of Gujarat**

**6.** We have considered the submissions on behalf of the parties. The records have also been perused including necessary translations into English from vernacular language. PW-1 and PW-2 have acknowledged having gone to the hospital on the day of occurrence. PW-9, the doctor has confirmed the sexual assault made on PW-2. The F.I.R. lodged by PW-1 on the same day stands proved by PW-12 the police Sub-Inspector who stated that it was recorded by him exactly as dictated by the witness. He also proved having forwarded the prosecutrix for medical examination, the seizure of exhibits and sending the same to the FSL. The prosecutrix was also confronted under Section 145 of the Evidence Act with her statement under Section 161, Cr.P.C confirming the sexual assault on her after she turned hostile, contending that she had suffered injury in a fall. The nature of injuries on her person are well nigh impossible due to a fall. Any opinion of the doctor that such injury could be caused by a fall, does not establish the injury as due to fall, as a fact but remains a mere expression of an opinion.

**7.** The appellant was apprehended on suspicion along with another. The T.I.P. was held without delay on 22.02.2004. Exhibit P-38, the T.I.P. report bears the thumb impression of PW-2 who was accompanied by her mother. The T.I.P. report has been duly proved by PW-11. The appellant was identified by PW-2. There appears no substantive challenge to the T.I.P. Identification in the dock, generally speaking, is to be given primacy over identification in T.I.P, as the latter is considered to be corroborative evidence. But it cannot be generalized as a universal rule, that identification in T.I.P. cannot be looked into, in case of failure in dock identification. Much will depend on the facts of a case. If other corroborative evidence is available, identification in T.I.P. will assume relevance and will have to be considered cumulatively. In Prakash vs. State of Karnataka, (2014) 12 SCC 133 it was observed as follows :

> "16.. Even so, the failure of a victim or a witness to identify a suspect is not always fatal to the case of the prosecution. In Visveswaran v. State it was held:
>
> 11. . The identification of the accused either in a test identification parade or in court is not a sine qua non in every case if from the circumstances the guilt is otherwise established. Many a time, crimes are committed under the cover of darkness when none is able to identify the accused. The commission of a crime can be proved also by circumstantial evidence."

**8.** The family of the prosecutrix was poor. She was one of the five siblings. The assault upon her took place while she had taken the buffalos for grazing. Her deposition was recorded nearly six months after the occurrence. We find no infirmity in the reasoning of the High Court that it was sufficient time and opportunity for the accused to win over the prosecutrix and PW-1 by a settlement through coercion, intimidation, persuasion and undue influence. The mere fact

that PW-2 may have turned hostile, is not relevant and does not efface the evidence with regard to the sexual assault upon her and the identification of the appellant as the perpetrator. The observations with regard to hostile witnesses and the duty of the court in State vs. Sanjeev Nanda, 2012 (8) SCC 450 are also considered relevant in the present context:

> "101...if a witness becomes hostile to subvert the judicial process, the court shall not stand as a mute spectator and every effort should be made to bring home the truth. Criminal justice system cannot be overturned by those gullible witnesses who act under pressure, inducement or intimidation. Further, Section 193 IPC imposes punishment for giving false evidence but is seldom invoked."

**9.** A criminal trial is but a quest for truth. The nature of inquiry and evidence required will depend on the facts of each case. The presumption of innocence will have to be balanced with the rights of the victim, and above all the societal interest for preservation of the rule of law. Neither the accused nor the victim can be permitted to subvert a criminal trial by stating falsehood and resort to contrivances, so as to make it the theatre of the absurd. Dispensation of justice in a criminal trial is a serious matter and cannot be allowed to become a mockery by simply allowing prime prosecution witnesses to turn hostile as a ground for acquittal, as observed in Zahira Habibullah Sheikh vs. State of Gujarat, (2006) 3 SCC 374 and Mahila Vinod Kumari vs. State of Madhya Pradesh, (2008) 8 SCC 34. If the medical evidence had not confirmed sexual assault on the prosecutrix, the T.I.P. and identification therein were doubtful, corroborative evidence was not available, entirely different considerations may have arisen.

**11.** The corroboration of the identification in T.I.P is to be found in the medical report of the prosecutrix considered in conjunction with the semen found on the clothes of the prosecutrix and the appellant belonging to the Group B of the appellant. The vaginal smear and vaginal swab have also confirmed the presence of semen. A close analysis of the facts and circumstances of the case, and the nature of the evidence available unequivocally establishes the appellant as the perpetrator of sexual assault on the prosecutrix. The serologist report was an expert opinion under Section 45 of the Evidence Act,1872 and was therefore admissible in evidence without being marked an exhibit formally or having to be proved by oral evidence.

**12.** The contention on behalf of the appellant that the serological report was not put to him by the court under Section 313 Cr. P.C. and therefore, he has been prejudiced in his defence, has been raised for the first time before this court. The serological report being available, it was a failure on the part of the trial court to bring it to the attention of the appellant. The prosecution cannot be said to be guilty of not adducing or suppressing any evidence. In view of the nature of the evidence available in the present case, as discussed hereinbefore, we are of the opinion that no prejudice can be said to have been caused to the appellant for that

reason, as held in Nar Singh vs. State of Haryana, (2015) 1 SCC 496:

> "32..When there is omission to put material evidence to the accused in the course of examination under Section 313 CrPC, the prosecution is not guilty of not adducing or suppressing such evidence; it is only the failure on the part of the learned trial court. The victim of the offence or the accused should not suffer for laches or omission of the court. Criminal justice is not one-sided. It has many facets and we have to draw a balance between conflicting rights and duties.
>
> 33. Coming to the facts of this case, the FSL report (Ext. P-12) was relied upon both by the trial court as well as by the High Court. The objection as to the defective Section 313 CrPC statement has not been raised in the trial court or in the High Court and the omission to put the question under Section 313 CrPC, and prejudice caused to the accused is raised before this Court for the first time. It was brought to our notice that the appellant is in custody for about eight years. While the right of the accused to speedy trial is a valuable one, the Court has to subserve the interest of justice keeping in view the right of the victim's family and society at large."

**13.** The present was an appropriate case to direct the prosecution of the prosecutrix under Section 344 Cr.P.C alike Mahila Vinod Kumari (supra) for tendering false evidence. But considering that the prosecutrix was barely 9 years old on the date of occurrence, that the occurrence had taken place 14 long years ago, she may have since been married and settled to a new life, all of which may possibly be jeopardised, we refrain from directing her prosecution, which we were otherwise inclined to order.

ઉપરોકત કેસમાં નામ. સુપ્રિમ કોર્ટે ઠરાવેલ છે કે, બળાત્કારના આરોપીને તેટલા માત્રથી નિર્દોષ ઠરાવી છોડી શકાય નહી કે, ભોગ બનનાર અથવા મુખ્ય સાહેદો હોસ્ટાઈલ જાહેર થયેલ છે અને ભોગ બનનાર આરોપીને ન્યાયીક કાર્યવાહી દરમ્યાન ઓળખવામાં નિષ્ફળ જાય પરંતુ તેમ છતાં જો ફરીયાદપક્ષ તરફે આરોપીનો ગુન્હો પુરવાર કરવા માટે સ્વતંત્ર સાહેદો, મેડીકલ એવીડન્સ અને સાંયોગીક પુરાવો પુરતો હોય. સાથે સાથે નામ. સુપ્રિમ કોર્ટે એવુ પણ ઠરાવેલ છે કે, સત્ય શોધવુ એ  ફોજદારી ન્યાય પધ્ધતિ  છે. જયારે સાક્ષીઓને દબાણ, પ્રલોભન કે ભયથી જીતવાનો પ્રયત્ન કરવામાં આવતો હોય ત્યારે  અદાલત મુક સાક્ષી બની શકે નહીં. અને ટ્રાયલ કોર્ટે બળાત્કારના આરોપીને નિર્દોષ ઠરાવેલ તે ચુકાદો નામ. હાઈકોર્ટે ફેરવી અને આરોપીને સજા કરેલ તે સજાના હુકમને નામ. સુપ્રિમ કોર્ટે કાયમ રાખેલ. આમ ઉપરોકત ચુકદામાં ઠરાવેલ સિધ્ધાંતો ફરીયાદપક્ષના કેસને મદદરુપ થાય છે.

(૩૦) બચાવપક્ષે વિ.વ.શ્રી બી.બી. લાખાણીનાઓએ બચાવમાં નીચે મુજબના ચુકાદાઓ રજુ રાખેલ છે અને તેના પર તેઓ આધાર રાખે છે.

**૧. IN THE SUPREME COURT OF INDIA**

**CRIMINAL APPELLATE JURISDICTION**

**CRIMINAL APPEAL NO. 94 OF 2025**

**(Arising out of SLP (Crl.)NO. 11687 of 2019)**

**STATE (GNCT OF DELHI) APPELLANT(S)**

**VERSUS**

**VIPIN @LALLA RESPONDENT(S)**

10. Although it is absolutely true that in the case of rape, conviction can be made on the sole testimony of the prosecutrix as her evidence is in the nature of an injured witness which is given a very high value by the Courts. But nevertheless when a person can be convicted on the testimony of a single witness the Courts are bound to be very careful in examining such a witness and thus the testimony of such a witness must inspire confidence of the Court. The testimony of the prosecutrix in the present case thus has failed to inspire absolute confidence of the Trial Court, the High Court and this Court as well.

11. It is not believable that when the prosecutrix was caught by the accused who is known to the prosecutrix, she went with him quite a distance in the Bazaar and then to a shop, she never raised any alarm. The only reason she gave is that there was a knife with accused and he had threatened her that if she raises an alarm her brother and father would be killed.

12. In any case as we have already stated above that the testimony of the prosecutrix does not inspire confidence, under these circumstances, we are not inclined to interfere with the well considered order of the Trial Court and the High Court

બચાવપક્ષે ઉપરોકત જજમેન્ટનો આધાર ટાંકી એવો બચાવ લીધેલ છે કે, સાહેદોની જુબાનીમાં વિરોધાભાસ જણાય આવે છે અને ભોગ બનનારે અપહરણ સમયે કોઇ અવાજ કરેલ નથી. અને જેથી આરોપીને તેનો લાભ મળવો જોઇએ પરંતુ અત્રે એ નોંધવુ જરુરી છે કે, ભોગ બનનાર (એ) તેમની આં ક–૩૪ થી જે જુબાની આપેલ છે તેમાં કોઇ વિરોધાભાસ દેખાતો નથી. હાલના કેસમાં અપહરણ સમયે કોઇ અવાજ કરેલ નહી તેવુ એટલા માટે બનેલ કે, આરોપી નં. ૧ આફરીન ભોગ બનનારના મહોલ્લામાં રહે છે અને ભોગ બનનાર તેને

ઓળખતા હતાં બનાવ સમયે આરોપીએ ભોગ બનનાર પાસે આવી એવુ જણાવેલ કે તેની મા બીમાર છે તેને જામનગર હોસ્પીટલ લઇ ગયેલ છે જેથી તમે ચાલો તેવુ જણાવતા તેની વાત સાચી માની લીધેલ અને ભોગ બનનારની મા બનાવ સમયે બીમાર હતાં તેવુ મૌખિક પુરાવામાં રેકર્ડ પર આવેલ છે. પરંતુ જયારે ભોગ બનનારને આરોપીએ જામનગરવાળા રસ્તે ન લઇ જતા જંગલવાળા રસ્તે લઇ ગયેલ ત્યારે ભોગ બનનારે આરોપીને એવુ કહેલ કે આ કયાં રસ્તે તમે લઇ જાવ છો તેવુ કહેતા આરોપીએ તેના નેફામાંથી ચાકુ કાઢી અને ભોગ બનનારના પેટ ઉપર રાખી દીધેલ અને કહેલ કે, ચુપ રહેજો નહી તો જાનથી મારી નાખીશ જેથી સુમસામ રસ્તા પર ભોગ બનનાર પાસે ચુપ રહેવાસિવાય કોઇ વિકલ્પ બચેલ નહી અને ભોગ બનનાર(એ) ને આરોપીએ જયાં ઉતારી અને ભોગ બનનાર (ટી) ને પુલ નીચે લઇને ગયેલ ત્યારે ભોગ બનનાર(એ) એ ત્યાંથી ભાગીને સાહેદ નાગાજણભાઇની વાડીએ નજીકમાં હોય ત્યાં પહોંચી ગયેલ અને સમગ્ર હકીકત સાહેદ નાગાજણભાઇને જણાવેલ. આમ ભોગ બનનાર(એ) નો મૌખિક પુરાવો ઉપરોકત સંજોગોમાં કુદરતી ક્રમમાં છે અને જેથી આરોપી તરફે ઉપરોકત બચાવ માનવા યોગ્ય નથી અને જેથી ઉપરોકત ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંત આરોપીના કેસને મદદરુપ થતા નથી.

**૨. 2019 (0) AIJEL-SC 73166**

**SUPREME COURT OF INDIA**

**(FROM - HYDERABAD HIGH COURT)**

**Hon'ble Judges: Deepak Gupta, Surya Kant**

**Narra Peddi Raju Versus State Of Andhra Pradesh Now State Of Telangana**

**5.** After being declared hostile, she was again cross-examined by the prosecution. The main suggestion put to her was that she has been won over by the accused. The husband of the victim appearing as PW2 also did not support the case of the prosecution. According to him, his wife did not inform about any rape committed with her. The Trial Court virtually convicted the accused relying upon the statements recorded under Sections 154 and 161 of the Code of Criminal Procedure, 1973 (CrPC) and totally bypassing the statements made on oath in the Court. It is the statement made on oath in the Court which has to be the foundation of conviction. The conviction of an accused cannot be based on a statement of the witnesses recorded under Section 161, CrPC or even under Section 154, CrPC especially when the witnesses resile from their earlier statements while appearing in the Court and make a completely different statement in the Court.

**6.** No doubt, it is true that conviction in a case of rape can be based on the sole testimony of the prosecutrix. However, there is one caveat, which is, that the statement should inspire confidence. This is a case of victim who is blowing hot and cold and changing her stand from time to time. Such a witness cannot be

classified as a trustworthy witness and therefore based on her statement alone it would not be proper to convict the accused. As already stated above, even the husband has not supported the victim. In view of the above, we allow the appeal and set aside the judgments of both the Courts below and acquit the accused.

બચાવપક્ષ ઉપરોકત ચુકાદો ટાંકી એવો બચાવ લે છે કે, ભોગ બનનારની જુબાની વિશ્વાસપાત્ર નથી પરંતુ ચુકાદામાં પુરાવાના મુલ્યાંકન સમયે ભોગ બનનારની જુબાનીને અન્ય નજરે જોનાર સાહેદની જુબાનીથી સમર્થન મળે છે તથા મેડીકલ રીપોર્ટ અને એફ.એસ.એલ. રીપોર્ટ પણ સમર્થન કરે છે તેવુ વિસ્તૃત ચર્ચાના અંતે આ અદાલત તેવા તારણ પર આવેલ છે કે, ભોગ બનનારની જુબાની વિશ્વાસપાત્ર અને માનવા યોગ્ય છે જેથી પણ હાલનો ચુકાદો આરોપીને મદદરૂપ થાય તેમ નથી.

**2023 (0) AIJEL-SC 72718**

**SUPREME COURT OF INDIA**

**(FROM - PUNJAB & HARYANA HIGH COURT)**

**Hon'ble Judges: Sanjay Kishan Kaul, C.T.Ravikumar, Sudhanshu Dhulia**

**Manak Chand @ Mani Versus State Of Haryana**

11. Under these facts, and on the weight of the evidence placed before the Trial Court, we are of the considered opinion that as regarding the age of the prosecutrix, no definite conclusion could have been made. The prosecution has not successfully proved that the prosecutrix was less than sixteen years of age at the time of the alleged commission of the crime, and therefore the benefit ought to have been given to the appellant. Secondly, as to the factum of rape itself, we are not convinced that an offence of rape is made out in this case as it does not meet the ingredients of Rape as defined under Section 375 of the IPC, as we do not find any evidence which may suggest that the appellant, even though had sexual intercourse with the prosecutrix, it was against her will or without her consent.

બચાવપક્ષો ઉપરોકત ચુકાદો ટાંકી એવો બચાવ લીધેલ છે કે, બળાત્કાર પુરવાર થયેલ નથી. પરંતુ પુરાવાના મુલ્યાંકનમાં ચર્ચા કર્યા મુજબ ભોગ બનનાર (ટી) સાથે આરોપી નં. ૧ એ બળાત્કાર કરેલ છે તે હકીકત ભોગ બનનાર (એ) ની આંક–૩૪ ની જુબાની તથા નજરે જોનાર અન્ય સાહેદો નાગાજણભાઇ કાનાભાઇ ખુંટી આંક–૧૧૩ અર્જુનભાઇ હોથીભાઇ રાણાવાયા આંક–૧૧૫, કિરીટભાઇ બટુકભાઇ વિસાણા આંક–૧૨૨ દિવ્યેશભાઇ લાલગરભાઇ મેઘનાથી આંક–૧૨૪ નાઓની મૌખિક જુબાની, મેડીકલ રીપોર્ટ તથા એફ.એસ.એલ. રીપોર્ટ આં

ક–૮૫ તથા આંક–૯૦ ના દસ્તાવેજી પુરાવાથી પુરવાર થાય છે.

**૪. 2025 (0) AIJEL-HC 251560**

**GUJARAT HIGH COURT**

**Hon'ble Judges: A.Y.Kogje, Samir J.Dave**

**State Of Gujarat Versus Rakesh @ Manoj Harishchandra Mishra**

9. PW No.4, Exh. 39 is the victim. The victim initially did not support the case of the prosecution and was therefore declared as a hostile witness. However, after being declared a hostile witness, the victim has stated some facts that support the case of the prosecution that can be taken into consideration provided the testimony is reliable. However, it appears that the testimony of the victim is inconsistent. For instance, she admits that she went to school for her examinations but states that she does not remember that she went to the S.T.D. booth to make a phone call and that the accused was present there and he asked her to run away with him and that he will make her happy in life and if she does not come with him, he will hurt her. She denies that she got scared upon hearing this. Further, she also denies the fact that the accused forcibly made her sit in a rickshaw and that the accused made her smell something against her will. Then, she admits the fact that when she regained consciousness she was at Sai Baba Temple at Shirdi. Further, she states that they stayed at Holiday Hotel in Shirdi and the accused did inappropriate acts with her. However, she denies the fact that she was taken to a hotel in Nasik and Satvik Guest House. She admits that the accused did inappropriate acts with her but denies the fact that the accused took her to the hospital when she fell ill. Further, she admits that the accused took her and sold the gold chain and earrings but states that she does not know for what amount it was sold. Upon looking at the entire deposition of this witness it appears that the victim admits the facts that are in her favour and states that she does not know or does not remember the facts that appear to not be in her favour.

13. P.W. No.6-Dr. Bhairvi Balvant Pandey, Exh.42 is the medical officer who examined the victim. She has stated in her deposition that there were no external injuries or stains of blood or semen on the clothes of the victim. Further, her urine pregnancy test was positive and her sonography was conducted by Dr. Digish Vaghela which showed a 8 week viable gestation. However, she has stated that the victim was not referred for a DNA test though the pregnancy test was positive. Hence, the omission to conduct such a DNA test significantly weakens the case of the prosecution.

15. P.W. No.8-Dr. Alpesh Zaverchand Shah, Exh.49 is the medical officer who examined the accused. He has stated in his deposition that the accused had well developed secondary characteristics and that the accused was

capable of performing sexual intercourse. However, there were no external injuries or stains of blood or semen on the body, clothes or genitals of the victim.

બનાવ સમયે ભોગ બનનાર(ટી) એ કોઈ પ્રતિકાર કરેલ નથી કે તેને ઈજા થયેલ નથી તેવો બચાવ લેવામાં આવેલ છે. પરંતુ હાલના કેસમાં તેવુ કહી શકાય નહીં કારણ કે ભોગ બનનાર(ટી) ની ઉંમર બનાવ સમયે ૧૪ વર્ષ ૦૯ મહીના અને ૧૪ દિવસની હતી અને જેથી સોળ વર્ષથી નીચેની સગીર વયની કિશોરી સાથે આરોપી નં. ૧નાએ શારીરીક સબંધ તેની સંમતીથી બાંધેલ તેવુ કહી શકાય નહી કારણ કે ભારતીય દંડ સંહીતાની કલમ–૩૭૫ ની છઠ્ઠી સમજુતીમાં ૧૬ વર્ષથી નીચેની સગીર કીશોરીની સંમતીથી કે સંમતી વગર શરીર સંબઘ બાંધવામાં આવે તો તેને બળાત્કારનો ગુન્હો કરેલ હોવાનું કહેવાય જેથી હાલનો બચાવ પણ આરોપીને મદદરુપ થાય તેમ નથી.

**૫. 2025 (0) AIJEL-HC 251473**

**GUJARAT HIGH COURT**

**Hon'ble Judges: Vimal K.Vyas**

**Jayrajsinh Ramsung Jadeja Versus State Of Gujarat**

37. The prosecution has produced the panchnama of the place of incident at Exh.34. It reveals from the said panchnama that the alleged offence took place at the farm of the accused. However, considering the panchnama, it appears that there is no any permanent structure or house in the farm as referred to by the victim in her evidence. According to the prosecution, the victim and the accused spent three consecutive days and nights from 28.12.2022 to 31.12.2022 during the chilled winter at the farm amongst the bushes. However, except one blanket, the Investigating Officer has not found any evidence therefrom which suggests that both the victim and the accused had spent three consecutive days and nights there. It is also significant to note that one Asapura Petrol-pump is located on the road just opposite to the farm of the accused. Nevertheless, the police made no attempts to collect any CCTV footage from the surrounding area to the said petrol-pump.

41. In the instant case, the evidence of the victim, if read as a whole along with the medical and the forensic evidence, as well as considering the conduct of the victim, the same does not inspire confidence. Further, the sequence of events put forward by the prosecution and the evidence produced in that regard also raises significant doubt about the story narrated by the prosecution.

ઉપરોકત ચુકાદો ટાંકી બચાવપક્ષે એવો બચાવ લીધેલ

છે કે, સીસીટીવી ફુટેજ મેળવવામાં આવેલ નથી જેથી શંકા ઉભી થાય છે. પરંતુ આ અદાલત વિનમ્રપણે એવુ માને છે કે, સીસીટીવી ફુટેજ એ સહાયક પુરાવો છે હાલના કેસમાં ભોગ બનનાર(એ) પોતે નજરે જોનાર સાક્ષી છે તથા અન્ય નજરે જોનાર સાક્ષીએ ફરીયાદ હકીકતને સમર્થન કરેલ છે અને ક્રિ.પ્રો. કોડ કલમ–૧૬૪ મુજબ જે નિવેદન લેવામાં આવેલ છે તેને પણ સ્વતંત્ર સાહેદો તથા ભોગ બનનાર (એ) સમર્થન કરે છે. આરોપી નં. ૧ ભોગ બનનારાઓના મહોલ્લાનો રહેવાસી છે જેથી બચાવપક્ષે ઓળખ બાબતે કોઈ તકરાર લીધેલ નથી. તે સંજોગોમાં જયારે સ્વતંત્ર સાહેદો સાથે મેડીકલ એવીડન્સ અને એફ.એસ.એલ. ના રીપોર્ટ ભોગ બનનારની સાથે આરોપી નં. ૧ નાએ બળાત્કાર કરેલ તેવુ પુરવાર થતુ હોય ત્યારે સીસીટીવી ફુટેજનો પુરાવો ગૌણ બની જાય છે અને જેથી પણ ઉપરોકત બચાવ આરોપીના કિસ્સામાં મદદરુપ થતા નથી.

**૬. 2025 (0) AIJEL-SC 76265**

**SUPREME COURT OF INDIA**

**(FROM - GUJARAT HIGH COURT)**

**Hon'ble Judges: Sanjay Karol, Vipul M.Pancholi**

**Jayantibhai Chaturbhai Patel Versus State Of Gujarat**

17. PW-7, Dr. Vinod Kavjibhai Varsat, the doctor who had examined the victim, has also stated that the victim did not have any marks of injury on her breast and hands. However, she had an abrasion of size of 1cm x 3cm on the left side of her neck, caused by a nail. Another abrasion of the size of 1x1.3 cm was also found at a distance of 2 cm from the main line of neck. The said doctor, further, stated that there were no injuries on her private part or in her inner portion. On performing medical examination no sign of pubic hair, semen or blood were found. Presence of semen was not found on the part of her vagina. He further deposed that there appeared to be no injury around her private parts internal portion or external portion. During cross examination, the said witness stated that it is true that on examining the patient, no sign of having physical intercourse in the recent time has appeared. At the same time, the said witness also stated that no sign except marks of abrasion on the neck have appeared.

**૭. 2024 (0) AIJEL-SC 73372**

**SUPREME COURT OF INDIA**

**(FROM - MADRAS HIGH COURT)**

**Hon'ble Judges: Dipankar Datta, K.V.Viswanathan, Sandeep Mehta**

**Nirmal Premkumar Versus State Rep.By Inspector Of Police**

21. Taking a close look at the overall picture, the inference which could

reasonably be drawn is that the prosecution's case has been marked by lacklustre efforts, revealing a poorly executed endeavour that gives rise to substantial doubts regarding the integrity of the case. The material contradictions apparent in the depositions of prosecution witnesses, including the victim, significantly undermine the credibility of the prosecution version. These inconsistencies in the prosecution's narrative, render it considerably doubtful. On the face of such evident discrepancies, recording conviction becomes untenable, as the foundation of the case crumbles under the weight of doubt. While we might have chosen to overlook other contradictions and solely relied on the victim's account, considering her as a 'sterling witness', her version appears muddled and prevaricated, much less coherent. It is precisely these inconsistencies and contradictions, which are material, that compel us to reject the case set up by the prosecution before the Special Court with which the High Court concurred adopting a flawed approach.

ઉપરોકત બન્ને ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંતો પણ બચાવપક્ષના કેસને મદદરુપ થતા નથી તેવુ ઉપર વિશદ ચર્ચાના અંતે આ અદાલતનું માનવુ છે.

(૩૧) આમ ફરીયાદપક્ષે રજુ થયેલ આંક–૪૫ વાળી ફરીયાદને ભોગ બનનાર(એ)એ આપેલ આંક–૩૪ ની જુબાનીથી સમર્થન મળે છે કે જે પોતે નજરે જોનાર તથા ભોગ બનનાર સાક્ષી છે. ત્યારબાદ નજરે જોનાર સાક્ષી નાગાજણભાઇ કાનાભાઇ ખુંટી આંક–૧૧૩, સાહેદ અર્જુનભાઇ હોથીયાભાઇ રાણાવાયા આંક–૧૧૫, સાહેદ કીરીટભાઇ બટુકભાઇ વિસાણા આંક–૧૨૨ તથા સાહેદ દિવ્યેશભાઇ લાલગરભાઇ મેઘનાથીની આંક–૧૨૪ ની જુબાનીથી આંક–૩૪ વાળી ફરીયાદ હકીકતને સંપુર્ણ સમર્થન મળે છે. આમ ઉપરોકત તમામ સાહેદો કે જે નજરે જોનાર સાક્ષીઓ છે તેઓએ ક્રિ.પ્ર ો. કોડ કલમ–૧૬૪ મુજબ મેજીસ્ટ્રેટ સાહેબ સમક્ષ નિવેદન નોંધાવેલ

તે નિવેદનો પણ ઉપર ચર્ચા કર્યા મુજબ ફરીયાદ હકીકતને સમર્થન કરે છે. સાથે સાથે અત્રે એ નોંધવુ આવશ્યક જણાય છે કે, ઉપરોકત ગુન્હાના કામે ન્યાયીક પ્રક્રિયા દરમ્યાન મેડીકલ ઓફીસર ડો. નયનભાઈ રાજેશભાઈ કરમટાને આંક–૯૫ થી તપાસવામાં આવેલા છે કે જેઓ બળાત્કારનો ભોગ બનનાર(ટી) મુખ્ય વીકટીમને તપાસેલા તેઓ સમક્ષ ભોગ બનનારે તેની હીસ્ટ્રી આપેલ છે જે મેડીકલ ઓફીસરની જુબાનીની ઉપર ચર્ચા કરવામાં આવેલ છે તેમાં અક્ષરસ: દર્શાવેલ છે તે વંચાણે લેતા પણ આંક–૪૫ વાળી ફરીયાદ હકીકતને સંપુર્ણ સમર્થન મળે છે અને ભોગ બનનાર(ટી) સાથે રેપ થયેલાની હકીકતને મેડીકલ ઓફીસર સમર્થન આપે છે અને ભોગ બનનારનું હાઈમેન તુટેલુ હતુ તથા પ્રાયવેટ પાર્ટમાંથી બ્લીડીંગ થતુ હતું અંદરના કપડા અને જીન્સ પર લોહીના ડાઘા હતાં તે હકીકતને પણ સમર્થન આપે છે અને તેઓ સ્પષ્ટ જણાવે છે કે, મે ભોગ બનનારની કરેલ મેડીકલ તપાસણી તથા લીધેલ સેમ્પલો મુજબ ભોગ બનનાર સાથે સંભોગની શકયતા નકારી શકાય નહી તેવુ સ્પષ્ટ જણાવે છે. આમ આંક–૪૫ વાળી ફરીયાદ હકીકતને મેડીકલ ઓફીસરની ઉપરોકત જુબાની વંચાણે લેતા પણ સંપુર્ણ સમર્થન મળે છે. આ સાથે એ નોંધવુ પણ અતી આવશ્યક જણાય છે કે, ઉપરોકત ગુન્હાના ત.ક.અ.શ્રીએ બળાત્કારનો બનાવ જે સ્થળે બનેલો તે ઘટના સ્થળેથી પંચો રુબરુ માટી તથા પાંદડા તથા કોન્ડોમ કબજે લીધેલા અને જે એફ.એસ.એલ. ના અધિકારીના સુચન મુજબ હતાં તે તમામ ડી.એન.એ. પરીક્ષણ કરાવવામાં આવેલ તે પરીક્ષણ આંક–૮૫ નો ફોરેન્સીક રીપોર્ટ વંચાણે લેતા ચ્યુંઈગમ તથા કોન્ડોમની બહારની બાજુએથી પ્યુબીક હેર અને વજાયનાનું સ્વેબ, ટોપ, પેન્ટ અને નિકર ઉપરથી જે સ્ટેન મળી આવેલ તે ભોગ બનનાર(ટી) (જેની સાથે રેપ થયાનો આક્ષેપ છે તે) ના બ્લડ તે ડી.એન.એ. સ્ટેન મેચ થાય છે. તેવો ફોરેન્સીક સાયન્સનો એફ.એસ.એલ. નો સ્પષ્ટ અભિપ્રાય છે.

તેમજ આંક–૯૦ નો ફોરેન્સીક રીપોર્ટ વંચાણે લેતા ગુન્હાવાળી જગ્યાએથી મળી આવેલ કોન્ડોમની અંદરના ભાગેથી તથા માટી પરથી જે વિર્ય અને ડી.એન.એ. સ્ટેન મળી આવેલ તે આફરીન અસગર કાદરીના છે તેવો એફ.એસ.એલ. નો સ્પષ્ટ અભિપ્રાય છે. આમ એફ.એસ.એલ. ના પરીક્ષણ રીપોર્ટ પરથી પણ આ કામના આરોપી આફરીન અસગર કાદરીએ મુખ્ય ભોગ બનનાર (રેપ વીકટીમ) સાથે બળાત્કાર કરેલાની હકીકતને સમર્થન મળે છે. આમ ઉપરોકત નજરે જોનાર સાહેદ તથા મેડીકલ એવીડન્સ તથા એફ.એસ.એલ. નો રીપોર્ટ જયારે ફરીયાદ હકીકતને સમર્થનકર્તા હોય ત્યારે રેપ વીકટીમે મેજીસ્ટ્રેટ સાહેબશ્રી સમક્ષ ક્રિ.પ્રો. કોડ કલમ–૧૬૪ મુજબનું નિવેદન આપેલ તે આ કામે આંક–૪૩ થી રજુ છે જે વંચાણે લેતા આંક–૪૫ વાળી ફરીયાદને સંપુર્ણ સમર્થન મળે છે અને તબકકે આંક–૪૩ વાળુ નિવેદન પણ મહત્વનો પુરાવો બની જાય છે. આમ ઉપરોકત ચર્ચા કર્યા મુજબ રેપ વીકટીમ, ફરીયાદી તથા તેની માતાએ તેઓની જુબાનીમાં હોસ્ટાઈલ થઈ જવા છતાં ફરીયાદપક્ષે ઉપરોકત મૌખિક તથા દસ્તાવેજી પુરાવાથી આંક–૪૫ વાળી ફરીયાદ સાબીત કરવા માટે આપેલ પુરાવો વિશ્વસનીય, આધારભુત તથા માનવાયોગ્ય છે.

(૩૨) આમ ફરીયાદપક્ષે નીચેની બાબતો વિશ્વસનીય, આધારભુત અને માનવા યોગ્ય પુરાવાથી નિ:શંકપણે પુરવાર કરવામાં સફળ થયેલ છે.

૧. ફરીયાદ આંક–૪૫

૨. ભોગ બનનાર(ટી) (રેપ વીકટીમ) ની ઉંમર બનાવ સમયે ૧૪ વર્ષ ૦૯ માસ અને ૧૪ દિવસની હતી. જયારે અન્ય ભોગ બનનાર(એ)ની ઉં

મર ૧૪ વર્ષ અને ૦૫ માસની હતી.

૩. ભોગ બનનારના મેડીકલ નમુના કબજે કર્યાનું પંચનામું આંક–૬૪

૪. ભોગ બનનારના કપડા કબજે કર્યાનું પંચનામુ આંક–૬૫

૫. બનાવવાળી જગ્યાનું પંચનામુ તથા નકશો આંક–૬૬

૬. એફ.એસ.એલ. ધ્વારા સ્થળ પરીક્ષણ અહેવાલ આંક–૬૮

૭. અપહરણવાળી બનાવવાળી જગ્યાનું પંચનામુ આંક–૬૯

૮. ભોગ બનનારનું ડી.એન.એ. સેમ્પલ કબજે લીધાનું પંચનામુ આંક–૭૦

૯. આરોપીનું અટક પંચનામુ આંક–૭૩

૧૦. આરોપીના મેડીકલ નમુના તથા ડી.એન.એ. સેમ્પલ કબજે કર્યાનું પંચનામુ આંક–૭૬

૧૧. ફોરેન્સીક એકઝામીનેશન રીપોર્ટ આંક–૮૫

૧૨. ફોરેન્સીક એકઝામીનેશન રીપોર્ટ આંક–૯૦

૧૩. રેપ વીકટીમે જે હીસ્ટ્રી આપેલ તે એમ.એલ.સી. નં. પર૬ આંક–૯૭

૧૪. આરોપી આફરીન કાદરીએ આપેલ હીસ્ટ્રી એમ.એલ.સી. નં. પર૯ આંક–૧૦૩

૧૫. ભોગ બનનારના અનુ. જાતિના પ્રમાણપત્રો આંક–૧૩૬ તથા આંક–૧૩૭

૧૬. આરોપી નં. ૧ આફરીન કાદરીની ઓળખ

(૩૩) આ કામે આરોપી નં. ૨ અવેશ ઉર્ફે મામદ મહંમદ હનીફ બનવા સામે આરોપી નં. ૧ ને પોતાના હસ્તકની પ્યાગો રીક્ષા રજી. નં. જીજે–૨૫–યુ–૬૪૮૮ માં બેસાડી ધોરાજી સુધી મુકી આવી આરોપી નં. ૧ નાએ ગુન્હો કરેલ હોવાની પુરતી જાણકારી હોવા છતાં અને તે કઈ જગ્યાએ છે તે બાબતની માહીતી આરોપી નં. ૨ નાએ ઈરાદાપુર્વક છુપાવેલ તે આક્ષેપ ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી. જેથી આરોપી નં. ૨ સામે પોકસો એકટની કલમ–૧૯ તથા ૨૧ મુજબનો ગુન્હો સાબીત થતો ન હોય તેને નિર્દોષ ઠરાવવાનું વ્યાજબી જણાય છે.

(૩૪) આમ ફરીયાદપક્ષ આંક–૨૯ નો આક્ષેપિત તહોમત આરોપી નં. ૧ સામે પુરવાર કરવામાં સફળ થયેલ છે ત્યારે આ કામે સાહેદ નં. ૨ તરીકે તપાસવામાં આવેલ ભોગ બનનાર (ટી) આંક–૪૧, સાહેદ નં. ૩ તરીકે ધીરુભાઈ બાબુભાઈ સાદીયા (ફરીયાદી) આંક–૪૪ તથા સાહેદ નં. ૪ તરીકે નીતાબેન ધીરુભાઈ સાદીયા (ભોગ બનનારની માતા) આંક–૪૬ થી તેમની જુબાનીમાં આંક–૪૫ વાળી ફરીયાદ હકીકતને તથા તેઓએ કોર્ટ સમક્ષ આપેલ ક્રિ.પ્રો. કોડ કલમ–૧૬૪ ના નિવેદનને તેમની જુબાનીની સમર્થન કરતા નથી જેથી ફરીયાદપક્ષે તેઓને હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે અને આમ સમગ્ર ફરીયાદપક્ષનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો વંચાણે લેતા ઉપરોકત સાહેદોએ જાણી બુજીને અથવા ઈરાદાપુર્વક ખોટો પુરાવો અદાલત સમક્ષ સોગંદ પર આપેલાનું પણ પુરવાર થાય છે. અને

જેથી ઉપરોકત સાહેદો સામે ક્રિ.પ્રો. કોડ, ૧૯૭૩ ની કલમ–૩૪૪ મુજબ ખોટો પુરાવો આપવા માટે શિક્ષાત્મક સમરી કાર્યવાહી કરવાનું વ્યાજબી તથા ન્યાયોચિત જણાય છે. આમ ઉપરોકત સમગ્ર ચર્ચાએ આ કામે ફરીયાદપક્ષે આરોપી નં. ૧ વિરુધ્ધના આક્ષેપોને નિ:શંકપણે પુરવાર કરેલ છે. બનાવ સમયે આ કામના ભોગ બનનાર સગીર વયની બાળકી હતી તેવી હકીકત પણ પુરવાર થાય છે.

(૩૫) આ તબકકે પોકસો એકટની કલમ–૨૯ તથા કલમ–૩૦ ની જોગવાઈ ધ્યાને લેવી જરુરી જણાય છે જે નીચે મુજબ છે.

***Section 29. Presumption as to certain offences.***

***Where a person is prosecuted for committing or abetting or attempting to commit any offence under sections 3, 5, 7 and section 9 of this Act, the Special Court shall presume, that such person has committed or abetted or attempted to commit the offence, as the case may be unless the contrary is proved.***

***Section* 30**. **Presumption of culpable mental state.**—(1) In any prosecution for any offence under this Act which requires a culpable mental state on the part of the accused, the Special Court shall presume the 13 existence of such mental state but it shall be a defence for the accused to prove the fact that he had no such mental state with respect to the act charged as an offence in that prosecution.

(2) For the purposes of this section, a fact is said to be proved only when the Special Court believes it to exist beyond reasonable doubt

and not merely when its existence is established by a preponderance of probability.

Explanation.—In this section, "culpable mental state" includes intention, motive, knowledge of a fact and the belief in, or reason to believe, a fact

(૩૬) ઉપરોકત જોગવાઇ ધ્યાને લેતા હાલના કેસમાં ફરીયાદપક્ષ ધ્વારા આરોપી નં. ૧ વિરુધ્ધનો કેસ પુરવાર કરેલ છે. ફરીયાદપક્ષના મુળભુત કેસની હકીકતો પુરવાર થયેલ છે. આરોપી નં. ૧ તરફે તેનાથી વિરુધ્ધની કોઇ હકીકતો રેકર્ડ ઉપર પુરવાર કરેલ નથી. તેવા સંજોગોમાં કલમ–૨૯ નું અનુમાન ફરીયાદપક્ષના લાભમાં કરવાનું થાય છે.આમ આ કામે ઉપરોકત સમગ્ર ચર્ચા અનુસાર આરોપીએ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૭૬(૨)(જે), ૩૭૬(૩), ૩૬૩, ૩૬૬, ૫૦૬(૨), તથા એટ્રોસીટી એકટની કલમ–૩(૧) (ડબલ્યુ) (૧), ૩(૧) (ડબલ્યુ) (૨), ૩(૨)(૫–એ), ૩(૨)(૫) તથા પોકસો એકટ કલમ–૪,૬, ૮ તથા જીપીએકટ કલમ–૧૩૫ મુજબ આરોપી સામે આંક–૨૯ થી જે તહોમતનામુ ફરમાવવામાં આવેલ છે તે તહોમતનામા મુજબનો ગુન્હો ફરીયાદપક્ષ શંકાથી પર રહીને હાથ પરના કેસમાં સાબીત કરે છે તેમ હુ માનુ છે અને જેથી **મુદા નં. ૨ થી ૫ નો જવાબ અંશત: હકારમા આપવામાં આવે છે.**

(૩૭) ઉપરોકત ચર્ચા કર્યા મુજબ આરોપી વિરુધ્ધના ગુન્હા પુરવાર થતા હોય જેથી આરોપીને તકસીરવાન ઠરાવવામાં આવે છે અને નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>: હુકમ :</u>**

૧. આરોપી નં. (૧) આફરીન અસગર કાદરી ને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫(૨) હેઠળ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૬(૨)(જે), ૩૭૬(૩), ૩૬૩, ૩૬૬, ૫૦૬(૨), તથા એટ્રોસીટી એકટની કલમ–૩(૧) (ડબલ્યુ) (૧), ૩(૧) (ડબલ્યુ) (૨), ૩(૨)(૫–એ), ૩(૨)(૫) તથા જી.પી. એકટની કલમ–૧૩૫ તેમજ પોકસો એકટ કલમ–૪,૬, ૮ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવવામાં આવે છે.

૨. આરોપી નં. ૧ ને સજા અંગે સાંભળવા માટે રાખવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા. ૦૧ માહે મે સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તા. ૦૧/૦૫/૨૦૨૬
સ્થળ : પોરબંદર.

(પી. એચ. શર્મા)
સ્પે. જજ (પોકસો)અને
એડીશ્નલ સેસન્શ જજ,
પોરબંદર.
GJ00701

(૩૮) આરોપી નં. ૧ ને તકસીરવાન ઠરાવતા સજાના મુદ્દે બચાવપક્ષના વિ.વ. શ્રી એન. જે. જાડેજાએ તેમની મૌખિક દલીલમાં એવુ જણાવેલ છે કે, આરોપી પરણીત છે, બાલબચ્ચા છે. ઘરમાં એકમાત્ર કમાનાર વ્યકિત  છે. નાની ઉંમરના છે અને ઘરની એકમાત્ર જવાબદારી આરોપી પર છે જેથી ઓછામાં ઓછી સજા કરવા અરજ છે. ફરીયાદપક્ષે વિ. ડી.જી.પી. શ્રી એસ. બી. જેઠવા તેમની મૌખિક દલીલમાં જણાવે છે કે, એક વાર જયારે નામ. કોર્ટે જે કલમો સાબીત માનેલ હોય તેમાં જે જોગવાઇ હોય તે મુજબ સજા કરવા વિનંતી કરે છે.

(૩૯) આ કામે સજાના મુદ્દે આરોપી નં. ૧ ના વિ.વ.શ્રી બી. બી. લાખાણી તથા ફરીયાદપક્ષે વિ. ડી.જી.પી. શ્રી એસ.બી. જેઠવા સાંભળ્યા. ફરીયાદપક્ષે ભારતીય દંડ સંહીતાની કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(જે), ૩૭૬(૩), ૫૦૬(૨) તેમજ જી.પી. એકટની કલમ–૧૩૫ તથા પોકસો એકટની કલમ–૪, ૬, ૮ અને એટ્રોસીટી એકટની કલમ–૩(૧) (ડબલ્યુ) (૧), ૩(૧) (ડબલ્યુ) (૨), ૩(૨)(૫–એ), ૩(૨)(૫) મુજબના શિક્ષાને પાત્ર ગુન્હા પુરવાર થયેલ છે. આમ જયારે આરોપી નં. ૧ સામે ગંભીર પ્રકારનો ગુન્હો જેવો કે, ફરીયાદીની દિકરી ભોગ બનનાર(ટી) કે જે અનુ. જીતની હોવાનું જાણવા છતાં તેને  ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી ભોગ બનનાર દિકરી કે જેની ઉંમર ૧૪ વર્ષ ૦૯ માસ અને ૧૪ દિવસની હતી તેને લોભ, લાલચ અને પ્રલોભન આપી  ભગાડી લઈ જઈ અને તેની સાથે તેની મરજી વિરુધ્ધ બળજબરી પુર્વક શરીર સબંધ બાંધેલ છે તે એક ગંભીર બાબત છે. ધારાસભાએ ઉપરોકત ગુન્હામાં જેમાં ભોગ બનનારની ૧૬ વર્ષથી નીચેની હોય તે સંજોગોમાં ૨૦ વર્ષથી ઓછી નહી

અને આજીવન કેદની સજાની જોગવાઈ કરેલ છે અને આજીવન કેદ એટલ ` કે વ્યકિતના જીવનના અંતીમ શ્વાસ સુધીની સજાની જોગવાઈ ધારાસભાએ ઉપરોકત પ્રોવીઝનમાં કરેલ છે. વધુમાં આરોપી સામે આક્ષેપિત એટ્રોસીટી એકટની કલમ–૩(૨)(૫) ના ગુન્હામાં પણ આરોપી સામે આક્ષેપિત અન્ય ગુનાની સજાની જોગવાઈને ધ્યાને લેતા આજીવન કેદની સજાની જોગવાઈ રહેલ છે. ધારાસભા ઉપરોકત પ્રોવીઝનની રચના પાછળ ૧૬ વર્ષથી નાની ઉંમરની બાળકીના જીવન અને તેના શીલ અને ચારીત્રની સુરક્ષા બાબતે ગંભીર છે જેથી જયારે હાલના કેસમાં ભોગ બનનાર બાળકીની ઉંમર ૧૪ વર્ષ ૦૯ માસ અને ૧૪ દિવસની હોય ત્યારે તેવા આરોપીને સજામાં કોઈપણ પ્રકારે ઓછી સજા કરવાનું વ્યાજબી, ન્યાયી અને ઉચિત જણાતુ નથી અને જેથી કાયદાના પ્રોવીઝન મુજબ જે મહત્તમ સજા એટલે કે, આજીવન કેદની સજા કરવાનું આ કોર્ટને વ્યાજબી, ન્યાયી અને ઉચિત માને છે અને જેથી સાંપ્રત સમાજમાં સગીર બાળકી સાથે થતા જઘન્ય અપરાધ રોકવા માટે દાખલો બેસાડી શકાય અને જેથી તે મુજબ હુકમ કરવામા આવે છે.

(૪૦) આ તબકકે પોકસો કલમ–૪૨ ધ્યાને લેવી જરુરી જણાય છે. જેની જોગવાઇ નીચે મુજબ છે.

**"42. Where an act or omission constitutes an offence punishable under this Act and also under sections 166A, 354A, 354B, 354C, 3540, 370, 370A, 375, 376, 376A, 376C, 3760, 376E or section 509 of the Indian Penal Code, then, notwithstanding anything contained in any law for the time being in force, the offender found guilty of such**

**offence shall be liable to punishment under this Act or under the Indian Penal Code as provides for punishment which is greater in degree."**

(૪૧) ઉપરોકત જોગવાઇ જોતા હાલના કેસમાં આરોપીને ભારતીય દંડ સંહીતાની કલમ- ૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(જે), ૩૭૬(૩), ૫૦૬(૨) તેમજ જી.પી. એકટની કલમ-૧૩૫ તથા પોકસો એકટની કલમ-૪, ૬, ૮ અને એટ્રોસીટી એકટની કલમ-૩(૧) (ડબલ્યુ) (૧), ૩(૧) (ડબલ્યુ) (૨), ૩(૨)(૫-એ), ૩(૨)(૫) મુજબ પણ આરોપીને તેની સામેનો ગુન્હો સાબીત થયાનું અને તકસીરવાન ઠરાવેલ છે અને તે રીતે આઇ.પી.સી. કલમ-૩૭૬(૨)(જે), ૩૭૬(૩) ના ગુન્હા સબબ નવા સુધારા પ્રમાણે કરવામાં આવેલ સજા અંગેની જોગવાઇ ધ્યાને લઇએ તો તેમાં ઓછામાં ઓછી ૧૦ વર્ષની અને મહત્તમ આજીવન કેદની સખત કેદની સજાની જેમાં આજીવન કેદની આરોપીના કુદરતી મૃત્યુ ન થાય ત્યાં સુધી ગણવાની જોગવાઇ છે અને દંડની જોગવાઇ છે. જયારે જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ, ૨૦૧૨ની કલમ-૪ એકટની કલમ-૪ માં જો બનાવ સમયે ભોગ બનનાર ૧૬ વર્ષથી ઓછી ઉંમરની હોવાનું સાબીત થાય ત્યારે ઓછામાં ઓછી ૨૦ વર્ષની સખત કેદ અને દંડની જોગવાઇ કરવામાં આવેલ છે. વધુમાં આરોપી સામે આક્ષેપિત એટ્રોસીટી એકટની કલમ-૩(૨)(૫) ના ગુન્હામાં પણ આરોપી સામે આક્ષેપિત અન્ય ગુનાની સજાની જોગવાઈને ધ્યાને લેતા આજીવન કેદની સજાની જોગવાઈ રહેલ છે. આ કામે ઉપરોકત જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ, ૨૦૧૨ની કલમના સજાના સંદર્ભમાં અને સરકારી વ.શ્રીની રજુઆત તથા કાયદાકીય જોગવાઇ મુજબ આરોપીને આઇ.પી.સી. કલમ-

૩૭૬(૨)(જે), ૩૭૬(૩) તથા એટ્રોસીટી એકટની કલમ–૩(૨)(૫–એ), ૩(૨)(૫) મુજબ અલગ સજા ન કરી પરંતુ તેની સામે પોકસો એકટની કલમ–૪, ૬, ૮ મુજબનો ગુન્હો સાબીત થયેલાનું કોર્ટે ઠરાવેલ છે ત્યારે તે મુજબ તે ગુનામાં સજા કરવાનું ઠરાવુ છું.

**ભોગ બનનારને કમ્પેન્સેશન**

(૭૨) હાલના કેસમાં બન્ને ભોગ બનનાર એક ૧૪ વર્ષની નાની બાળકી બનાવ સમયે હતી. ભોગ બનનારને આ બનાવ થકી શારીરીક અને માનસીક આઘાત તથા ઈજા પહોંચેલ હોય તે સ્વાભાવિક છે. ગુજરાત સરકારની વિકટીમ કોમ્પેન્સેશન સ્કીમ, ૨૦૧૯ ધ્યાને લેતા આ પ્રકારના કિસ્સામાં ભોગ બનનારને વળતર ચુકવવાની જોગવાઈ કરવામાં આવેલ છે. ગુનાની ગંભીરતા ધ્યાને લેતા તથા ભોગ બનનારની કુમળી વયની ઉંમરને ધ્યાને લેતા સદર વિકટીમ કોમ્પેન્સેશન સ્કીમ અન્વયે જણાવવામાં આવેલ અને જોગવાઈ કરવામાં આવેલ રકમ મુજબ ભોગ બનનારને વળતર ચુકવવાનું થાય છે. જે મુજબ રેપના કિસ્સામાં ભોગ બનનારને ઓછામાં ઓછી રકમ રુપિયા ચાર લાખ અને મહત્તમ રુપિયા સાત લાખ અને જો ભોગ બનનાર સગીર વયની હોય તો જોગવાઈ મુજબની રકમ કરતા ૫૦ % રકમ વધારે આપવાની જોગવાઈ છે. હાલના કેસમાં ભોગ બનનાર ૧૪ વર્ષની નાની બાળકી છે અને ભોગ બનનાર વિરુધ્ધ આરોપીએ રેપ કર્યા અંગેનો ગુનો સાબીત થયેલ છે. જેથી દરેક ભોગ બનનારને ગુજરાત વિકટીમ કોમ્પેન્સેશન સ્કીમ અન્વયે રુપિયા ૪,૦૦,૦૦૦ (અંકે રુપિયા ચાર લાખ પુરા) જેમાં વચગાળાના વળતરની રકમ અગાઉ ચુકવેલ હોય તો તે રકમ બાદ થયા પછીથી બાકી રહેતી રકમ ભોગ બનનારને ગુજરાત વિકટીમ કોમ્પેન્સેશન સ્કીમ અન્વયે વળતર તરીકે ચુકવવામાં આવે તો તે યોગ્ય જણાય છે.

(૪૩) આરોપી નં. ૧ ને આ કેસમાં તકસીરવાન ઠરાવવામાં આવેલ હોય સજા અંગે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**: હુ ક મ :**

**૧)** આ કામના આરોપી નં. ૧ આફરીન અસગર કાદરીને રાણાવાવ ગુ.ર.નં.પાર્ટ એ–૧૧૨૧૮૦૧૫૨૩૦૫૯૭/૨૦૨૫ થી ભારતીય દંડ સં હિતાની કલમ–૩૭૬(૨)(જે), ૩૭૬(૩), ૩૬૩, ૩૬૬, ૫૦૬(૨), તથા એટ્રોસીટી એકટની કલમ–૩(૧) (ડબલ્યુ) (૧), ૩(૧) (ડબલ્યુ) (૨), ૩(૨)(૫–એ), ૩(૨)(૫) તથા જી.પી. એકટની કલમ–૧૩૫ પોકસો એકટ કલમ–૪,૬, ૮ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવવામાં આવે છે.

**૨)** આ કામના આરોપી નં. ૧ ને ભારતીય દંડ સંહીતાની કલમ–૩૬૩ મુજબના ગુના સબબ ૦૩ વર્ષની (ત્રણ) વર્ષની સખત કેદની સજા ફરમાવવામાં આવે છે અને રૂ ૨,૦૦૦/– (અંકે રૂપિયા બે હજાર પુરા) દંડ કરવામાં આવે છે અને જો દંડ ન ભરે તો વધુ ૦૬ (છ) માસની સખત કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

**૩)** આ કામના આરોપી નં. ૧ ને ભારતીય દંડ સંહીતાની કલમ–૩૬૬ મુજબના ગુના સબબ ૦૫ (પાંચ) વર્ષની સખત કેદની સજા ફરમાવવામાં આવે છે અને રૂ ૨,૦૦૦/– (અંકે રૂપિયા બે હજાર પુરા) દંડ કરવામાં આવે છે અને જો દંડ ન ભરે તો વધુ ૦૧(એક) વર્ષની સખત કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

**૪)** આ કામના આરોપી નં. ૧ ને જાતીય ગુનાઓથી બાળકોના

રક્ષણ બાબતના અધિનિયમ, ૨૦૧૨ની કલમ–૪ મુજબના ગુના અન્વયે આજીવન કેદની એટલે કે આરોપીના જીવનના અંતીમ શ્વાસ સુધીની કેદની સજા ફરમાવવામાં આવે છે અને રૂ. ૧,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા એક લાખ પુરા) દંડ કરવામાં આવે છે.

૫) આ કામના આરોપીનં. ૧ ને જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ, ૨૦૧૨ની કલમ–૬ મુજબના ગુના અન્વયે ૨૦(વીસ) વર્ષની સખત કેદની સજા ફરમાવવામાં આવે છે અને રૂ. ૨૦,૦૦૦/– (અંકે રૂપિયા વીસ હજાર પુરા) દંડ કરવામાં આવે છે.

૬) આ કામના આરોપી નં. ૧ ને જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ, ૨૦૧૨ની કલમ–૮ મુજબના ગુના સબબ ૦૫ (પાંચ) વર્ષની સખત કેદની સજા ફરમાવવામાં આવે છે અને રૂ.૫૦૦/– (અંકે રૂપિયા પાંચસો પુરા) દંડ કરવામાં આવે છે અને જો દંડ ન ભરે તો વધુ ૦૧ (એક) વર્ષની સખત કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે. દંડની રકમ ભોગ બનનારને ચુકવવી.

૭) આ કામના આરોપી નં. ૧ ને ભારતીય દંડ સંહીતાની કલમ–૫૦૬(૨) મુજબના ગુના સબબ ૦૭ (સાત) વર્ષની સખત કેદની સજા ફરમાવવામાં આવે છે અને રૂ.૧૦૦૦/– (અંકે રૂપિયા એક હજાર પુરા) દંડ કરવામાં આવે છે અને જો દંડ ન ભરે તો વધુ ૦૧ (એક) વર્ષની સખત કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે. દંડની રકમ ભોગ બનનારને ચુકવવી.

૮) આ કામના આરોપીનં. ૧ ને એટ્રોસીટી એકટની કલમ–૩(૧)(ડબલ્યુ)(૧) મુજબના ગુના સબબ ૦૫ (પાંચ) વર્ષની સખત કેદની સજા ફરમાવવામાં આવે છે અને રૂ. ૫૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) દંડ

કરવામાં આવે છે અને જો દંડ ન ભરે તો વધુ ૦૧ (એક) વર્ષની સખત કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

**૯)** આ કામના આરોપી નં. ૧ ને એટ્રોસીટી એકટની કલમ–૩(૧)(ડબલ્યુ)(૨) મુજબના ગુના સબબ ૦૫ (પાંચ) વર્ષની સખત કેદની સજા ફરમાવવામાં આવે છે અને રૂ. ૫૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) દંડ કરવામાં આવે છે અને જો દંડ ન ભરે તો વધુ ૦૧ (એક) વર્ષની સખત કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

**૧૦)** આ કામના આરોપી નં. ૧ ને જી.પી. એકટની કલમ–૧૩૫ મુજબના ગુના અન્વયે ૦૬ (છ ) માસની સખત કેદની સજા ફરમાવવામાં આવે છે અને રૂ ૫૦૦/– (અંકે રૂપિયા પાંચસો પુરા) દંડ કરવામાં આવે છે અને જો દંડ ન ભરે તો વધુ ૦૧ (એક) માસની સખત કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

**૧૧ )** આ કામના આરોપી નં. ૧ ને ભારતીય દંડ સંહીતાની કલમ–૩૭૬(૨)(જે), ૩૭૬(૩) તથા એટ્રોસીટી એકટની કલમ–૩(૨)(૫–એ), ૩(૨)(૫) મુજબના ગુના સબબ અલગથી કોઇ સજા કરવામાં આવતી નથી.

**૧૨)** આ કામના આરોપી ૨ અવેશ ઉર્ફે મામદ મહંમદ હનીફ બાનવાને તેમની સામે આક્ષેપિત ભારતીય દંડ સંહીતાની કલમ–૩૭૬(૨)(જે), ૩૭૬(૩), ૩૬૩, ૩૬૬, ૫૦૬(૨), તથા એટ્રોસીટી એકટની કલમ–૩(૧) (ડબલ્યુ) (૧), ૩(૧) (ડબલ્યુ) (૨), ૩(૨)(૫–એ), ૩(૨)(૫) તથા પોકસો એકટ કલમ–૪,૬, ૮, ૧૯, ૨૧ તથા જીપીએકટ કલમ–૧૩૫ મુજબના ગુન્હામાંથી ક્રિ.પ્રો.કોડ ની કલમ ૨૩૫(૧) અન્વયે નિર્દોષ ઠરાવી છોડી મુકવા આથી હુકમ કરવામાં આવે છે.

**૧૩)** બી.એન.એસ.એસ. ની કલમ–૪૬૭ મુજબ આરોપી નં. ૧ નાએ ઉપરોકત તમામ સજા એક સાથે ભોગવવાની રહેશે.

**૧૪)** બી.એન.એસ.એસ.ની કલમ–૪૬૮ ની જોગવાઇ મુજબ આરોપીને ભોગવેલ સજા મજરે આપવી.

**૧૫)** આ કામે મુદ્દામાલ પાવતીની વિગતે કબજે કરવામાં આવેલ બીન કિંમતી મુદ્દામાલનો અપીલ સમય બાદ નિયમ મુજબ નાશ કરવો અને જો અપીલ થાય તો અપીલ કોર્ટના હુકમ મુજબ નિકાલ કરવો. આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ વાહનો અન્વયે અગાઉ જો કોઇ વચગાળાનો હુકમ થયેલ હોય તો તે કાયમ કરવામાં આવે છે અન્યથા મુદ્દામાલ વાહનની અપીલ સમય વિત્યા બાદ યોગ્ય ઇન્કવાયરી કરીને મુળ માલીકને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

**૧૬)** બી.એન.એસ.એસ.ની કલમ–૪૦૪ ની જોગવાઇ અન્વયે આરોપી નં. ૧ ને આ ચુકાદાની સર્ટીફાઇડ નકલ વિનામુલ્યે તાત્કાલીક આપવી.

**૧૭)** આરોપી નં. ૧ નાએ દંડની રકમ જમાં કરાવે તેમાંથી રુ ૧,૦૦,૦૦૦/– (અંકે રુપિયા એક લાખ પુરા) ભોગ બનનાર(એ) ને ચુકવી આપવા.

**૧૮)** બી.એન.એસ.એસ.ની કલમ–૪૦૬ ની જોગવાઇ અન્વયે આ ચુકાદાની એક નકલ ડીસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટ, પોરબંદરને મોકલી આપવી.

**૧૯)** આ કામના ભોગ બનનાર(ટી), ફરીયાદી તથા તેમના પત્ની એટલે કે ભોગ બનનાર(ટી) ના માતા સામે ક્રિ.પ્રો. કોડ, ૧૯૭૩ ની

કલમ–૩૭૪ મુજબની કાર્યવાહી કરવાનો હુકમ કરવામાં આવે છે.

**૨૦)** આ ચુકાદાની એક નકલ ડીસ્ટ્રીકટ લીગલ સર્વિસ ઓથોરીટી, પોરબંદરને, ભોગ બનનારને વળતર ચુકવવા માટે મોકલી આપવી.

**૨૧)** ક્રિ.પ્રો.કોડ ની કલમ ૪૩૭(એ) અન્વયે જો આરોપી નં. ૨ સામે નામદાર હાઈકોર્ટ ખાતે અપીલ થાય તો અપીલના કામે હાજર રહેવા માટે દરેક આરોપીના રૂા.૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દશ હજાર પુરા)ના જાત જામીન તથા તેટલી જ રકમના સધ્ધર જામીન છ માસ માટે આરોપીએ આપવાનો આથી હુકમ કરવામાં આવે છે.

**૨૨)** ક્રિમીનલ મેન્યુઅલની જોગવાઇ મુજબ આરોપી નં. ૧ ના નામનું સજા વોરંટ ઇસ્યુ કરવુ.

આ હુકમ આજરોજ તા. ૦૧ માહે મે સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તા. ૦૧/૦૫/૨૦૨૬
સ્થળ : પોરબંદર.

(પી. એચ. શર્મા)
સ્પે. જજ (પોકસો)અને
એડીશ્નલ સેસન્શ જજ,
પોરબંદર.
GJ00701